اَسۡمَآءُ الۡحُسۡنٰی

وَلِلّٰهِ الۡاَ سۡمَاءُ الۡحُسۡنٰی فَادۡعُوۡهُ بِهَا

''અને અલ્લાહના જ માટે છે ખૂબસૂરત તથા હસીન નામ,
એટલા માટે તમો એના વસીલાથી એને દુઆ કરો.''

–(સૂ. અઅ્રાફ, આયત : ૧૮૦)

અલ્લાહનાં મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૨૮ આવૃત્તિ–૨ પ્રત : ૩૫૦૦

૧૮–મુહર્રમુલહરામ હિ.સ. ૧૪૩૮ ઓકટો.–૨૦૧૬

noorani art Mob. 9427464411

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રશંસાના પુષ્પો | 04 |
| પ્રાસ્તાવિક વાત... | 07 |
| પ્રકાશના બે બોલ... | 10 |
| અલ્લાહ | 18 |
| અર્રહ્‌માનુર્રહ઼ીમ | 21 |
| અલ્ મલિક | 24 |
| અલ્ કુદ્દુસ્ | 25 |
| અસ્સલામ્ | 26 |
| અલ્ મુઅ્‌મિન્ | 27 |
| અલ્ મુહય્‌મિન્ | 28 |
| અલ્ અઝીઝ | 29 |
| અલ્ જબ્બાર | 31 |
| અલ્ મુતકબ્બિર | 31 |
| અલ્ ખાલિક઼-અલ્ બારી | |
| અલ્ મુસવ્વિર | 32 |
| અલ્ ગફ્ફાર | 35 |
| અલ્ ક઼હ્‌હાર | 37 |
| અલ્ વહ્‌હાબ | 39 |
| અર્રઝ્ઝાક઼ | 40 |
| અલ્ ફત્તાહ઼ | 42 |
| અલ્ અલીમ | 43 |
| અલ્ ક઼ાબિઝ | |
| અલ્ બાસિત | 45 |
| અલ્ ખાફિદ઼ | |
| અર્રાફિઅ્ | 46 |
| અલ્ મુઈઝ્ઝુ | |
| અલ્ મુઝિલ્લુ | 47 |
| અસ્સમીઅ્ | 49 |
| અલ્ બસ઼ીર | 50 |
| અલ્હ઼કમ | 51 |
| અલ્ અ઼દ્‌લ | 52 |
| અલ્ લતીફ઼ | 54 |
| અલ્ ખબીર | 56 |
| અલ્ હ઼લીમ | 57 |
| અલ્ અ઼ઝીમ | 59 |
| અલ્ગ઼ફૂર | 60 |
| અશ્શકૂર | 61 |
| અલ્અ઼લિય્યુ | 62 |
| અલ્કબીર | 64 |
| અલ્ હ઼ફીઝ | 65 |
| અલ્ મુક઼ીત | 66 |
| અલ્ હ઼સીબ | 67 |
| અલ્ જલીલ | 68 |
| અલ્ કરીમ | 69 |
| અર્રક઼ીબ | 70 |
| અલ્ મુજીબ | 71 |
| અલ્ વાસિઅ્ | 72 |
| અલ્ હ઼કીમ | 73 |
| અલ્ વદૂદ | 74 |
| અલ્ મજીદ | 76 |
| અલ્ બાઈષ | 77 |
| અશ્શહીદ | 78 |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અલ્ હક્ક઼ | 79 |
| અલ્ વકીલ | 81 |
| અલ્ ક઼વિય્યુ | |
| અલ્ મતીન | 82 |
| અલ્ વલીય્યુ | 83 |
| અલ્ હ઼મીદ | 84 |
| અલ્ મુહસિય્યુ | 85 |
| અલ્ મુબ્દી | |
| અલ્ મુઈદ | 86 |
| અલ્ મુહ઼ યી | |
| અલ્ મુમીતુ | 87 |
| અલ્ હ઼ય્યુ | 89 |
| અલ્ ક઼ૈયૂમ | 90 |
| અલ્ વાજિદુ | 91 |
| અલ્ માજિદ | 92 |
| અલ્ વાહિદ | 93 |
| અલ્ અહદ | 95 |
| અસ્સ઼મદ | 96 |
| અલ્ ક઼ાદિર | |
| અલ્ મુક઼તદિર | 97 |
| અલ્ મુક઼દ્દિમ | |
| અલ્ મુઅખ્ખિર | 98 |
| અલ્ અવ્વલ | |
| અલ્ આખિર | 99 |
| અઝ્ઝાહિર | |
| અલ્બાતિન | 101 |
| અલ્ વાલિયુ | 104 |
| અલ્ મુતઆ઼લી | 104 |
| અલ્ બર્રુ | |
| અલ્ મુહ઼સિન | 105 |
| અત્તવ્વાબુ | 106 |
| અલ્ મુન્તક઼િમ | 107 |
| અલ્ અફુવ્વુ | 108 |
| અર્રઊફ | 108 |
| માલિકુલ્ મુલ્ક | 109 |
| ઝુલ્જલાલિ વલ્ઈકરામ | 110 |
| અલ્ મુક઼સિત | 111 |
| અલ્ જામિઅ઼ | 112 |
| અલ્ ગ઼નિય્યુ | |
| અલ્ મુગ઼ની | 113 |
| અલ્માનિઅ઼ | 114 |
| અદ઼દ઼ારુ-અન્નાફિઅ઼ | 115 |
| અન્નૂર | 116 |
| અલ્ હાદી | 117 |
| અલ્ બદીઅ઼ | 118 |
| અલ્ બાક઼ી | 120 |
| અલ્ વારિષ | 121 |
| અર્રશીદ | 122 |
| અસ્સ઼બૂર | 122 |
| ઈસ્મે આ’ઝમ | 125 |

# તકરીઝે જમીલ

## (પ્રશંસાના પુષ્પો)

મુફક્કિરે ઈસ્લામ, રહનુમાએ અહલે સુન્નત, ખતીબે આ'ઝમ

**હઝરત અલ્લામા ક઼મરુઝ઼ઝમાં**

**આ'ઝમી મિસ્બાહી** دامت برکاتہ الحسنہ

---

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**اَلْحَمْدُ لِلّٰهِ وَ كَفٰى وَ سَلَامٌ عَلٰى عِبَادِهِ الَّذِيْنَ اصْطَفٰى**

બિહમ્દિહી તઆલા આ વરસે બારગાહે ખૈરુલ અનામ علیہ الصلوٰۃ والسلام માં હાજરીના હેતુથી મદીના તયબહ હાજર થયો અને અસીમ ફયૂઝો તથા બરકતોથી માલામાલ થયો, એ અસીમ બરકતોમાં હઝરત અલ્લામા ઈફતેખાર અહમદ મિસ્બાહીની કિતાબ **'અસ્માઉલ હુસ્ના'**ની ઝિયારત પણ સામેલ છે. એક લાંબા અરસા પછી અલ્લામા ઈફતેખાર અહમદ મિસ્બાહીથી મારી મુલાકાત થોડાક વરસો પહેલાં લેડી સ્મિથ સાઉથ આફ્રિકામાં દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝના દસ્તારબંદીના મોક઼ા પર થઈ તો મેં એમની જાતમાં એક આશ્ચર્યજનક પણ અતિશય

ખુશગવાર તબદીલીનો અનુભવ કર્યો, અને તે એ કે એમનો ઝુકાવ તસવ્વુફ તથા અમલી રીત તથા ઝિક્રો અઝકારની કષરતની તરફ હતો. તેહક઼ીક઼ તથા સંપાદન અને ક઼લમ તથા ખડીયા સાથે તઅલ્લુક રાખનારા લોકો "ક઼ાલ"ની મંઝિલથી "હ઼ાલ"ની તરફ બહુ ઓછા વળે છે, પણ મૌલાના પોતાના સમકાલિનોમાં આ હેષિયતથી અનોખા જોવા મળે છે. યક઼ીનન ! આ તબદીલીમાં મદીના તયબહનો મહત્વનો રોલ છે, અને હવે એમની કૃતિ **'અસ્માઉલ હુસ્ના'** જોઈને મને મારા અનુભવો તથા એહસાસોની સચ્ચાઈનું યક઼ીન થઈ ગયું છે.

અલ્લાહ તબારક વ તઆલા ﷻ નાં **'અસ્માઉલ હુસ્ના'**નો વિર્દ સર્વ સૂફિયાએ કિરામ તથા ઉમ્મતના સાલેહ લોકોના નિયમો (રોજનીશી)માં રહ્યો છે, પરંતુ એ બાજુ ઓછુ ધ્યાન કરવામાં આવ્યું કે અરબી ભાષાથી નાવાકેફ હઝરાત અસ્માએ હુસ્નાના અર્થોના ખત્મ ન થનાર કૈફ (લિજ્જત) તથા હુસ્ને સરમદી (સદાની ખૂબસૂરતી)થી ફૈઝયાબ થઈ શકે, જેના પરિણામે અર્થ તથા ભાવાર્થથી નાવાકેફ લોકો ઝિક્ર તો કરે છે અને એની બરકતોથી ફૈઝયાબ પણ થાય છે, તેમજ સવાબ પણ હાંસલ કરે છે, પણ તે રૂહાની લિજ્જતથી ફૈઝયાબ નથી થઈ શક્તા જે અર્થો તથા ભાવાર્થોને સમજ્યા બાદ હાંસલ થાય છે.

અલ્લામા ઈફતેખાર અહમદ મિસ્બાહીએ આ મહત્વની જરૂરતને પૂર્ણ કરી આપી છે. હવે જે લોકો આ કિતાબનો અભ્યાસ કરશે તેઓ **'અસ્માઉલ હુસ્ના'**ના ઝિક્રની સદા રહેનારી લિજ્જત (કૈફે સરમદી)થી ફૈઝયાબ થશે.

અલ્લામા ઈફતેખાર અહમદ મિસ્બાહીએ આ કિતાબમાં **'અસ્માઉલ હુસ્ના'**ના અર્થો તથા ભાવાર્થોની સ્પષ્ટતા સાથે દર્સ તથા સબક઼ અને ફાયદાઓ તથા ખાસિયતોના ટાઈટલો હેઠળ કિતાબના ફાયદાઓમાં વધારો કરી આપ્યો છે. એક દિલચશ્પ નિસ્બત એ છે કે દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝ જે અવલિયાએ કિરામનાં કામો તથા ખયાલો તથા માન્યતાઓનું પ્રતિનિધિત્વ કરે છે, એ જ ઈદારાના પ્રચારનો એક મહત્વનો હિસ્સો આ કિતાબ પણ બની રહી છે. મને મજબૂત ઉમ્મીદ છે કે આ કિતાબ આમ તથા ખાસ દરેક વર્ગના લોકોમાં એક સરખી ક઼બૂલિયતનો શરફ હાંસલ કરશે.

**فجزاه الله خير الجزاء، اٰمِيۡنَ بِجَاهِ حَبِيۡبِهٖ سَيِّدِ الۡمُرۡسَلِيۡنَ**
**صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡهِ وَسَلَّمَ**

**ખાકસાર : મુહમ્મદ ક઼મરુઝ્ઝમાં આ'ઝમી,**
નઝીલે મદીના મનુવ્વરા
૧૯–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૧, તા. ૩–૮–૨૦૧૦

# પ્રારંભિક વાત...

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

الحمد للّٰہ رب العالمین والصلاۃ والسلام علی سیدنا وشفیعنا ونبینا محمد صلی اللّٰہ تعالٰی علیہ وسلم وعلی آلہ وصحبہ أجمعین۔

''અસ્માએ હુસ્ના''ના વિષય પર અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)ની એક મોટી સંખ્યાએ કલમ ઉઠાવી છે, અને ''અસ્માએ હુસ્ના''ની સ્પષ્ટતા તથા ખુલાસાના બારામાં ઘણી કોશિશ તથા મહેનત કરી છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અસ્માએ હુસ્નાના ભાવાર્થો વર્ણન કરવાની જે કોશિશ કરી છે તે ખરેખર દાદને પાત્ર છે, પણ એમની સ્પષ્ટતાઓમાં ખાસિયતોનો ઝિક્ર નામ પૂરતો છે. અલ્લામા નબહાનીએ ''સઆદતુ દારૈન''માં અસ્માએ હુસ્નાના અર્થો તથા ભાવાર્થો, તેનાથી મળનારા દર્સો તથા ખાસિયતો તેમજ ફાયદાઓ પર આધારિત સંક્ષિપ્તમાં પણ સમૃદ્ધપણે પોતાનુ લખાણ પેશ કર્યું છે. અલ્લામા નબહાની قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ફર્માવે છે : અર્થ તથા ભાવાર્થો અધિક્તર મેં ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہથી લીધેલ છે. હા ! ખાસિયતો તથા ફાયદાઓ આરિફ બિલ્લાહ શયખ અહમદ ઝર્રુકથી લીધેલ છે. આ લખનારે પણ અધિક્તર અલ્લામા નબહાની قُدِّسَ سِرُّہُ الْعَزِیْزથી ફાયદો પામેલ છે.

શરૂમાં અમુક હઝરાતની ખ્વાહિશ તથા ફર્માઈશ પર અમુક ''અસ્માએ હુસ્ના''ની સ્પષ્ટતાઓ લખવામાં આવી, પછી એ કામમાં એવી બરકતો જાહેર થઈ કે ખૂબ જ થોડા સમયમાં રબ્બે

ઝુલ જલાલે તેનાં અસ્માએ હુસ્નાની સ્પષ્ટતા તથા ખુલાસાને સંપૂર્ણ કરી આપ્યો.

فله الحمد وله الشكر وله الثناء علىٰ ما وفقنى لأنجاز هذا العمل

એનાથી અમારો હેતુ કેવળ અને કેવળ એ છે કે પઢનાર રબ તઆલાનાં અસ્માએ હુસ્ના અને ઉચ્ચ સિફતો (ખૂબીઓ, ખાસિયતો)થી પોતાના ઈમાનને મજબૂતી તથા ચમક બખ્શે, અને તેમની બરકતો તથા રહમતોથી પણ મહઝૂઝ થાય અને ખાસિયતો તથા ફાયદાઓથી પણ લાભવંત થાય.

રબ તઆલાની તૌફીક઼થી દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝે આજથી અમુક વરસો પહેલાં "હયાતુલ અંબિયા" (અરબી, ઉર્દૂ તથા ઈંગ્લિશ એડિશન)ની પ્રસિદ્ધિથી પ્રકાશનની શરૂઆત કરી હતી. મારું સદ્‌ગુમાન હતું કે અંબિયા તથા સૈયદુલ અંબિયા عليهم السلامની હયાતે મુબારકાથી પ્રકાશન કાર્યની શરૂઆત યક઼ીનન ! બાબરકત સાબિત થશે. રબ્બે ઝુલ જલાલે અમારી સારી નિય્યતનો બદલો એ અતા ફર્માવ્યો કે જોતજોતામાં થોડા અરસામાં ઘણી મહત્વની કિતાબોનું પ્રકાશન કાર્ય સંપૂર્ણ થઈ ગયું.

એમાંની અમુક મહત્વની કિતાબો આ પ્રમાણે છે :–

★ હયાતુલ અંબિયા (અરબી, ઉર્દૂ, ઈંગ્લિશ)

★ સીરતે મુસ્તફા ﷺ,
અઝ : અલ્લામા અબ્દુલમુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ

★ જાઅલ હક્ક઼, અઝ : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (ઈંગ્લિશ)

★ અન્વારુલ હદીષ, અઝ : અલ્લામા મુફ્તી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ (ઈંગ્લિશ)

★ ઈસ્લામિક ટીચિંગ (ઈંગ્લિશ)

★ અસ્મતે અંબિયા عَلَيْهِمُ السَّلَام, અઝ : ઈફ્તેખાર અહમદ ક઼ાદરી

★ 'અલ્ મુઈન' ત્રિમાસિક અંકનું પ્રકાશન વગેરે.

આ સર્વ કામોમાં આધાર બનનાર (પ્રણેતા) અઝીઝે અસ્અદ મુહ઼િબ્બે ગિરામી હઝરત અલ્લામા હાફિઝ ક઼ારી સૈયદ મુહમ્મદ અલીમુદ્દીન મિસ્બાહી અસ્દક઼ી બાની વ સદરે દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ છે. રબ તઆલાએ એમના ઈરાદાઓમાં અમાપ બરકતો રાખી છે, તેઓ જે ઈરાદો કરે છે રબ તઆલા એને જલ્દી પરિપૂર્ણ કરી આપે છે. બાળકીઓના તા'લીમી મર્કઝ 'જામિઆ ફાતિમા'ની શાનદાર ઈમારતને પરિપૂર્ણતાએ પહોંચવું એ આપના મુબારક ઈરાદાઓમાંનું એક દષ્ટાંત છે. ઈન્શાઅલ્લાહુલ અઝીઝ ખૂબ જ જલ્દી એમાં તા'લીમની શરૂઆત પણ થઈ જશે.

રબ તઆલા આ કામોમાં સાથ આપનાર સર્વને બેહતરીન બદલો બંને જહાનમાં આપે. (ટૂંકાવીને રજૂ કર્યું)

રબ્બે ક઼દીર અમારાં પ્રકાશનોના આ મુબારક ક્રમને ક઼બૂલિયતના શરફથી નવાઝે અને અધિક પોતાના દીનની ખિદમતની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

اللھم صلی وسلم وبارك وأنعم علىٰ شافعنا وقا ئدنا ونبينا وسيدنا محمد رسول
الله صلی تعالىٰ عليه وسلم وآله الطاهرين وصحبه الطيبين أجمعين

**–ઈફ્તેખાર અહમદ ક઼ાદરી**

ખાદિમે દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા

૨૯–શાબાન હિ.સ. ૧૪૩૧, તા. ૯–૮–૨૦૧૦

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

પ્યારા આકા علیہ الصلوٰۃ والسلام ના પ્યારા દીવાનાઓ ! આપના મુબારક હાથોમાં આ કિતાબ **'અસ્માઉલ હુસ્ના'** રાખતાં અમો ખુશી અનુભવીએ છીએ. આ તે કિતાબ છે જેમાં દુનિયા તથા આખેરતની ભલાઈઓના ખજાનાઓના ભરપુર ભંડારો સમાયેલા છે, હા ! કોઈ તેને પામવાની મજબૂત ઈચ્છા ધરાવનારો જોઈએ ! અને કેમ બંને જહાનની ભલાઈઓ એમાં સમાયેલી ન હોય જ્યારે કે બંને જહાનની ભલાઈઓનો માલિક અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ખુદ જ છે અને આ કિતાબ તેનાં ખૂબસૂરત મુબારક નામોનો એક સંગ્રહ છે.

આજકાલ દુનિયામાં લોકો અનેક મુસીબતો, બીમારીઓ તથા દુશ્મનોની સતામણીના ખૌફમાં, રોજી રોટીની તંગીમાં, ઔલાદ ન હોવાની કે ઔલાદ નાફર્માન હોવાની મુંઝવણોમાં, વતનથી બેવતનીના ગમમાં, તેમજ અનેક પ્રકારની આફતોમાં સપડાયેલા જોવા મળે છે. તેના નિવારણ માટે અનેક પ્રકારના નુસ્ખા લોકો અજમાવે પણ છે, છતાં તે કારગત નથી નીવડતા ! કોઈ વખાનો માર્યો બનાવટી બાપુના ફંદાનો શિકાર બની ઔર મુસીબતોમાં સપડાય જાય છે તો કોઈ મુસીબતોના ઈલાજ માટે ગૈર મઝહબવાળાઓના દરે પહોંચીને જૂઠા મઅબૂદો સમક્ષ બેઠેલો પણ જોવા મળે છે ! કે જેમાં ઈમાન ખતરામાં પડી જાય છે.

જો કે કુર્આનથી ઈલાજ કરતા બાશરઅ આમિલોનો ઈલાજ કરાવવો એમાં વાંધો નથી તેમજ બુઝુર્ગોના વસીલાથી દુઆઓ કરવી કરાવવી એ યોગ્ય છે. પણ સાથોસાથ અલ્લાહ પાકનાં બાબરકત નામોનો વિર્દ પણ હર તકલીફ, હર મુસીબતના ઈલાજ માટે અકસીર ઈલાજ છે અને એ હદીષે પાકથી તેમજ બુઝુર્ગાને દીને અનુભવેલ અજમાવેલ ઉપાયો છે જેને તેમણે પોતાની કિતાબોમાં વર્ણવેલ છે, એના ઉપર પણ અમલ કરી લાભવંત થવું જોઈએ.

આવો ! અત્રે ટૂંકમાં પ્રસ્તુત કિતાબમાંથી જ અમુક નામોની બરકતથી કેવી કેવી મુસીબતો દૂર થઈ શકે છે તેનો ટૂંકમાં ચિતાર રજૂ કરીએ છીએ.

★ "અરબઈને ઈદરીસિયા"માં છે કે :–

**يَا اللّٰهُ الْمَحْمُودُ فِى كُلِّ فِعَالِهِ** ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે જે શખ્સ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પહેલાં વુઝૂની સાથે સાફ સુથરાં કપડામાં વગર અવાજે ખામોશીની સાથે બસો (૨૦૦) વાર પઢશે તેનો જે પણ મક્સદ હશે પૂરો થશે. જો કોઈ લાઈલાજ મરીઝ (બીમાર) ઉપર બતાવેલ ગણતરી મુજબ પઢશે તો શિફા પામશે, જ્યારે કે તેની મૌત ન આવી ચૂકી હોય.

★ એક હદીષમાં ઈમામ બયહક઼ી રિવાયત કરે છે, જેના રાવી હઝરત ઉષ્માન ગની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે :

**بِاسْمِ اللّٰهِ الَّذِى لا يَضُرُّ مَعَ اسْمِهِ شَىْءٌ فِى**

**الْأَرْضِ وَلَا فِى السَّمَاءِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ**

"જે બંદએ મો'મિન સવાર સાંજ આ પ્રમાણે (ઉપર જણાવેલ દુઆ) મુજબ કહેશે તેને કોઈ ચીજ તકલીફ નહીં આપે. *(અલ્ અસ્માઉ વસ્સિફાત)*

★ અરબઈને ઈદરીસિયામાં છે કે :–

**يَا عَزِيزُ الْمَانِعُ الْغَالِبُ عَلٰى أَمْرِهِ فَلَا شَىْءٌ يُعَادِلُهُ**

(યા અ્ઝીઝુલ્માનિઉલ ગાલિબુ અલા અમ્રિહિ ફલા શયઉન્ યુઆ્દિલુહૂ)ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે જે શખ્સ દરરોજ સાત દિવસ સુધી લગાતાર છોડયા વગર આ દુઆને ૧૦૦૦ વાર પઢશે તેનો દુશ્મન તબાહ તથા બર્બાદ થશે. અને જો કોઈ દુશ્મનના લશ્કર સામે પોતાના હાથ વડે ઈશારો કરીને ૭૦ વાર પઢશે દુશ્મનની ફૌજ હાર પામશે.

ઈસ્મે મુબારક **بَارِىءٌ**ની ખાસિયત એ છે કે તેનું વિર્દ કરવાથી ઘણી અજીબ બરકતો જાહેર થાય છે. જે ઈલાકાઓમાં ફળ વગેરે પેદા થાય છે ત્યાં આ મુબારક નામનું વિર્દ કરવાથી બે હિસાબ ફળો પેદા થાય

છે. વાંઝણી ઔરત સાત દિવસ સુધી દરરોજ રોઝાની સાથે ગુરૂબે આફતાબ પછી અને ઈફતાર પહેલાં ૨૧ વાર **يَا بَارِئَ النُّفُوسِ بِلا مِثَالٍ خَلا مِنْ غَيْرِهِ** *(યા બારીઅન્ નુફૂસિ બિલા મિષાલિન્ ખલામિન ગૈરિહી)* નું વિર્દ કરશે તો અલ્લાહ તઆલાના હુકમથી તેનુ વાંઝિયાપણુ દૂર થશે અને બાળજન્મનો સિલસિલો શરૂ થશે.

સારાંશ કે આપણને પેદા કરનાર કયામતના દિવસના માલિક રબ તઆલાનાં નામોમાં યકીનન ! અજબની તાષીર સમાયેલી છે. આજે કોઈ ઓફીસે અથવા કોઈ કામ કઢાવવા કહેવામાં આવે છે કે મારું નામ લેજો તો તે કામ પતાવી આપશે ! તો પછી જ્યારે સર્વ કામોનો પાર પાડનાર સર્વનો ખાલિક, માલિક રબ તઆલા છે તો પછી તેના નામ મુબારકનો વિર્દ કેમ મુસીબતો, બીમારીઓ, બગડેલાં કામો બનાવવામાં મદદરૂપ ન થાય ?! મામૂલી ઈન્સાનનાં નામોથી કામ પાર પાડવા તેનો ઉલ્લેખ જે તે સમયે લોકો કરીને વિશ્વાસ રાખે છે કે કામ બની જશે ! તો રબ્બે ઝુલ જલાલના નામની બરકતો વિશે તો કોણ ઈન્કાર કરી શકે છે ?! જેથી કેવળ ભૌતિક રીતે મથામણમાં પડ્યા ન રહી, આ રૂહાની ઈલાજને જરૂરથી અજમાવવા જોઈએ કે જેમાં બંને જહાનની મુસીબતોનો ઈલાજ છે.

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ علیہ الصلوٰۃ والسلام ના સદકામાં આપણને સૌને સાચી સમજ અતા ફર્માવે. (આમીન)

અત્રે આ કિતાબ ગુજરાતી અનુવાદ કરીને ગુજરાતી ભાષીઓને અલ્લાહના **'અસ્માઉલ હુસ્ના'**ની પહેચાન કરાવવા બદલ જનાબ મૌલાના તૌસીફરઝા હલદરવીનો પણ આભાર ન માનીએ તેટલો ઓછો છે. લેખક, અનુવાદક, સહાયકોને સૌને અલ્લાહ કરીમ જઝાએ ખૈર અતા કરે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૨–ઓક્ટોબર–૨૦૧૬, શનિવાર, હિ.સ. ૧૪૩૮, ૨૦ મુહર્રમુલ હરામ)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

ન ફક્ત આ આલમમાં બલ્કે તમામ આલમોમાં જેટલાં નામો છે તેમાં સૌથી ખૂબસૂરત સૌથી સારાં અને પ્યારાં, વધારે તાક઼ાત અને કુવ્વતવાળાં, સૌથી વધીને ફૈઝો તવાનાઈ પહોંચાડવાવાળાં અલ્લાહ તઆલાનાં તે મુબારક નામો (અસ્માએ મુબારકા) છે જેને કુર્આને અસ્માએ હુસ્નાના ટાઈટલ વડે વર્ણવેલ છે. જો હું આ અસ્માએ હુસ્નાને તેના અર્થ અને ભાવાર્થ, ફુયૂઝો બરકાત અને તેનાથી હાંસલ થતો સબક઼ દુનિયા સામે પેશ કરીશ તો મારા માટે સઆદત અને ખુશકિસ્મતીની વાત ગણાશે. અસ્માએ હુસ્નાનુ વર્ણન આ જ શબ્દો સાથે કુર્આનેપાકમાં અલગ અલગ જગાઓ પર મૌજૂદ છે. એક જગાએ મુશ્રિકોના આ સવાલના જવાબમાં કે શું અલ્લાહના અલગ અલગ નામ હોય શકે ? કુર્આન જવાબ ફર્માવે છે :–

قُلِ ادْعُوا اللّٰهَ أَوِ ادْعُوا الرَّحْمٰنَ أَيًّا مَّا تَدْعُوا فَلَهُ الْأَسْمَاءُ الْحُسْنٰی

''હે મેહબૂબ ! તમે ફર્માવી દો કે ''અલ્લાહ'' કહીને પુકારો અથવા ''રહમાન'' જે નામથી તેને પુકારો, તેનાં બધાં જ નામ

ખૂબસૂરત છે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ–૧૧૦)*

હુઝૂર ﷺ એક રાત્રે યાદે ઈલાહીમાં મશ્ગૂલ (વ્યસ્ત) હતા. આપની મુબારક ઝબાન પર યા અલ્લાહ, યા રહમાનનો વિર્દ જારી હતો. અબૂ જહલે જ્યારે આ વિર્દ સાંભળ્યો તો તઅજ્જુબથી કહ્યું, આ જુઓ ! આ મુહમ્મદ (ﷺ) આપણને તો આપણા ખુદાઓનાં નામ લેવાથી રોકે છે અને આજે ખૂદ બે ખુદાઓને પુકારી રહ્યો છે ! તે જાહિલના જવાબમાં આ આયત નાઝિલ થઈ, અને સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે ''અલ્લાહ'' અને ''રહમાન'' બે અલગ અલગ ઝાતોનાં નામ નથી બલ્કે જે હસ્તીનું નામ અલ્લાહ છે તેનું સિફાતી નામ રહમાન છે. અને સ્પષ્ટ કરી દીધું કે અલ્લાહનાં ઘણા નામો છે જે ઘણા જ ખૂબસૂરત અને કોઈને કોઈ કમાલની સિફતને (ખૂબીને) દર્શાવે છે.

બીજી એક જગાએ કુર્આન ઈર્શાદ ફર્માવે છે : **اَللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ لَهُ الْأَسْمَاءُ الْحُسْنٰى** ''અલ્લાહ તે છે કે જેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તેના જ છે બધાં ખૂબસૂરત નામ.'' *(સૂરએ તાહા, આ–૮)*

મઅબૂદ ફક્ત અલ્લાહ છે, તેના સિવાય બીજો કોઈ ખુદા અને મઅબૂદ નથી. તે પાકીઝા નામો જે તેની સિફતે કમાલ અને જમાલ પર દલીલ પૂરી પાડે છે, તેને જ શોભા દે છે.

વધુ એક જગાએ કુર્આન અસ્માઉલ હુસ્નાનુ ઝિક્ર આ પ્રમાણે કરે છે : **هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْأَسْمَاءُ الْحُسْنٰى**

''તે જ છે અલ્લાહ સૌનો ખાલિક઼, પેદા કરવાવાળો, શકલો સૂરત બનાવવાવાળો, તમામ ખૂબસૂરત નામો તેના જ છે.'' *(સૂરએ સૂરએ હસ્ર, આયત : ૨૪)*

આ આયતે મુબારકામાં અલ્લાહના ઝાતી નામ સાથે ત્રણ સિફાતી નામ ખાલિક઼, બારી અને મુસવ્વિરનું ઝિક્ર કરવામાં આવ્યું છે. અને પછી કુર્આન સાબિત કરે છે કે આ ખૂબસૂરત પ્યારાં નામો તેનાં જ છે. વધુ એક જગા પર અસ્માએ હુસ્નાનુ વર્ણન કરતાં કુર્આન હિદાયત આપે છે કે અસ્માએ હુસ્નાના વસીલાથી દુઆઓ માંગ્યા કરો.

**وَلِلّٰهِ الْاَسْمَاءُ الْحُسْنٰى فَادْعُوْهُ بِهَا** : અલ્લાહના માટે જ છે પ્યારા અને ખૂબસૂરત નામો તો તેના વસીલાથી એનાથી દુઆઓ કરો. *(સૂરએ અઅરાફ, આ–૧૮૦)*

આ આયતે કરીમામાં અલ્લાહના પ્યારાં પ્યારાં નામો તેમજ તેની બેહતરીન સિફતોના વસીલાથી દુઆ માંગવાની તાક઼ીદ કરવામાં આવી છે.

અલ્લાહ તઆલાના આ અસ્માએ હુસ્નાના વસીલાથી કાએનાતની નાની મોટી તમામ મખ્લૂક વુજૂદમાં આવી અને નામોથી એઓનું વુજૂદ બાકી છે. આ અસ્માએ હુસ્ના એટલાં અઝીમ છે કે તેની અઝમતોને ન કોઈ પહોંચી શકે છે અને એટલાં મુકદ્દસ છે કે તેની પાકીઝગી તથા મહાનતાની કોઈ હદ મખ્લૂક઼ હાંસલ કરી શકતી નથી, એટલાં મુબારક છે કે તેના ફુયૂઝો બરકાતની કોઈ હદ તથા ગણતરી નથી. એટલાં અસરકારક છે કે તેમને પોતાની ઝબાન પર લાવવાવાળો જો મુત્તક઼ી તથા પરહેઝગાર છે તો તેની અસર તથા ફાયદો જરૂર થશે.

જે અસ્માએ મુક઼દ્દસાને ખૂદ જમીન, આસ્માનનો ખુદા ખૂબસૂરત તથા જમીલ કહે તેના હુસ્નો જમાલને આપણી જેવા માણસો શું બયાન કરી શકે ?! પરંતું હુઝૂર ﷺએ આ નામોના

હુસ્નો જમાલ તથા તેમાં છુપાયેલ ખજાનાઓ તરફ નિર્દેશ કર્યો છે. હુઝૂર ﷺના આ ફર્માનો તથા ઈર્શાદોને ટૂંકમાં જોઈ લઈએ. સૌથી પહેલાં અસ્માએ હુસ્નાની અઝમત તથા ફઝીલત પર એક ઈમાન અફરોઝ હદીષ જોઈ લઈએ.

عن أبی هریره رضی الله عنه عن النبی صلی الله تعالیٰ علیه وسلم : "إنَّ لِلّٰه تِسْعَةً وَتسعینَ إِسمًا مَائةً إلا وَاحِداً مَنْ اَحْصاها دَخَلَ الجنَّة"

(رواه البیهقی فی الا سماء والصفات ص ۱۳، ورواه مسلم فی صحیحه البخاری فی جامعه)

ولفظ البخاری "إنَّ لِلّٰهِ تِسعةً وَتِسْعِینَ اِسماً مَائةً غیرَ واحِد مَنْ حَفِظَها دَخَلَ الجَنَّة وَهُوَ وَترٌ یُحِبُّ الوَتْر

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હુઝૂર ﷺથી રિવાયત કરે છે કે બેશક ! અલ્લાહ તઆલાનાં ૯૯ નામ છે, જે તેને યાદ કરશે જન્નતમાં જશે. અલ્લાહ તઆલા એકીમાં છે અને એકીને પસંદ કરે છે. (એટલા માટે તેનાં નામો એકી સંખ્યામાં છે.) પહેલી હદીષમાં أَحْصَاهَا અને બીજીમાં حَفِظَهَا આવેલ છે.

તેનો એક મતલબ તો તર્જુમાથી જાહેર છે કે તે મુબારક નામોને યાદ કરવાં. બીજો મતલબ એ છે કે જે બંદએ મોમિન આ અસ્માએ હુસ્નાને હમેશાં પોતાના દિલો દિમાગમાં વસાવી તેની હદોની હિફાઝત કરી તેના તક઼ાઝાઓને પૂરા કરશે. તથા તેના અર્થ તથા ભાવાર્થનો ઈલ્મ હાંસલ કરશે, અને ઈમાન પર ભરોસો કરશે, જરૂર જન્નતમાં જશે. *(અલ અસ્માઉ વસ્સિફાત, પેજ–૭)*

ઈમામ તિર્મિઝીએ અસ્માએ હુસ્ના પર મુસ્તકિલ એક રિવાયત તખરીજ કરેલ છે.

عَنْ أبى هُرِيْرَه رَضِىَ اللّٰهُ عَنهُ قَال قَالَ رَسولُ

اللّٰهِ صلى الله تعالىٰ عليه وسلم إنَّ لِلّٰهِ عزَّ وَجلَّ

تِسْعةً وَتِسعينَ اِسْماً مَنْ أحْصاهَا دَخل الجَنَّة هُو

الله الَّذى لا إلٰهَ إلا هُوَ الرَّحمٰنُ الرَّحيمُ المَلِكُ

القُدُّسُ السَّلامُ المُؤمِنُ المُهَيْمِنُ العَزيزُ الجَبَّارُ

المُتَكبِّرُ الخَالِقُ البارِءُ المُصَوِّرُ الغفَّارُ القَّهارُ

الوَهَّابُ الرَّزَّاقُ الفَتَاحُ العَلِيمُ القَبِضُ الباسِطُ

الخَالِضُ الرَّافِعُ المُعِزُّ المُذِلُّ السَّمِيعُ البَصِيرُ

الحَكَمُ العَدْلُ اللَّطِيفُ الخَبِيرُ الحَلِيمُ العَظِيمُ

الغَفُورُ الشَّكُورُ العَلِىُّ الكَبِيرُ الحَفِيظُ المُقِيتُ

الحَسِيبُ الجَلِيلُ الكَرِيمُ الرّقِيبُ المُجِيبُ

الوَاسِعُ الحَكِيمُ الوَدُودُ المَجِيدُ البَاعِثُ السَّهِيدُ

الحَقُّ الوَكِيلُ القَوِىُّ المَتِينُ الوَلِىُّ الحَمِيدُ

المُحْصِى المُبْدِئُ المُعِيدُ المُحْيِى المُمِيتُ

الحَىُّ القَيُّومُ الوَاجِدُ المَاجِدُ الوَاحِدُ الصَّمَدُ

الـقَـادِرُ الـمُـقْـتَـدِرُ الـمُـقَدِّمُ المُؤَخِّرُ الْأَوَّلُ الآخِرُ
الـظَّـاهِـرُ البَـاطِـنُ الـوَالِـى الـمُتَعَالِى البَرُّ التَّوَابُ
الـمُـنْـتَـقِـمُ العَفُوَّ الرَّؤُوفُ مَالِكُ المُلْكِ ذُو الجَلَالِ
وَالإِكْرَامِ الـمُـقْسِطُ الـجَامِـعُ الـغَـنِيِّ الْمُغْنِيّ
الـمَـانِـعُ الـضَّـارُّ الـنَّـافِـعُ النُّورُ الهَادِى البَدِيعُ
البَاقِى الوَارِثُ ارَّشِيدُ الصَّبُورُ

હવે હું તમામ અસ્માએ હુસ્નાનો તર્જુમો તથા મફહૂમ, તેનાથી મળતો સબક્ તથા નસીહત, તેના ફાયદા તથા ખાસિયતો બયાન કરવાની સઆદત તથા બરકત હાંસલ કરું છું.

## الله ﷻ

**અર્થ તથા સમજૂતી :** આ નામ તે હસ્તીનું છે જે તમામ કમાલો ખૂબસૂરતી તથા સારી સિફતોની જામેઅ છે. જેમાં રબૂબિયતની સિફત પણ છે, અને જે પોતાના હક઼ીક઼ી તથા અસલી વજૂદની સાથે સૌથી શ્રેષ્ઠ પણ છે. તેણે તમામ મવજૂદાતને અસ્તિત્વ આપ્યું. તેનું વજૂદ અસલી વજૂદ છે, તેના સિવાય તમામ સૃષ્ટિ તથા મૌજૂદાતનું વજૂદ મજાઝી તથા નાશવંત તથા તેનું અર્પણ કરેલ છે. તમામ સૃષ્ટિ પોતાના વજૂદને એકવાર ગુમાવશે પછી જેને તે (અલ્લાહ) ચાહશે બીજીવાર વજૂદ બખ્શશે. રબ્બે ઝુલજલાલનાં ૯૯ નામોમાં ''અલ્લાહ'' સૌથી મહાન અને અઝમતવાળુ નામ છે. કેમ કે **આ નામ તમામ ઈલાહી સિફતોનું**

**સંગમ તથા તમામ નામોમાં સૌથી ખાસ છે. આ નામ બીજા માટે નથી બોલી શકાતુ, ન તો હક઼ીક઼તમાં ન મજાઝી રીતે, આ નામ સાથે કોઈ બંદાને જોડવાનો ખયાલ પણ કરવામાં આવતો નથી.** આ નામ સિવાય અલ્લાહનાં ઘણા નામો એવાં છે જે બંદાઓ માટે પણ બોલી શકાય છે, જેમ કે ક઼ાદિર, ક઼દીર, અલીમ, રહીમ વગેરે. ભલે બંદાઓ માટે આ નામો બોલવામાં આવે તો પણ તેનો તે મતલબ તથા અર્થ નથી થતો જે અલ્લાહની ઝાત સાથે ખાસ છે.

### ★ સબક તથા ફાયદાઓ ★

બંદએ મોમિન આ મુબારક નામથી ફાયદાઓ હાંસલ કરતાં અલ્લાહની ઝાતમાં મગ્ન થઈ જાય, પોતાનું ધ્યાન તેની તરફ કેન્દ્રિત કરે, આમ તેમ તેની નજર ન ઉઠે અને બીજી તરફ ધ્યાન કેન્દ્રિત ન કરે. તમામ ઉમ્મીદો અલ્લાહથી જ લગાવી રાખે. તેના સિવાય બીજા કોઈથી ન ડરે. અને એવું કેમ ન હોય કે આ નામથી સમજવામાં આવ્યું કે અલ્લાહનું વજૂદ હક઼ીક઼ી અને તેના સિવાય જે કાંઈ પણ છે ફાની નાશવંત છે, પરંતું જેના પર એનો કરમ છે. આમ દરેક ઈન્સાન પોતાને ફાની સમજે. આ સ્થિતિને લઈને સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, અરબોના શેઅરોમાં સૌથી સાચો શેઅર લબીદ શાયરનો છે :

**أَلا كُلُّ شَيْىءٍ مَا خَلا اللّٰهَ بَاطِلٌ وَكُلُّ نَعِيمٍ لا مُحَالَةَ زَائِلُ**

''અલ્લાહ તઆલા સિવાય તમામ ચીજ ફાની છે, દરેક આનંદ તથા નેઅમત ખતમ થવાની છે.''

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ وَيبْقىٰ وَجْهُ رَبِّكَ ذُو الجَلالِ وا لإِكْرَامِ

''જમીન પર જે કાંઈ છે નાબૂદ થવાનું છે. બાક઼ી તથા હમેશાં રહેવાવાળી ઝાત તે તારા રબની ઝાત છે, જે અઝમત તથા બુઝુર્ગીવાળી છે.''

★ ફાયદાઓ તથા ખાસિયતો ★

અલ્લાહ તઆલાનું નામ લેવાના ફાયદાઓ તથા ખાસિયતોનો કોઈ હિસાબ નથી. આ નામથી જ ઈમાન તથા યક઼ીનની શક્તિમાં વધારો થાય છે, તેનાથી જ સારા મક઼સદો (ઈરાદાઓ) તથા નેક કામો આસાન થાય છે. ઓલમા ફર્માવે છે કે જે મોમિન બંદો દરરોજ એક હજારવાર يَا اللّٰهُ يَاهُوَ પાબંદીની સાથે પઢશે તેને અલ્લાહ તઆલા ઈમાન તથા યક઼ીને ક઼ામિલ અતા ફર્માવશે. કિતાબ ''અરબઈને ઈદરીસિયા''માં છે કે يَا اللّٰه المَحْمُودُ فِى كُلِّ فِعَالِهِ ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પહેલાં વુઝૂની સાથે સાફ સુથરાં કપડામાં વગર અવાજે ખામોશીની સાથે બસો (૨૦૦) વાર પઢશે તેનો જે પણ મક઼સદ હશે પૂરો થશે. જો કોઈ લાઈલાજ મરીઝ (બીમાર) ઉપર બતાવેલ ગણતરી મુજબ પઢશે તો શિફા પામશે, જ્યારે કે તેની મૌત ન આવી ચૂકી હોય.**

એક હદીષમાં ઈમામ બયહક઼ી રિવાયત કરે છે, જેના રાવી હઝરત ઉષ્માન ગની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી

સાંભળ્યું કે :–

بِاسْمِ اللّٰهِ الَّذِى لا يَضُرُّ مَعَ اسْمِهِ شَىْءٌ فِى الأَرْضِ وَلَا فِى السَّمَاءِ وَهُوَ السَّمِيعُ العَلِيمُ

**"જે બંદએ મો'મિન સવાર સાંજ આ પ્રમાણે (ઉપર જણાવેલ દુઆ) મુજબ કહેશે તેને કોઈ ચીજ તકલીફ નહીં આપે.** *(અલ્ અસ્માઉ વસ્સિફાત)*

## અર્રહ્‌માનુર્રહ઼ીમ/الرَّحْمٰنُ الرَّحِيمُ

**(ઘણો જ મહેરબાન હમેશાં રહમ કરવાવાળો)**

**અર્થ તથા સમજૂતી** : આ બંનેવ ખૂબસૂરત નામો 'રહમત'થી બનેલ છે. તમામ મખ્લૂક ચાહે નાની હોય કે મોટી તમામ તેની મહેરબાનીની મોહતાજ છે. કામિલ રહમતનો અર્થ એ છે કે તે હાજતમંદોને પોતાની અણમોલ ભલાઈથી નવાઝે છે અને પોતાની ખાસ તવજ્જોહ તથા કરમથી આબાદ ફર્માવે છે. તેની રહમતે આમ્મા મુસ્તહિક઼ તથા ગૈરમુસ્તહિક઼ સૌના માટે આમ છે. દુનિયાનો કોઈ રજકણ પણ તેની મહેરબાનીની બહાર તથા મેહરૂમ નથી.

હા ! રહમાનની સિફત રહીમથી વધારે ખાસ છે. **એટલા માટે જ શબ્દ 'રહમાન' અલ્લાહ સિવાય કોઈના માટે બોલવામાં નથી આવતો.** જ્યારે લફઝે રહીમ બંદાઓ માટે પણ બોલી શકાય છે. પરંતું હક઼ીક઼ી રહીમ અલ્લાહ જ છે. મખ્લૂક઼ માટે તેનો વપરાશ મજાઝન છે. આ જ કારણથી કુર્આનમાં લફઝે રહમાન અલ્લાહથી બરાબર આવેલ છે.

**قُلِ ادْعُوا اللّٰهَ أَوِ ادْعُوا الرَّحْمٰنَ**"આપ ફર્માવી આપો કે તમે અલ્લાહને પુકારો અથવા રહમાનને પુકારો." *(સૂરએ અસ્રા, આયત : ૧૧૦)*

**રહમાન**માં જે રહમત છે તે ઘણી જ જબરદસ્ત છે. તેની રહમત એટલી વિશાળ છે કે બંદાઓની મહેરબાની તેની રહમતોના દરિયાના મુક઼ાબલામાં એક ટીપું પણ નથી. તેની રહમતોની વિશાળતાનો અંદાઝો ન થઈ શકે કેમ કે જન્નતમાં પણ બસ તેની રહમતનો એક હિસ્સો જ હશે. તેની રહમતના બુનિયાદી (પાયાના) ચમત્કારો આ છે : (૧) સૌથી પહેલા બંદાઓને પેદા ફર્માવી મહેરબાની કરે. (૨) ઈમાનની હિદાયત અર્પણ કરી અસબાબે સઆદત (નેક નસીબના સબબો)ની વ્યવસ્થા કરી. (૩) આખેરતમાં ઈમાનવાળાઓને એટલા નવાઝશે કે આજે તેને આપણે સોચી પણ નથી શકતા. (૪) અલ્લાહ તઆલા જન્નતમાં પોતાના બંદાઓને પોતાનો દીદાર કરાવશે. તેની આ મહેરબાની તમામ પર ભારી છે.

**દર્સ તથા સબક઼** : અલ્લાહ તઆલાના આ "રહમાન" ખૂબસૂરત નામથી બંદાએ એ સબક઼ લેવો જોઈએ કે તે બીજા ગાફેલ બંદાઓને ગફલતની નીંદથી જાગૃત કરી અલ્લાહ તઆલાની બારગાહમાં લાવે. પરંતુ આ કામ ઘણી જ નરમી અને પ્યારથી કરે નાફર્માન બંદાઓ ઉપર કરમની નજર નાખે. ખબરદાર ! તેને તિરસ્કાર તથા તુચ્છાતાવાળી નજરથી ન જુએ.

**રહીમ**ના નામ મુબારકથી બંદા માટે એ સબક઼ છે કે કોઈ જરૂરતમંદ તથા ભૂખ્યાને જુએ તો પોતાની તાક઼ાત પ્રમાણે તેની મોહતાજી દૂર કરવાની કોશિશ કરે અને જે પણ જરૂરતમંદ તેની આસપાસ હોય તેની દરેક રીતે મદદ કરે, તેની મોહતાજી દૂર

કરવા માટે પોતાની માલો દૌલત, પ્રતિષ્ઠા તથા ભાગદોડ થકી તેની મદદ કરે. જો એ મોમિન બંદો કોઈ જગાએ એ મોહતાજની સિફારિશ કરી શકે છે તો તેનાથી પરહેઝ ન કરે. જો તે આ તમામ વાતોથી લાચાર હોય તો તેના માટે દુઆએ ખૈર જ કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلرَّحْمٰنُના અર્થ પ્રમાણે તેની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાવાળો દરેક મુસીબતથી મેહફૂઝ રહેશે. જો કોઈ નમાઝ બાદ એકાંતમાં પૂરી તવજ્જોહ સાથે ૧૦૦ વાર આ નામનો વિર્દ કરશે તેના દિલમાંથી ગફલત તથા ભૂલ નીકળી જશે. ''અરબઈને ઈદરીસિયા''માં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે يَارَحْمٰنَ كُلِّ شَيْءٍ وَرَاحِمَهُ કાગળ પર મુશ્ક઼ તથા જાફરાનથી લખીને કોઈ સખ્ત મિજાઝ આદમીના મકાનમાં દફન કરી દેવામાં આવે તો તેની સખત મિજાઝી નરમીમાં બદલાય જશે, અને મહેરબાની, નરમી, મહોબ્બત, શર્મ તથા આજીઝી જેવી ખૂબીઓ તેમાં પેદા થશે.

اَلرَّحِيمની ખાસિયત એ છે કે તેનું વિર્દ કરવાવાળાનું દિલ મખ્લૂક઼ માટે મહેરબાન તથા નરમ થશે. જે દરરોજ ૧૦૦ વાર આ નામનો વિર્દ કરશે તેને ઉપર ઝિક્ર કરેલ મકસદો હાંસલ થશે. આ નામ સાથે રહમાન નામને પણ ઝિક્રમાં સામેલ કરી લેશે તો મુસીબતોનો શિકાર થશે નહીં. ''અરબઈને ઈદરીસિયા''માં છે કે : يَارَحِيمَ كُلِّ صَرِيخٍ وَمَكْرُوبٍ وَغَايَتَهُ وَمَعَادَه અગર પીગાળેલ માટી પર લખી તેને કોઈ ઝાડના મૂળમાં નાખી દેવામાં આવે તો તેના ફળોમાં ઘણી બરકત જાહેર થશે અને જો તેને પાણી પર પઢી દમ કરી દેવામાં આવે તો પીવાવાળો પઢવાવાળાની તરફ માઈલ (આકર્ષિત) થશે.

# અલ્મલિક/اَلمَلِكُ

**(સૌનો બાદશાહ)**

**અર્થ તથા સમજૂતી :** એ હક઼ીક઼ી બાદશાહ જે પોતાની ઝાતો સિફ઼ાતની સાથે કાએનાતની દરેક ચીજથી બેનિયાઝ છે, દરેક ચીજ પોતાની ઝાત, સિફ઼ાત, વજૂદ તથા બાક઼ી રહેવામાં તેની મોહતાજ છે. દરેક ચીજ પોતાની ઝાત તથા સિફ઼તના એતેબારથી તેની માલિકીમાં છે અને તે દરેકથી બેનિયાઝ છે. આ તે શહેનશાહે મુત્લક઼ની શાન છે.

**દર્સ તથા સબક઼ :** કોઈ પણ બંદો મુત્લક઼ બાદશાહ નથી થઈ શકતો. પરંતું એ હક઼ીક઼ત છે કે તે કેટલીક વસ્તુઓથી બેનિયાઝ છે તો કેટલીકથી નથી. અમુક ચીજો તેની મિલ્કિયત તથા બાદશાહીમાં આવી જાય છે. આવા દુનિયાના બાદશાહોની હુકૂમત નીચે એક લશ્કર તથા પૂરી ક઼ૌમ હોય છે પણ આ બધુ ટેમ્પરરી હોય છે. તે બાદશાહને પણ આ દુનિયાને અલવિદા કહેવું જ પડે છે. આ દુનિયવી બાદશાહ પણ મરણ પથારીએ મજબૂર તથા લાચાર થઈ જાય છે. તેની એ લાચારીમાં ફ઼રિશ્તાઓ તેની રૂહ ક઼બ્ઝ કરે છે. આમ તેનો પોતાના પર પણ કંટ્રોલ બાક઼ી નથી રહેતો. સબક઼ એ મળ્યો કે દુનિયાના બાદશાહો તથા રાજવીઓએ સોચવું જોઈએ કે તેમની પાસે જે કાંઈ પાવર તથા તાક઼ત છે તે બાદશાહે હક઼ીક઼ીની અર્પણ કરેલ અમાનત છે. પછી તેણે પ્રજા સાથે અમાનત જેવો વર્તાવ કરવો જોઈએ. અને સાચા રાજકર્તા સૈયદના અબૂબક્ર સિદ્દીક઼, સૈયદના ફ઼ારૂકે આ'ઝમ, સૈયદના ઉષ્માને ગની, સૈયદના અલી તથા ઉમર બિન અબ્દુલ

અઝીઝ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના નક઼શેક઼દમ પર ચાલવા અમાનતનો હક્ક઼ અદા કરવો જોઈએ.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ ખૂબસૂરત નામ اَلْمَلِكُની ખાસિયત એ છે કે તેના દ્વારા દિલની સફાઈ, માલદારી તથા હુકૂમત હાંસલ કરવી આસાન થાય છે. જે શખ્સ ઝવાલના સમયે પાબંદીની સાથે ૧૦૦ વાર પઢશે તેનું દિલ અરીસાની જેમ સાફ થઈ જશે, તેમાં ગંદકી નામની કોઈ ચીજ બાક઼ી રહેશે નહીં. અને જો કોઈ ફજર બાદ ૧૨૧ વાર પઢશે તો અલ્લાહ તેને પોતાના ફઝ્લથી બેનિયાઝ ફર્માવશે અને તેના માટે અસ્બાબ, વસાઈલ તથા કામયાબીઓના એવા દરવાજા ખોલશે જેનો તે ખયાલ પણ કરી શકતો ન હતો.

## અલ્કુદ્દુસ્ اَلْقُدُّوسُ

**(દરેક કમીથી મુક્ત તથા ઐબથી પાક)**

**અર્થ તથા સમજૂતી** : તે કુદૂસ દરેક ઐબ તથા કમીથી પાક તથા ખાલી છે, બલ્કે દરેક એવી સિફતોથી પણ ખાલી છે જેનો ખયાલ મખ્લૂક઼માં કરવામાં આવે છે. તે વિના શંકાએ એવી સિફત તથા તેના જેવી ઉણપવાળી સિફતથી પણ પાક છે. બંદાઓની તે તમામ સિફતો જેમ કે ઈલ્મ, કુદરત, સમાઅત, બશારત, કલામ, ઈરાદા વગેરેથી પણ પાક છે. તે કુદુસની સિફતો તો જાતી કદીમ (હમેશાથી) તથા ગૈર મખ્લૂક઼ છે, તેની હક઼ીક઼ી કૈફિયત નામાલૂમ છે.

**દર્સ તથા સબક઼** : બંદાએ અક઼ીદો રાખવો જોઈએ કે અલ્લાહ તઆલાનો ઈલ્મ સર્વ વહેમ, ખયાલાત, એહસાસો તથા

દરેક એવા ઈલ્મો જે ચોપગાંઓને હાંસલ હોય છે એ સૌથી એનો ઈલ્મ પાક તથા સાફ છે. તેની નજર અઝલી (અવિનાશી) બાબતોથી સંબંધિત હોય છે. તેમજ અલ્લાહના ઈરાદા વિશે બંદાઓનો અક઼ીદો એવો હોવો જોઈએ કે જેમ ઈન્સાનના ઈરાદાઓ ઈન્સાની લઝ્ઝતો વગેરેથી સંબંધ ધરાવે છે તેમ અલ્લાહના ઈરાદાઓને આ બધાથી પાક માને, અને બંદો ફક્ત અલ્લાહનો ઈરાદો કરે અને તેને લુત્ફ આવે તો ફક્ત અલ્લાહની જાતમાં આવે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે કે : **سُبُّوحٌ قُدُّوسٌ رَبُّ المَلاَئِكَةُ وَالرُّوحُ (સુબ્બુહુન કુદ્દુસુન રબ્બુના વ રબ્બુલ મલાઈકતિવર્રૂહ)** જુમ્આની નમાઝ બાદ રોટલીના ટુકડા પર લખી જે બંદાએ મોમિન બંદો તેને ખાઈ જશે અલ્લાહ તઆલા તેના માટે ઈબાદતના સહીહ રસ્તાઓ ખોલી આપશે તેમજ તમામ આફતોથી તેની હિફાઝત ફર્માવશે. 'અરબઈને ઈદરીસિયા'માં છે કે :– **يَاقُدُّوسُ الطَّاهِرُ مِنْ كُلِّ آفَةٍ فَلَا شَىْءٌ يُعَادِلُهُ مِنْ خَلْقِهِ (યા કુદ્દૂસુત્તાહિરુ મિન્કુલ્લિ આફતિન્ શયઊન યુઆદિલુહુ મિન્ખલ્ક઼િહિ)**ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે જે શખ્સ દરરોજ એકાંતમાં તેને ૧૦૦૦ વાર ચાલીસ દિવસ પઢશે તેના ઈરાદાઓમાં નોંધપાત્ર તબદીલી આવશે તથા દુનિયામાં તેની અસરકારક શક્તિ જાહેર થશે.

## અસ્સલામ્/السَّلَامُ

**(દરેક ઐબથી રક્ષિત તથા મેહફૂઝ)**

**અર્થ તથા સમજૂતી** : તેની જાત ઐબથી સલામત અને તેની સિફાત કમીથી મેહફૂઝ, તેનાં કામો શરારત તથા બુરાઈથી

સલામત તથા મેહફૂઝ છે.

**દર્સ તથા સબક઼** : એવા તમામ બંદાઓ જેમના દિલો ખયાનત, કીના, હસદ અને બુરાઈના ઈરાદાઓથી સલામત હોય, તેમના શરીરના અંગો ગુનાહો તથા મના ચીજોથી મેહફૂઝ હોય, તેમની સિફતો ગુનાહો અને બુરાઈઓથી પાક હોય તો આ જ તે લોકો છે જેમના દિલ સલામત છે અને તે જ લોકો આયતે કરીમા **إِلَّا مَنْ أَتَى اللّٰهَ بِقَلْبٍ سَلِيمٍ**ના પાત્ર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : પરેશાની તથા તકલીફોને દૂર કરવા માટે આ નામ મુબારક ઘણુ અસરકારક છે. જો કોઈ બીમાર પર ૧૨૧ વાર પઢી દમ કરવામાં આવે તો અલ્લાહના ફઝ્લથી તેને શિફા મળશે અને બીમારીમાં કમી થશે, જ્યારે કે તેની મૌતનો ટાઈમ ન આવી ગયો હોય.

'અરબઈને ઈદરીસિયા'માં છે કે જો એવો કોઈ શખ્સ જુલ્મ વગેરેનો શિકાર હોય તો નીચે જણાવેલ દુઆ વધુને વધુ પઢશે તો અલ્લાહના ફઝ્લથી તેનાથી છૂટકારો પામશે :–

**يَا نَقِيًّا عَنْ كُلِّ جَوْهَرٍ لَمْ يَرْضَهُ وَلَمْ تُخَالِطْهُ أَفْعَالُهُ**

**(યા નક઼િય્યન્ અન્કુલ્લિ જવહરિન્ લમ્યર્દ઼હુ વલમ્તુખાલિત્હુ અફ્આલુહુ)**

## અલ્ મુઅ્મિન્/الْمُؤْمِنُ

**અમાન બખ્શવાવાળો**

**અર્થ તથા સમજૂતી** : અમ્નો શાંતિના સબબો તે જ પૂરા પાડે છે. ખૌફ તથા દરના સબબોને તે જ રોકી અને બાંધી

રાખે છે. તેના સિવાય બીજી તરફથી અમ્નો શાંતિ મળવાનો ખયાલ પણ કરી શકાતો નથી.

**દર્સ તથા સબક઼ :** આ મુબારક નામથી બંદએ મો'મિને એ સબક઼ લેવો જોઈએ કે મખ્લૂક઼ને તેના તરફથી ખૌફ તો શું પણ તેની ખુશ્બુ પણ ન પહોંચવી જોઈએ, બલ્કે જો કોઈ બીજો ખૌફમાં ફસાયેલ હોય તો તેને પોતાના દામનમાં પનાહ મળી શકે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ નામની વિશિષ્ટતા એ છે કે જે તેને પઢતો રહેશે તેને ચૈન સુકૂન તથા ઈમાની કુવ્વતની લાઝવાલ દૌલત મળશે. જો કોઈ ડરી ગયેલ માણસ ૩૬ વાર يَامُؤْمِنُ પઢશે તેને પોતાના જાનો માલનો અમ્નો અમાન હાંસલ થશે.

## અલ્ મુહ઼ય્મિન્ / الْمُهَيْمِنُ

**દરેક વસ્તુ પર દેખરેખ રાખનાર**

**અર્થ તથા સમજૂતી :** અલ્લાહની સિફતમાં જ્યારે આ શબ્દને બોલવામાં આવે છે તો તેનો અર્થ એ થાય છે કે તે બંદાના અમલો, રિઝ્ક઼ તથા મૌતનો નિગેહબાન તથા નિગરાં છે. આ તમામ વસ્તુઓ તેના ઈલ્મ, કંટ્રોલ તથા હિફાઝતમાં જાહેર થાય છે. એટલે કે સિફતે મુહયમિનમાં વર્ણન કરેલ ત્રણેવ મતલબો સામેલ છે, અને આ વિશાળ ભાવાર્થમાં આ શબ્દ ગૈરુલ્લાહ માટે બોલવામાં નથી આવતો. એટલા માટે કહેવામાં આવે છે કે આ મુબારક સિફત ક઼દીમ (હમેશાથી) આસ્માની કિતાબોમાં પણ વર્ણન કરેલ છે.

**દર્સ તથા સબક઼ :** જે મો'મિન પોતાના દિલની

નિગેહબાની કરે છે, દિલના રાઝ પર નજર રાખે છે તેનાથી ઉદ્‌ભવતાં કામો તથા અખ્લાક઼ો પર કંટ્રોલ રાખે છે, હમેશાં પોતાના દિલની નિગેહબાની કરે છે તો તેને મુહયમિન કહેવામાં આવે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામનો અધિક્તર ઝિક્ર કરવાથી બાતિનની બુલંદી, ઈજ્જત તથા બુલંદ હિંમતી હાંસલ થાય છે. જે શખ્સ નમાઝ પઢયા બાદ એકાંતમાં ૧૦૦ વાર તેને પઢશે તેના સર્વ નેક મક઼સદો પૂરા થશે. ''અરબઈને ઈદરીસિયહ''માં છે કે નીચે જણાવેલ દુઆ પાબંદીની સાથે પઢશે તો તેની દિમાગશક્તિ વધશે તથા ભૂલી જવાની બીમારી દૂર થશે.

**(યા** يَا عَلَّامَ الغُيوبِ فَلَا يَفُوتُهُ شَيْءٌ مَنْ عِلْمِهِ وَلَا يَؤُودُهُ **અલ્લામુલ ગુયૂબ ફલા યફતુહુ શયઉન્ મન્ ઈલ્મિહિ વલા યઊદુહુ)**

## અલ્ અઝીઝ / العَزِيزُ

**(ગલ્બા તથા ઈઝ્ઝતવાળો)**

**સમજૂતી** : તે અઝીમ છે જેની જેવા જુઝ હોય, જેનાથી સખ્ત રીતે જરૂરતો બંધાયેલ હોય અને જેના સુધી પહોંચવું આસાન ન હોય. જ્યાં સુધી આ ત્રણેવ સિફતો કોઈનામાં જમા ન થાય ત્યાં સુધી તેને અઝીઝ કહી શકતા નથી. અને જાહેર છે આ ત્રણેવ સિફતો સહીહ અર્થમાં ફક્ત અલ્લાહ તઆલામાં પામી શકાય છે. (અને અલ્લાહ જેવો તો કોઈ જ નથી !)

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં અઝીઝ તે શખ્સ કહેવાય છે જેની તરફ જરૂરી મામલાઓમાં બીજા બંદાઓ રજૂઆત કરે છે. જરૂરી મામલાઓથી મુરાદ આખેરતની જિંદગી તથા હમેશાં રહેવાવાળી નેકબખ્તી છે. યક઼ીનન તેને હાંસલ કરવું તથા ત્યાં સુધી પહોંચવું કોઈ આસાન કામ નથી. રસૂલુલ્લાહ ﷺની સિફતમાં આ શબ્દ કુર્આનમાં આવેલ છે : **عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ** યક઼ીનન ! પ્યારે આક઼ા ﷺના સદક઼ામાં ઈન્સાનોની સૌથી વધુ સંખ્યા આખેરતમાં સઆદત (નેક નસીબી) તથા ફિરોઝમંદીથી લાભ પામશે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયત એ છે કે જે તેનો વિર્દ કરશે તે બેનિયાઝી તથા ઈજ્જતની દૌલતથી માલામાલ થશે. **જે શખ્સ ચાલીસ દિવસ સુધી દરરોજ ચાલીસ વાર આ મુબારક નામનો વિર્દ કરશે અલ્લાહ તેની મદદ ફર્માવશે તથા એવી ઈજ્જત આપશે કે ફરી કોઈ મખ્લૂક઼નો મોહતાજ નહીં થાય.** અરબઈને ઈદરીસિયામાં છે કે :–

**يَا عَزِيزُ الْمَانِعُ الْغَالِبُ عَلٰى أَمْرِهٖ فَلَا شَيْءٌ يُعَادِلُهٗ**

(યા અ઼ઝીઝુલ્માનિઉલ ગાલિબુ અલા અમ્રિહિ ફલા શયઉન્ યુઆ઼દિલુહૂ)ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ દરરોજ સાત દિવસ સુધી લગાતાર છોડયા વગર આ દુઆને ૧૦૦૦ વાર પઢશે તેનો દુશ્મન તબાહ તથા બર્બાદ થશે. અને જો કોઈ દુશ્મનના લશ્કર સામે પોતાના હાથ વડે ઈશારો કરીને ૭૦ વાર પઢશે દુશ્મનની ફૌજ હાર પામશે.**

## અલ્ જબ્બાર / الجَبَّارُ

**(દરેક પર પોતાની મશિય્યત મરજી લાગુ કરવાવાળો)**

**સમજૂતી** : તે જેની મશિય્યત (મરજી) દરેક પર લાગુ થાય છે. દરેક તેની મરજી સમક્ષ આજિઝ છે. તેના પર કોઈની મરજી ચાલતી નથી. જબ્બારે મુત્લક઼ (યક઼ીની) અલ્લાહ તઆલા જ છે. તેના સિવાય કોઈ નથી જે બીજાને કોઈ ચીજ માટે મજબૂર તથા આજિઝ કરી દે. બસ, જબ્બાર તે અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં જબ્બાર એ જ શખ્સ થઈ શકે છે જે મખ્લૂક઼ની પૈરવી ન કરતો હોય બલ્કે મખ્લૂક઼ તેની પૈરવીમાં મશ્ગૂલ હોય. જે પોતાના હોદ્દાની બુલંદી, ચાલચલન તથા શાનો શૌકતથી મખ્લૂક઼ને પોતાની પૈરવી કરવા મજબૂર કરી દે. જે મખ્લૂક઼ને ફાયદો પહોંચાડે તથા મખ્લૂક઼ પર તેનો અસર હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે માણસ સફર તથા હઝર (મુક઼ામ પર) ૨૧ વાર **"યા જબ્બાર"**નો વિર્દ કરશે તે જુલ્મ તથા બળપ્રયોગ કરનારાઓથી સુરક્ષિત રહેશે.

## અલ્ મુતકબ્બિર الْمُتَكَبِّرُ

**(ઘણો જ ગર્વ તથા અઝમતવાળો)**

**સમજૂતી** : જે પોતાના હરીફને સૌથી કમતર તથા મામૂલી સમજે, અઝમત તથા મોટાઈ ફક્ત પોતાના માટે માને, અને બીજાઓને એ રીતે જુએ જેમ કે બાદશાહ પોતાના ગુલામોને જુએ છે. **આ સિફ્ત અલ્લાહ સિવાય બીજામાં હોવાનો**

**ખયાલ પાત્ર ન કરવો જોઈએ.**

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં મુતકબ્બિર તેને કહેવામાં આવે છે જે આરિફ તથા ઝાહિદ હોય. આરિફ તથા ઝાહિદનો એ મતલબ છે કે તે એવા ખયાલોથી પાક હોય જે પોતાના દિલ તથા બાતિનને અલ્લાહ તઆલાથી ફેરવી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** તેના ફાયદા ઘણા જ અજીબ છે. તેનું ઝિક્ર કરવાવાળો ખૈરો બરકતથી માલામાલ થાય છે. જે શખ્સ નિકાહ બાદ પોતાની બીવીથી હમ બિસ્તર થયા પહેલાં દસવાર **يَا مُتَكَبِّرُ** *(યા મુતકબ્બિર)* પઢશે તેના ઘરે નેક છોકરો પેદા થશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ પાબંદીની સાથે આ નામનો ઝિક્ર કરશે અલ્લાહ તેની બુલંદી તથા ઈજ્જતમાં વધારો કરશે અને કોઈ તેના મુકાબલામાં આવશે નહીં.**

## الخَالِقُ، البَارِئُ، المُصَوِّرُ
## અલ્ ખાલિક઼-અલ્ બારી-અલ્ મુસવ્વિર

**(દરેક ચીજનો માલિક, પેદા કરવાવાળો, તસ્વીર બનાવવાવાળો)**

**સમજૂતી :** આ ત્રણેવ મુબારક નામોના અલગ અલગ અર્થો તથા મતલબો છે. જ્યારે કોઈ ચીજ અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં આવે છે તો સૌથી પહેલાં તેના વિશે અંદાઝો કરવામાં આવે છે, પછી તે અંદાઝા પ્રમાણે તેનુ અસ્તિત્વ બીજા નંબર પર આપવામાં આવે છે, ત્યારબાદ અસ્તિત્વ પછી ત્રીજા નંબર પર તેને શકલ (સ્વરૂપ) આપવામાં આવે છે. અલ્લાહ તઆલા દરેક ચીજનો ખાલિક઼ છે તેનો મતલબ એ કે તે દરેક વસ્તુનો અંદાઝો

કરે છે જે તેની શાનને લાયક છે, તે 'બારી' છે તેનો મતલબ એ કે જે વસ્તુઓને તે અસ્તિત્વથી નવાઝે છે તેમની શકલોની સારી રીતે ગોઠવણ કરે છે. હાંસલ એ થયું કે તે મુસવ્વિર છે. તેનો મતલબ એ કે તેણે વસ્તુઓની શકલોની ઘણી જ સારી રીતે ગોઠવણ કરી. પરંતું આ તમામ ચીજોની હક઼ીક઼તના ઊંડાણમાં ફક્ત તે જ પહોંચી શકે છે જે આલમની શકલોને ટૂંકમાં જાણી લીધા પછી વિસ્તારમાં જાણે. કેમ કે તમામ આલમ એક એકલી હસ્તીના હુકમમાં છે જેનાં (આલમનાં) અલગ અલગ અંગો તથા મક઼સદો છે. આલમનાં અંગો આકાશ, જમીન, તારાઓ તથા આબોહવા વગેરે છે. આ તમામ એક બેહતરીન ગોઠવણ સાથે છે. અને પોતપોતાની જગાએ ગોઠવાયેલી છે કે તેમાં થોડો પણ ફેર બદલ કરવામાં આવે તો આલમની વ્યવસ્થા વેરવિખેર થઈ જાય. અને તે મુસવ્વિરની તસવીરસાઝી સૃષ્ટિના દરેક હિસ્સામાં જલ્વાગર છે ભલે તે આલમનો હિસ્સો નાનો પણ કેમ ન હોય, જેમ કે કીડા, મકોડા વગેરે. આ જ હાલત દરેક જાનદાર (સજીવ) તથા વનસ્પતિઓની પણ છે. સૃષ્ટિના દરેક હિસ્સામાં કુદરતની એવી ગોઠવણ તથા બનાવટ છે જેને શબ્દોમાં વ્યક્ત કરવું અસંભવ છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **اَلْمُصَوِّرُ (અલ્ મુસવ્વિર)**થી બંદાએ સબક઼ લેવો જોઈએ કે પ્રથમ તો તે સમગ્ર સૃષ્ટિની શકલને તેની બનાવટ તથા ગોઠવણીની સાથે દિમાગમાં લાવે અને પૂરી સૃષ્ટિની બનાવટનો એવો ઘેરાવ કરે જેમ કે તે તેને જોઈ રહ્યો છે. પછી સૌથી હટીને ફક્ત ઈન્સાનની તરફ ધ્યાન કેન્દ્રિત કરે. અને ઈન્સાનનાં અંગોને સામે રાખીને સોચે કે મુસવ્વિરે

હકીકી સુબ્હાનહૂ તઆલાએ કેવા કેવા અને કેટલા ઈન્સાની અંગો બનાવ્યાં, અને તેમને બનાવવામાં શું બેહતરીન ગોઠવણ તથા હિકમતો છે તેના પર ગૌરો ફિકર (ચિંતન મનન) કરે. ત્યારબાદ ઈન્સાનની માનવી સિફતો (ગુણો) જેના દ્વારા તે ઈલ્મ હાંસલ કરે છે તેના પર ચિંતન કરે. ત્યારબાદ પોતાની હેસિયત પ્રમાણે બીજા જાનવરોની બનાવટને સામે રાખી તેમની શાનદાર બનાવટ તથા અલ્લાહની બેહતરીન કારીગરી પર ચિંતન કરે. ત્યારબાદ ફરિશ્તાઓની મઅરેફત તેમના મર્તબા તથા હોદ્દાઓ, અને અલ્લાહ તઆલાએ તેમને જે કામ સોંપેલ છે જેમ કે ફરિશ્તાઓનું આસ્માન તથા તારાઓની નિગેહબાની કરવી, ઈન્સાનોનાં દિલો પર હિદાયતની સાથે કબ્જો કરવો, અન્ય જાનવરોને તેમની જરૂરીયાત પૂરી કરવાના તરીકાઓની તાલીમ તથા ઈલ્હામ (તે વાત જે ખુદા તરફથી દિલમાં નાખવામાં આવે) કરવું. આ તમામ વાતો પર ચિંતન કરે. મુસવ્વિરે હકીકી અલ્લાહ તઆલાની અઝમત તથા કિબ્રિયાઈને પોતાના દિલો દિમાગમાં વસાવે, જેથી તેનામાં સાચા શુક્રનો જઝબો પેદા થાય. **ખાલિક તથા બારી નામોને બંદાઓ માટે બોલવાં દુરુસ્ત નથી, અને ન કોઈને ખાલિક તથા બારીની પોઝિશન આપવી જાઈઝ છે.**

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામ ખાલિકની ખાસિયત એ છે કે **જે માણસ રાતના એકાંત તથા સુકૂનમાં 'યા ખાલિકો'નો વિર્દ કરશે અલ્લાહ તેના દિલને રોશન તથા તેના ચેહરાને પુરનૂર કરશે.** અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **જે શખ્સ**

**يَا خَالِقُ مَنْ فِى السَّمٰوٰتِ وَمَنْ فِى الْاَرْضِ وَكُلٌّ إِلَيْهِ مَعَادُهُمْ**

*(યા ખાલિકુ મન્ફિસ્સમાવાતિ વમન્ફિલ્અર્દિ વકુલ્લુન્ ઈલૈહિ મઆદુહુમ)* **૫૦૦૦ વાર પઢશે તેની ગુમ થયેલ વસ્તુ મળી આવશે અને જે કોઈ લાપતા હોય તે આ વિર્દની બરકતથી પાછો આવશે.** 'યા બારીઓ'ની ખાસિયત એ છે કે **જે સાત દિવસ સુધી દરરોજ ૧૦૦ વાર પઢશે તમામ આફત તથા બલાઓથી મેહફૂઝ રહેશે.** અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **જે શખ્સ بَارِیٌ** *(બારીઉન્)***નો વિર્દ કરશે અલ્લાહ તેના માટે માલદારી, ઈજ્જતત તથા આફતોથી સલામતીના દરવાજા ખોલી આપશે.** ઈસ્મે મુબારક **بَارِیٌ**ની ખાસિયત એ છે કે તેનું વિર્દ કરવાથી ઘણી અજીબ બરકતો જાહેર થાય છે. **જે ઈલાકાઓમાં ફળ વગેરે પેદા થાય છે ત્યાં આ મુબારક નામનું વિર્દ કરવાથી બે હિસાબ ફળો પેદા થાય છે.** વાંઝણી ઔરત **સાત દિવસ સુધી દરરોજ રોઝાની સાથે ગુરૂબે આફતાબ પછી અને ઈફતાર પહેલાં ૨૧ વાર يَا بَارِئَ النُّفُوسِ بِلَا مِثَالٍ خَلَا مِنْ غَيْرِهٖ** *(યા બારીઅન્ નુફૂસિ બિલા મિષાલિન્ ખલામિન ગૈરિહી)* **નું વિર્દ કરશે તો અલ્લાહ તઆલાના હુકમથી તેનુ વાંઝિયાપણુ દૂર થશે અને બાળજન્મનો સિલસિલો શરૂ થશે.**

## અલ્ ગફ્ફાર اَلْغَفَّارُ

**(ઘણો જ બખ્શવાવાળો)**

**સમજૂતી** : આ મુબારક નામનો મતલબ એ છે કે તે પર્દાપોશી કરવાવાળો છે, તે જ છે જેણે ઈન્સાનના હુસ્નો જમાલને

જાહેર ફર્માવ્યું, તેના ઐબો તથા ગુનાહો પર પર્દો ફર્માવ્યો, તેની **પહેલી** પર્દાપોશી એ છે કે ઈન્સાનના તે અંગો જેને ખોલવું ઐબની વાત છે તેને પર્દામાં રાખ્યાં અને ઈન્સાનના બાહ્ય હુસ્નો જમાલથી તે હિસ્સાઓને છુપાવ્યા. કોઈ પણ જોઈ શકે છે કે ઈન્સાનનું જાહેરી જિસ્મ કેટલુ સાફ સુથરુ અને ખૂબસૂરત છે, બીજી બાજુ તેની અંદરમાં કેવી કેવી ગંદકીઓ ભરેલી છે. વિચારવાની વાત તો એ છે કે જેને તેણે જાહેર રાખ્યું તે હક઼ીક઼તમાં જાહેર કરવાને લાયક છે અને જેને તેણે છુપાવી રાખ્યું તે છુપાવવાને લાયક છે. તેની આ પર્દાપોશી કેટલી હકિમાના છે ! **બીજી** પર્દાપોશી એ છે કે દિલમાં ન જાણે કેવા કેવા ખયાલો તથા ઈરાદાઓ છે, એટલા માટે અલ્લાહે દિલ પર પર્દો નાખ્યો કે કોઈ તેના રાઝથી વાકેફ ન થઈ શકે. જો દિલના ઈરાદાઓ તમામ મખ્લૂક઼ પર જાહેર થઈ જાય, જેમ કે ખયાનત, બદગુમાની, ફરેબ તથા ધોકો, તો લોકો અંદરોઅંદર નફરત તથા દુશ્મની કરવા લાગે, એટલે સુધી કે તેને હલાક કરવાની કોશિશ પણ કરવા લાગે, પરંતું ગફફારે તેના પર પર્દો નાખ્યો. તેની આ પર્દાપોશી કેટલી અઝીમ છે. ! **ત્રીજી** પર્દાપોશી એ છે કે તે ગફ્ફારે બંદાઓના એવા ઘણા ગુનાહો પર પર્દો નાખ્યો કે જો તે ગુનાહ મખ્લૂક઼ પર જાહેર થઈ જાય તો તે બદ્નામ થઈને રહી જાય.

ઈમામ બયહક઼ીએ હલીમીથી તેનો મતલબ આ પ્રમાણે નક્લ ફર્માવ્યો કે તે ઘણી જ સતરપોશી ફર્માવનાર (અયબો ઢાંકનાર) છે. દુનિયામાં તે ગુનાહોને જાહેર નથી થવા દેતો. હદ તો એ છે કે તે આખેરતમાં પણ બંદાઓના ગુનાહોને ખોલવા નહીં દે. *(અલઅસ્મા વસ્સિફાત, પેજ–૭૬)*

**દર્સ તથા સબક઼ :** الغَفَّارُ **'અલ્ ગફ્ફાર'** આ મુબારક નામથી સબક઼ મળે છે કે માણસ જેવી રીતે પોતાના ઐબો તથા કમીઓ પર પર્દો ચાહે છે તેવી જ રીતે બીજાના ઐબોને પણ છુપાવે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે મોમિને પોતાના મોમિન ભાઈના ઐબો છુપાવ્યા અલ્લાહ ક઼યામતના દિવસે તેના ઐબો છુપાવશે.** ગીબત તથા જાસૂસી કરવાવાળા આ ગુણથી ઘણા દૂર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ફઝીલત એ છે કે જે માણસ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ ૧૦૦ વાર **'અલ્ ગફ્ફાર'** પઢશે તેની મગફેરત તથા બખ્શિશના સંકેતો જાહેર થશે.

## અલ્ ક઼હ્હાર/القَهَّارُ

**(દરેક પર ગલ્બો રાખનાર)**

**સમજૂતી :** અલ્લામા હલીમીએ ફર્માવ્યું, ક઼હ્હાર તે છે જે બીજાઓ પર ગલ્બો તથા વર્ચસ્વ હાંસલ કરે છે. તેના પર કોઈ કદીયે ગાલિબ (સવાર) ન થઈ શકે. ખિતાબીએ ફર્માવ્યું, તે ક઼હ્હાર જેણે મોટા મોટા મુતકબ્બિરો પર પોતાના કહેરની વીજળી ફેંકી તથા તમામ મખ્લૂક઼ને મૌત આપીને પોતાના કહેરને જાહેર ફર્માવ્યો. *(અલઅસ્મા વસ્સિફાત, પેજ–૮૨)*

તે ઝાત જેણે પોતાના મોટા મોટા બેઈન્સાફ દુશ્મન બાદશાહોની કેડો તોડી નાખી, તેમને રુસ્વાએ જમાના કરી તબાહો બર્બાદ કરી દીધા. બલ્કે એવું કહેવામાં આવે કે દરેક મખ્લૂક઼ તેના કહેર તથા તેની કુદરતના હેઠળમાં મજબૂર તથા આજિઝ છે.

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં ક઼હ્હાર તે કહેવાશે જે પોતાના દુશ્મનોને પગો નીચે કચડી નાખે. અને ઈન્સાનનો સૌથી મોટો દુશ્મન તેનું નફ્સ છે, આ નફ્સ શયતાનથી પણ મોટો દુશ્મન છે કેમ કે શયતાન તેના તાબે છે. તો જ્યારે માણસ પોતાની નફ્સાની ખ્વાહિશાત (મનેચ્છાઓ) પર કન્ટ્રોલ રાખશે તો એનો મતલબ એ કે તેણે શયતાન પર ક઼ાબૂ હાંસલ કરી લીધો.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયત એ છે કે તે દુનિયાની મહોબ્બત તથા ગૈરુલ્લાહની અઝમત દિલમાંથી કાઢી નાખે છે, નફ્સની કમજોરીની શિકાયત દૂર કરે છે. **જે શખ્સ તુલૂઅ આફતાબના સમયે તથા મધ્ય રાત્રે يَا جَبَّارُ يَا قَهَّارُ يَا ذَا الْبَطْشِ الشَّدِيد** *(યા જબ્બારુ યા કહ્હારુ યા ઝલ્બત્શિશદીદ)* **નું વિર્દ ૧૦૦ વાર કરશે તો તેનો જાલિમ દુશ્મન તબાહ થશે.** સાથે આ શબ્દો પણ કહેવામાં આવે. **خُذْ حَقِّی مِمَّنْ ظَلَمَنِی وَ عَدَا عَلَیَّ** *(ખુઝ હક્ક઼ી મિમ્મન્ ઝલમની વ અદા અલૈય)* "હે અલ્લાહ ! મારો હક્ક઼ તેનાથી લઈ લે જેણે મારા પર જુલ્મ તથા જબરદસ્તી કરી."

અરબઈને ઈદરીસિયામાં છે કે નીચે જણાવેલ દુઆ

**يَا قَاهِرَ يَا ذَا الْبَطْشِ الشَّدِيدِ أَنْتَ الَّذِی لَا يُطَاقُ انْتِقَامُهٗ**

**"યા ક઼ાહિર યા ઝલ્બતશિશ્શદીદિ અન્તલ્લઝી લા યુતાકુન્તિકામુહ."**

જો ચીનીના પ્લેટ પર લખવામાં આવે તો મુશ્કેલીઓ આસાન થશે, અને જો જંગના ઝંડા પર લખવામાં આવે તો દુશ્મન મગ્લૂબ થશે.

# અલ્ વહ્હાબ/اَلوَهَّابُ

## (સૌથી વધારે અતા કરનાર)

**સમજૂતી** : સખાવત તથા અર્પવું જ્યારે મક઼સદ અને બદલાથી ખાલી હોય તો તેને 'હિબા' કહેવામાં આવે છે. અને જ્યારે તે અંદાઝથી અર્પણ કરેલ વસ્તુઓ ખૂબ જ પ્રમાણમાં વધી જાય તો અર્પણ કરનાર જવ્વાદ તથા વહ્હાબ કહેવાય છે. અને હક઼ીક઼ી અતા, હિબા તથા જૂદ (સખાવત) ફક્ત અલ્લાહ તરફથી જ થઈ શકે છે.

**દર્સ તથા સબક઼** : ઈન્સાનોમાં આ પ્રમાણે અતિશય પ્રમાણમાં ખર્ચ કરવાવાળો કોણ થઈ શકે છે ? હા ! જો કોઈ એ જઝબાનો માણસ હોય કે માલ તો માલ, જાન પણ રઝાએ ઈલાહી માટે વગર અફસોસે ખર્ચી નાખે, એટલા માટે નહીં કે તેને જન્નત જોઈએ છે, ન તો તે જહન્નમના અઝાબથી બચવા ચાહે છે, અને ન તો તે તુરંત કોઈક નફો ચાહે છે, બલ્કે ફક્ત અલ્લાહની રઝા ચાહે છે. તો એવા મોમિનને જરૂર જવ્વાદ તથા વહ્હાબ કહેવામાં આવી શકે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો : જે શખ્સ નમાઝે ઈશ્રાક઼ના સજદામાં اَلوَهَّابُ**નો વિર્દ કરશે અલ્લાહ તેના માટે માલદારી આસાન ફર્માવશે, અને લોકોના દિલોમાં તેના પ્રત્યે ખૌફ પેદા કરશે, અને તે અલ્લાહનો મક઼બૂલ બંદો બનશે. હઝરત શિબ્લી رضی اللہ عنہએ અબૂ અલી ષક઼ફીના સાથીઓમાંથી એકને પૂછયું, અસ્માએ હુસ્નામાંથી શાનો વિર્દ કરો છો ? તેણે જવાબ આપ્યો **اَلوَهَّابُ**નો. હઝરત શિબ્લી رضی اللہ عنہએ ફર્માવ્યું, **તેના**

**માલદાર હોવાનું કારણ આ જ છે !** જે માણસ નીચે જણાવેલ કલેમાત છ વાર કહેશે તે દુઆની મક્બૂલિયત ઘણી જ મુજર્રબ છે. **اَللّٰهُمَّ هَبْ لِیْ مِنْ رَحْمَتِكَ مَا لَا يُمْسِكُهٗ أَحَدٌ غَيْرُكَ**

**અલ્લાહુમ્મ હબ્લી મિર્રહ્મતિક માલા યુમ્સિકુહુ અહ્દુન ગૈરુક** છ વાર કહે. એ જ પ્રમાણે દરેક નમાઝ બાદ ઈમાનની હિફાઝત માટે નીચે જણાવેલ આયત સાત વાર પઢવી જોઈએ.

**رَبَّنَا لَا تُزِغْ قُلُوبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً إِنَّكَ أَنْتَ الْوَهَّابُ**

**રબ્બના લાતુજિગ્ કુલૂબના બઅ્દ ઈઝ્ હદૈતના વહબ્લના મિલ્લદુન્ક રહ્મતન્ ઈન્નક અન્તલ્ વહ્હાબ.** *(સૂરએ આલે ઈમ્રાન–૮)*

## અર્રઝ્ઝાક્/الرَّزَّاقُ
**(દરેકને રોજી આપનાર)**

**સમજૂતી** : આ જ ઝાતે રોજી તથા રોજી હાંસલ કરવાવાળાઓને પેદા ફર્માવ્યા અને તેમના માટે રિઝ્ક્ની વ્યવસ્થા કરી, તેનાથી ફાયદા હાંસલ કરવાના સબબો તથા માધ્યમો પેદા ફર્માવ્યાં. રિઝ્ક્ બે પ્રકારનું છે : રિઝ્કે ઝાહિર : જે જિસ્માની ખોરાકને કહેવામાં આવે છે. રિઝ્કે બાતિન : આ ઈલ્મ, મારેફત તથા મુકાશેફાતને કહેવામાં આવે છે. આ દિલોનો ખોરાક તથા રિઝ્ક્ છે. આ જ રિઝ્ક્ એટલે કે દિલોનો ખોરાક તથા ઈલ્મો મારેફત, જાહેર છે કે જિસ્માની ખોરાકના મુક્ાબલામાં

ઘણો જ અફઝલ છે.

રઝ્ઝાક઼ જેને ચાહે છે ઘણા વિસ્તારથી રિઝ્ક઼ આપે છે અને જેને ચાહે છે કમ રિઝ્ક઼ આપે છે. પરંતું તેનો વાયદો છે **لَئِنۡ شَکَرۡ تُمۡ لَاَ زِیۡدَنَّکُمۡ**. "હે બંદાઓ ! જો તમે મારો શુક્ર અદા કરશો તો હું અધિક અતા કરીશ."

**દર્સ તથા સબક઼** : મોમિન અલ્લાહની આ સિફતથી બે રીતે ફાયદો હાંસલ કરી શકે છે :–

૧. અલ્લાહની સિફતે રઝ્ઝાકિયતનો સારી રીતે ઈલ્મ હાંસલ કરે અને દિલમાં યક઼ીન જમાવી લે કે રઝ્ઝાક઼ ફક઼્ત અલ્લાહ જ છે, એટલા માટે મોમિન બીજા કોઈથી રોજીની રાહ ન જુએ અને ન કોઈ બીજા પર આના વિશે ભરોસો કરે.

૨. અલ્લાહથી મોમિન દુઆ કરે કે અલ્લાહ તેને હિદાયત આપવાવાળુ જ્ઞાન, સારી ઝબાન, ફાયદો આપવાવાળી બુદ્ધિ અતા કરે. અને મોમિન પોતાની વાત તથા કામકાજમાં મૌલાની મરજીના મુજબ હોય તો તે રઝ્ઝાક઼ તેના દિલને જરૂર સાલેહ ખોરાક પહોંચાડશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે **મોમિન પોતાની રોજી વધારવા ફજરની નમાઝ પહેલાં ઘરના દરેક ખૂણામાં یَارَزَّاقُને વિર્દ ૧૦ વાર કરે. એ રીતે કે મકાનને ક઼ાબા શરીફની દિશામાં રાખે અને જમણી બાજુથી શરૂ કરે. ઈન્શાઅલ્લાહ ! રોજીમાં બરકત થશે.**

અરબઈને ઈદરીસિય્યહમાં છે કે શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે :–

سُبْحَانَكَ يَارَبَّ كُلِّ شَيْءٍ وَّوَارِثَهُ وَارَزِقَهُ **સુબ્હાનક યા રબ્બ કુલ્લિ શયઇંવ વવારિષહુ વ રાઝિક઼હુ.** આ શબ્દોનો વિર્દ કોઈ પાબંદીની સાથે કરશે તો **હાકિમોથી તેને કોઈ હાજત હશે તો પૂરી થશે.** જ્યારે આવો મક઼સદ તથા ઈરાદો હોય તો આ દુઆને ૧૭ વાર પઢે તેની હાજત પૂરી થશે.

અને જો કોઈ સવારે નર્યા કોઠે (સવારે કશું ખાધા વગર) આ **દુઆને ૨૦ વાર પઢશે** તો **અલ્લાહ તઆલા તેના દિમાગને એવું સાફ ફર્માવશે કે તે ભેદો તથા બારીકી સુધી પહોંચવા લાગશે.** અને જો કોઈ જુમ્આની નમાઝ બાદ **૧૦૦ વાર** પઢશે તેનું સીનુ ખુલી જશે, અને મરીઝ (બીમાર) પઢશે **શિફા પામશે,** અને પરેશાન હાલ પઢશે તો તેની **પરેશાની દૂર થશે.**

## અલ્ ફત્તાહ઼/اَلْفَتَّاحُ

## (સૌથી વધારે ખોલનાર)

**સમજૂતી :** આ તે મુબારક નામ છે જેની ઈનાયત તથા કરમથી દરેક બંધ વસ્તુ ખુલે છે અને જેની રહનુમાઈથી દરેક મુશ્કેલી આસાન થાય છે. તે ફત્તાહ એક તરફ દુશ્મનોના મુલ્કોને ઈમાનવાળાઓ માટે ફતેહ ફર્માવે છે તો બીજી તરફ આરેફીનનાં દિલોથી પર્દાઓ ઉઠાવી આલમે મલકૂત તથા મફાતેહુલ ગૈબ સુધી પહોંચાડી આપે છે. અને આરેફીનના માટે આલમે મલકૂત તથા આલમે ગૈબ ખુલી જાય છે, અને તે દરેકનો ફાતેહ હક઼ીક઼ી અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક઼** : બંદામાં એટલી બેક઼રારી પેદા થાય કે તે એ હદ સુધી પહોંચી જાય કે મુશ્કેલીઓના તાળાંઓ તેની ઝબાનથી ખુલવા લાગે અને દુનિયાની એવી ઘણી બધી ચીજો જે બીજાઓ પર મુશ્કેલ હોય પરંતું બંદા માટે એ અલ્લાહ તઆલાની મદદથી આસાન થઈ જાય. આ રીતે તે બંદાને તે હક઼ીક઼ી ફત્તાહની એક રોશની હાંસલ થઈ જાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના વિર્દથી મામલાઓ આસાન થાય છે અને દિલ રોશન થાય છે અને ફતહ તથા કુશાદગી પર બંદો ક઼ાદિર થાય છે. **જે માણસ ફજરની નમાઝ બાદ પોતાના સીના પર હાથ રાખીને يَافَتَّاحُ ૭૧ વાર પઢશે તેનું દિલ પાક અને તેનું ઝમીર રોશન થશે અને તેના મામલાઓ આસાન થશે અને રિઝ્ક઼ વગેરેના નવા નવા દરવાજા ખુલશે.**

## અલ્ અલીમ اَلْعَلِيْمُ

**(ઘણો જ ઈલ્મવાળો)**

**સમજૂતી** : હક઼ીક઼ી ઈલ્મવાળો તે જ છે. તેના ઈલ્મનો કમાલ એ છે કે તે દરેક ચીજને ઘેરેલ છે. કોઈ પણ ચીજ તેના ઈલ્મથી બહાર નથી. તેના ઈલ્મના વિસ્તારની કોઈ હદ નથી. તેનો ઈલ્મ ઝાતી તથા દુનિયાની દરેક ચીજ તેના મુશાહેદા (લક્ષ)માં છે, અને એવી જાહેર છે કે કોઈ વસ્તુ પણ તેના સામે જરા પણ પર્દામાં નથી. મખ્લૂક઼ાત પાસે જે કાંઈ ઈલ્મ છે તે એ જ અલીમનો અતા કરેલ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પણ ઈલ્મવાળો હોય છે તે

તમામ પર જાહેર છે, અને ઘણા ભાષા શાસ્ત્રીઓએ અલીમનું જ બહુવચન ઓલમા બતાવેલ છે. પરંતું બંદાનો ઈલ્મ અતાઈ, મુત્નાહી (સીમિત) હાદિષ (નવસર્જન પામેલ) છે, અને અલ્લાહનો ઈલ્મ ઝાતી, અસીમ, કદીમ (હમેશાંથી) છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** **اَلعَلِيمُ** (અલીમ)ની ખાસિયત એ છે કે બંદો ઈલ્મ તથા મારેફત હાંસલ કરવા ભરપૂર કોશિશ કરે. જે આ પ્રમાણે ભરપૂર કોશિશ, દિલચસ્પી તથા લગનની સાથે ઈલ્મમાં મશ્ગૂલ થશે તેને અલ્લાહની સહીહ મારેફત હાંસલ થશે. અને અને તેનામાં પૂર્ણપણે અલ્લાહનો ખૌફ પેદા થશે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **اِنَّمَا يَخۡشَى اللّٰهَ مِنۡ عِبَادِهِ الۡعُلَمَاۗءُ** ''બેશક ! અલ્લાહના બંદાઓમાંથી સાચા અર્થમાં ઉલમા જ અલ્લાહથી ડરે છે.''

*(સૂરએ ફાતિર, આ. ૨૮)* જે આ મુબારક નામનો વિર્દ કરશે તેના પર ઘણા જ અલ્લાહના ભેદો ખુલશે. અને જે પણ પોતાના રબ્બે અલીમથી સવાલ કરશે તે અતા ફર્માવશે. જો તે શખ્સ ચાહશે કે તેના માટે સિફતે ઈલાહીના દરવાજા ખુલી જાય તો યકીનન ! તેના માટે ઈલ્મો અમલ બંનેના દરવાજા ખુલશે. એ જ પ્રમાણે મુબારક નામ **عَلَّامُ الغُيُوبِ** ''અલ્લામુલ ગુયૂબ'' વિશે લખવામાં આવેલ છે કે **જે શખ્સ આ નામનો વિર્દ પૂરા ધ્યાન તથા પાબંદીની સાથે કરશે તો તેના ઉપર ઘણા બધા ગૈબો ખુલશે તથા દિલોની કૈફિયતો તેના પર જાહેર થઈ જશે. તેની રૂહ આલમે બાલા સુધી પરવાઝ કરશે તથા કાએનાતના ઘણા વાકિઆત તથા રાઝોથી પર્દાઓ ઉઠવા લાગશે.** અરબઈને ઈદરીસિયામાં છે કે :–

يَا عَلَّامُ الغُيُوبِ فَلَا شَيْءٌ يَفُوتُهُ
مِنْ عِلْمِهِ وَلا يَؤُودُهُ

**યા અલ્લામુલ ગુયૂબિ ફલા શય્ઉન યફતુહુ મિન્ ઈલ્મિહિ વલા યઊદુહુ.** જણાવેલ શબ્દોનો **જે હમેશાં વિર્દ કરશે તેની દિમાગી શક્તિ વધશે અને નિસ્યાન (ભૂલવાની બીમારી) દૂર થશે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

## القَابِضُ، البَاسِطُ અલ્ ક઼ાબિઝ-અલ્ બાસિત

**ક઼બજો કરનાર, કુશાદા (માલ વગેરેમાં વધારો) કરનાર**

**સમજૂતી** : તે જ છે જે મોતના સમયે રૂહોને શરીરોથી ક઼બ્ઝ ફર્માવે છે તથા જિંદગી આપવાના સમયે રૂહોને શરીરોમાં નાખે છે. તે જ સદક઼ાતને માલદારોથી લઈ કંગાળોને અતા ફર્માવે છે. એટલા માટે કે સોસાયટીમાં સમાનતા જળવાય રહે. એવા દિલો જે પોતાના રબની તરફ રુજૂઅ તથા તવજ્જોહ નથી કરતાં તો તે એવાં દિલોની દુનિયાને સમેટીને લિમિટેડ ફર્માવી દે છે. જે દિલો તેના તરફ મુતવજ્જેહ થાય છે તેમને પોતાના લુત્ફો કરમથી નવાઝે છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં ક઼ાબિઝ તથા બાસિત તે થઈ શકે છે જેને અલ્લાહ અજીબ અજીબ હિકમતોથી નવાઝે છે. અને જેમને કલેમાતે જામિઆથી ઈકબાલમંદ (નસીબદાર) ફર્માવે છે. તેમને કદીક તો પોતાના બંદાઓનાં દિલોને પોતાની બેહિસાબ નેઅમતોથી વાકેફ ફર્માવીને ખોલી આપે છે, અને કદી બંદાઓનાં

દિલોને પોતાના જલાલ તથા કિબ્રિયાઈ તથા અલગ અલગ અઝાબો તથા આજમાઈશોથી ડરાવીને સમેટી દે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક નામ **القَابِضُ**ની ખાસિયત એ છે કે તે રૂહો, શરીરો અને જાનોને કૃબ્ઝ ફર્માવે છે. **તેનો એક સારો અમલ એ છે કે જે માણસ રોટલીના ટુકડા પર ચાલીસ દિવસ સુધી સતત લખીને ખાશે તેને ફરી કદીય ભૂખમરાની તકલીફ નહીં ઉભી થાય.**

ઈસ્મ મુબારક البَاسِطُ **(અલ્બાસિત)**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દરેક વસ્તુમાં વુસ્અત (વિશાળતા) થાય છે, ખાસ કરીને **રિઝ્કમાં ઘણો વધારો થાય છે. જે શખ્સ ઈશ્રાક્ની નમાઝ બાદ ૧૦ વાર પઢશે તેના રિઝ્કમાં વધારો થશે. જે શખ્સ પોતાના હાથોને આસ્માનની તરફ ઉઠાવી ૧૦ વાર પઢી પોતાના હાથોને ચહેરા પર ફેરવી લેશે તેના માટે માલદારીના દરવાજા ખુલશે.**

## અલ્ ખાફિદ્-અર્રાફિઅ્ الخَافِضُ، الرَّافِعُ

**(નીચો કરનાર–બુલંદ કરનાર)**

**સમજૂતી :** અલ્લાહ જ કાફિરોને બદ્બખ્તીના વડે પસ્ત (નીચા) ફર્માવે છે અને મો'મિનોને ખુશકિસ્મતીના વડે બુલંદ ફર્માવે છે. પોતાના વલીઓ તથા મહબૂબોને કુર્બથી નવાઝી બુલંદ ફર્માવે છે. તથા પોતાના દુશ્મનોને પોતાની રહમતથી દૂર કરીને પસ્ત ફર્માવે છે.

**દર્સ તથા સબક :** આ બંનેવ મુબારક નામોથી બંદાઓનો

હિસ્સો એ છે કે તે દરેક જગાએ હક્ક઼ને સરબુલંદ કરે અને બાતિલને નીચુ કરે, એવી રીતે કે હક્ક઼ પર કાઈમ રહેવાવાળાની મદદ કરે અને બાતિલ પરસ્તને નીચા કરવામાં કોઈ કસર ન છોડે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلْخَافِضُની ખાસિયત એ છે કે **જે માણસ ૧૦૦ વાર પઢશે તેની હાજત પૂરી થશે અને તેના મહત્વનાં કામો સંપૂર્ણ થશે.** اَلرَّافِعُ**ની ખાસિયત એ છે કે જે કોઈ ૭૦ વાર પઢશે તેને જાલિમ તથા સરકશ લોકોથી આફિયત તથા છૂટકારો મળશે.**

## અલ્ મુઈઝ્ઝુ-અલ્ મુઝિલ્લુ اَلْمُعِزُّ، اَلْمُذِلُّ

### (ઈઝ્ઝત આપનાર-ઝિલ્લત આપનાર)

**સમજૂતી :** તે જ ઈજ્જત દેવાવાળો છે, જેને ચાહે તેને બાદશાહી તથા હુકમરાની અતા ફર્માવે છે. અને જેને ચાહે તેને એ હોદ્દાથી હટાવી દઈ ઝિલ્લત સુધી પહોંચાડે છે અને હક઼ીક઼ી ઈજ્જત એ છે કે ઝિલ્લત તથા નફ્સની ખ્વાહિશાત પર કંટ્રોલ હોય અને જેહાલતમાં ઐબથી મહેફૂઝ હોય.

**દર્સ તથા સબક઼ :** જે મો'મિન બંદો એ પરિસ્થિતિમાં હોય કે તેનાથી ઈજ્જત મળે અને જેના વર્ચસ્વથી બીજાઓને પ્રતિષ્ઠા મળે તો સમજો કે તેને મુઈઝ્ઝનું એક પ્રતિબિંબ મળ્યું. કેટલાક આરિફોનું કહેવું છે કે આ મુબારક નામથી બંદાનો એ હિસ્સો હોવો જોઈએ કે બંદો હક્ક઼ અને હક્ક઼વાળા લોકોને તાક઼ત તથા ઈજ્જત આપે અને ઈતાઅત તથા બંદગીમાં

મશગૂલ રહે, ગુનાહો તથા નાફર્માનીથી બચે. એટલા માટે કે ઈસ્લામમાં ઈજ્જતનો દારોમદાર આજ્ઞાપાલન પર અને ઝિલ્લતનો દારોમદાર નાફર્માની પર છે. શું કોઈ વિચારી શકે છે કે તે પોતાના રબની નાફર્માની કરે અને રબ તેને ઈજ્જત આપે ? એવું હરગિઝ નથી થઈ શકતું. સત્ય એ જ છે કે ઈજ્જતનો સંબંધ આજ્ઞાપાલનથી છે. અલ્લાહ અને તેના રસૂલ ﷺની પૈરવી જ હક઼ીક઼તમાં ઈજ્જત તથા વક઼ારની નિશાની છે.

ઈસ્મે મુબારક اَلْمُذِلُّ **(અલ્ મુઝિલ્લુ)**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે બાતિલ તથા બાતિલ ગ્રુપને ઝિલ્લત તથા રૂસ્વાઈ પહોંચાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક اَلْمُعِزُّ**(અલ્ મુઈઝ્ઝુ)**ની ખાસિયત એ છે કે મખ્લૂક઼ના દિલોમાં ઈજ્જત તથા વક઼ાર પૈદા કરે છે. જે શખ્સ સોમ અથવા જુમ્આના દિવસે મગરિબની નમાઝ પછી ૪૦ વાર يَامُعِزُّ **(યા મુઈઝ્ઝુ)**નો વિર્દ કરશે તો અલ્લાહ તઆલા લોકોના દિલોમાં તેની ઈજ્જત તથા ખૌફ પેદા કરશે.

ઈસ્મે મુબારક નામ اَلْمُذِلُّ **(અલ્ મુઝિલ્લુ)** ની ખાસિયત એ છે કે તેના વિર્દથી જાલિમ તથા હાસિદથી નજાત મળે છે. જે શખ્સ તેને ૭૫ વાર પઢી સજદામાં જઈ દુઆ માગશે તુરત જ જાલિમ તથા હાસિદથી અમ્ન શાંતિ હાંસલ થશે. (ઈન્શાઅલ્લાહ !)

અરબઈને ઈદરીસીયામાં છે કે :–

**يَامُذِلَّ كُلِّ جَبَّارٍ بِقَهْرِ عَزِيزٍ سُلْطَانُهٗ (યા મુઝિલ્લ કુલ્લિ**

**જબ્બારિન્ બિક઼હ્રિ અઝીઝિન સુલ્તાનુહુ)** જે શખ્સ દરરોજ સાત હજારવાર પઢશે તેનો દુશ્મન દફેઅ થશે અને જેનું કોઈના પર કરજ હશે તે ટાળી રહ્યો હોય તો તેને હાંસલ કરવામાં યક઼ીનન આસાની થશે. (ઈન્શાઅલ્લાહ !)

## અસ્સમીઅ્ السَّمِيعُ

## (દરેક વસ્તુનો સાંભળનાર)

**સમજૂતી** : રબ તઆલા એવો સાંભળનાર છે કે તેની શ્રવણ શક્તિ (સમાઅત)થી કોઈ ચીજ બહાર નથી, અને તે સાંભળવાના યંત્ર (માધ્યમ)થી પાક સાફ છે.

**દર્સ તથા સબક઼** : બેશક ! બંદો પણ સાંભળે છે પણ તેની સમાઅત (શ્રવણશક્તિ) સીમિત છે. તે તમામ સાંભળવામાં આવતી શ્રવણ શક્તિ તથા ઘેરાવથી આજિઝ છે. એ ફર્ક પણ છે કે બંદો કાનથી સાંભળે છે જે આફતોનો શિકાર બનતો રહે છે. આ મુબારક નામથી બંદામાં એ સ્પ્રિટ પેદા થવી જોઈએ કે જ્યારે અલ્લાહ સમીઅ છે તો પોતાની ઝુબાનની હિફાઝત કરે અને પોતાની મોટાભાગની સાંભળવાની શક્તિને કલામે ઈલાહી તથા કલામે રસૂલ ﷺ સાંભળવામાં વાપરે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દુઆઓ મક઼બૂલ થાય છે. જે માણસ ચાશ્તની નમાઝ બાદ જુમેરાતના દિવસે ૫૦૦ વાર પઢશે તે મુસ્તજાબુદ્ દઅવાત (દુઆ ક઼બૂલ પામનારો) થશે.

## અલ્બસીર الْبَصِيرُ

## (દરેક ચીજને જોનાર)

**સમજૂતી** : તે એવો જોવાવાળો છે કે તેના મુશાહિદાથી (દષ્ટિથી) સૃષ્ટિનો કોઈ કણ બહાર નથી અને તેનું જોવું યંત્ર વગેરેથી પાક સાફ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પણ જુએ છે પણ તેની બસારત (દષ્ટિ) તથા નજર સીમિત છે. તેમાં સબક઼ એ છે કે અલ્લાહે તેને જે નજર આપી છે તો તેના દ્વારા અલ્લાહની અજીબ તથા વિવિધ પ્રકારની નિશાનીઓ તથા આસમાનની અજાઈબીઓને જુએ, અને તેનાથી ઈબ્રત હાંસલ કરી એ યક઼ીન રાખે કે તે અલ્લાહ તઆલાની નજર સમક્ષ છે. અને એ વાતને મહત્વ આપે કે તેનું કોઈ કામ અલ્લાહના મુશાહેદા (નજર)થી બહાર નથી. જો મોમિન દિમાગમાં એ ખ્યાલ રાખે કે તેણે પોતાના કેટલાંક બુરા કામોને બંદાઓથી છુપાવી લીધાં છે તો તેણે અલ્લાહની બસારતને કોઈ એહમિયત ન આપી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે તેનાથી બંદાને ખૂબ ખૂબ તૌફીક઼ મળે છે. જે શખ્સ જુમ્આની નમાઝ પહેલાં ૧૦૦ વાર يَابَصِيرُ **(યા બસીર)** પઢશે અલ્લાહ તેની બસીરતને ખોલી દેશે અને તેને વાણી તથા વર્તનની બેહતરીન તૌફીક઼ અતા ફર્માવશે.

## અલ્હ઼કમ الحَكَمُ

## (સહીહ ફેંસલો ફર્માવનાર)

**સમજૂતી** : અલ્લાહ જ હાકિમે હક઼ીક઼ી છે. તેના હુકમ તથા ફેંસલાને કોઈ ટાળી નથી શક્તું. બંદાઓના હક઼્ક઼માં તેનો ફેંસલો એ છે કે ઈન્સાનના માટે તે જ કાંઈ છે જેની તેણે કોશિશ કરી. અને ઈન્સાન જરૂર પોતાની કોશિશોનું રિઝલ્ટ જોશે. અને એ કે નેક લોકો જરૂર જન્નતમાં અને બુરા લોકો જહન્નમમાં રહેશે. નેક લોકો માટે તેનો ફેંસલો ખુશબખ્તીનો અને બુરા લોકો માટે બદ્ક઼િસ્મતી તથા મેહરૂમીનો છે. તેનો મતલબ એ છે કે નેકી અને બુરાઈને તે એક એવો સબબ બનાવે છે કે નેકી કરવાવાળો સઆદત તથા ખુશ ક઼િસ્મતી હાંસલ કરે છે જ્યારે બુરાઈ કરવાવાળો બદ્ક઼િસ્મતી તથા મેહરૂમીનો શિકાર થાય છે. તેનું ઉદાહરણ દવા અને ઝહેર છે. દવા તંદુરસ્તીનો સબબ છે તો ઝહેર હલાકતનો સબબ છે. જે દવા ખાશે તંદુરસ્તી પામશે અને જે ઝહેર ખાશે મૃત્યુ પામશે. તે જ સબબોને પેદા ફર્માવી તેના રિઝલ્ટ સુધી પહોંચાડે છે. એટલા માટે કે તે મુત્લક઼ન હુકમ તથા ફેંસલા કરવાવાળો છે. તેના હુકમ તથા ફેંસલાની એક શાખ ક઼ઝા અને ક઼દર (તક઼દીર) છે, અને કોઈ ચીજ તેની ક઼ઝા અને ક઼દરથી બહાર નથી.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ الحَكَمُ **(અલ્હકમ)**થી જે સબક઼ મળે છે તે બિલ્કુલ જાહેર અને સાફ છે, અને તે એ છે કે કોઈ વસ્તુ તેના હુકમ અને ફેંસલા વગર હરકત પણ નથી કરી શક્તી. આ સિફત પર સોચ વિચાર કર્યા પછી પરિણામ

એ બહાર આવે છે કે કઝા અને કદર સર્વ મુકમ્મલ છે.

**جف القلم بماهو كائن** કલમ બધુ જ લખી ચૂકેલ છે અને ખુશબખ્તોની નેક નસીબી તથા બદબખ્તોની બદ્નસીબી પણ લખાય ચૂકેલ છે. જયારે આ હાલત છે તો કોઈના દિમાગમાં એ સવાલ આવી શકે કે હવે કામકાજ તથા કોશિશની શું જરૂરત છે ? તેનો જવાબ સરકારે દો આલમ ﷺ આપે છે કે **اَعْمَلُوا فَكُلٌّ مُيَسَّرٌ لِمَا خُلِقَ لَهُ** "અમલ કરો દરેક શખ્સને તે અમલ આસાન કરી આપશે જેના માટે તેને પૈદા કરવામાં આવ્યો છે."

તેનો મતલબ એ છે કે જે શખ્સ માટે સઆદત લખાય ચૂકેલી છે તો યકીનન તે કોઈ કારણથી મુકદ્દર થયેલ છે, અને તે કારણ ઈતાઅત (આજ્ઞાપાલન) છે. અને જેના માટે શકાવત થતા બદબખ્તી મુકદ્દર કરી દીધેલ છે તે કારણ બેઅમલી અને ગુનોહ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયત એ છે કે જે શખ્સ એક અરસા સુધી મધ્ય રાત્રે વુઝૂ કરી પૂરા ધ્યાનથી તથા લગનથી આ નામનો વિર્દ કરશે અલ્લાહ તેના બાતિનને ભેદોનો ખજાનો બનાવી દેશે.

## અલ્ અદ્લ اَلْعَدْلُ

**(ઘણો જ ન્યાય કરનાર)**

**સમજૂતી :** આદિલ તે છે જેનાથી અદલો ઈન્સાફનાં કામો જાહેર થાય અને જુલ્મો સિતમ એનાથી બહાર ન પડે.

અને એવો શખ્સ આદિલ કહેવામાં નથી આવતો જે ઈન્સાફને ન જાણતો હોય અને જેનાં કામો નથી જાણી શકાતાં તેનો અદ્લ પણ નથી જાણી શકાતો. અલ્લાહની આ સિફતને જે સારી રીતે સમજવા માગતો હોય તેના માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાના એ તમામ અફઆલ (કામો) જે આસ્માનની બુલંદીઓથી જમીનના સૌથી નીચલા તબકા સુધી ફેલાયેલ છે તેમને પોતાની નજરો સમક્ષ રાખે તેમજ પોતાના શરીરની બનાવટ તથા અંગોની ઉમદા ગોઠવણ પર વિચાર કરે. જેવી રીતે માણસનું શરીર ઘણા જ અંગોથી બનેલ છે તેવી જ રીતે સૃષ્ટિના પણ ઘણા જ હિસ્સા અને અંગો છે. દરેક હિસ્સાની જે જગા હતી તેને ત્યાં જ ફિટ કરવામાં આવેલ છે. જો એવું ન હોત તો તે હિકમતવાળાનો બંદોબસ્ત વેરવિખેર થઈ જાત.

તેણે સૃષ્ટિના ઘણા હિસ્સાઓને શરીર તથા રૂહથી પેદા ફર્માવ્યા અને દરેક ચીજનું શ્રેષ્ઠ સર્જન કર્યું. આ રીતે તે ફૈયાઝ છે અને દરેક ચીજને તેની જગા પર ફીટ કરી એ તેનો ઈન્સાફ છે.

રબ તઆલાનું આ ઈસ્મ મુબારક તથા તમામ મુબારક નામોના માખઝ તથા જેનાથી તે નીકળેલ છે તેના પર જો ગહરી નજર રાખવામાં આવે તો યકીનન ! અસ્મા મુબારકાને સાચા અર્થમાં સમજી શકાય છે અને તેના સાચા અર્થો ભાવાર્થો દિમાગમાં બેસી શકે છે.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ اَلعَدلُ **(અલ્અદ્લ)**થી સબક઼ તથા નસીહત એ લેવી જોઈએ કે પ્રથમ પોતાની જાત સાથે ઈન્સાફ કરી નફસની ખ્વાહિશો તથા ગુસ્સાને પોતાની બુદ્ધિ તથા દીનનો કૈદી બનાવે, શરીઅતની

હદોનો પૂરો લિહાઝ કરે તથા હિફાઝત કરે, પોતાનાં તમામ અંગો સાથે ઈન્સાફ કરે, અને તેની સાથે ઈન્સાફ એ છે કે દરેક અંગને શરીઅતે ઈજાઝત આપેલ તરીક઼ા પર ઉપયોગમાં લે. બાદમાં પોતાનાં બીવી બચ્ચાં તથા રિશ્તેદારો સાથે ઈન્સાફ કરે અને દરેક ચીજને તેના સહી સ્થળે રાખે. સાથોસાથ અલ્લાહના આદિલ હોવા પર એ રીતે ઈમાન રાખે કે તે પોતાની તદબીર તથા ફેંસલાઓમાં દરેક હાલતમાં આદિલ છે.

**ફાયદાઓ ખાસિયતો :** તેની ખાસિયત દિલોની તસ્ખીર (તાબેઅ કરવું) છે. જે શખ્શ રોટલીના ૨૦ ટુકડાઓ પર જુમ્આની રાતમાં يَا عَدْلُ "યા અદ્લ" લખીને ખાઈ લેશે તો તમામ મખ્લૂક઼ તેના તાબેઅ થશે.

અરબઈને ઈદરીસિયામાં છે કે :–

يَا كَرِيمَ الْعَفْوِ ذَا الْعَدْلِ قَدْ مَلَأَ كُلَّ شَيْءٍ عَدْلُهُ

**યા કરીમલ્ અફ્વિ ઝલ્અદ્લિ ક઼દ મલઅ કુલ્લ શયઈન્ અદ્લુહુ.**

આ દુઆનો જે હુકમરાનો પાબંદીની સાથે વિર્દ કરશે તો તેના અદ્લના ચર્ચા થશે. અને જો તે આલિમ હશે તો મખ્લૂક઼માં તેનો ઈલ્મ ફેલાશે.

## અલ્ લતીફ઼ اللَّطِيفُ

**(ઘણોજ બારીક બીં (સુક્ષ્મ દ્રષ્ટિવાળો)**

**સમજૂતી :** લતીફ એને કહે છે જે નાની નાની બારીક જરૂરતોને જાણી લઈ જરૂરતમંદો સુધી મહેરબાની તથા

નરમીની સાથે પહોંચાડે. અને જાહેર છે કે અલ્લાહ સિવાય કોણ છે જે અંદરની હાજતોનો ઈલ્મ રાખતો હોય ! લતીફના મતલબને વિસ્તારથી લખવા કિતાબના ઘણા હિસ્સા જોઈએ. હા ! ખૂબ જ ટૂંકમાં થોડા વાક્યોમાં આ મુજબ બયાન કરી શકાય કે તેના લુત્ફો કરમનું એક ઉદાહરણ એ છે કે બાળકને માના પેટમાં પડ પછી પડવાળા અંધકારમાં પેદા ફર્માવી નાફ (દૂંટી)ના દ્વારા ખોરાક પહોંચાડે છે. પછી બીજા તબક્કામાં તે બાળક મોઢા વડે ખોરાક લેવા લાગે છે. પછી પૈદાઈશ બાદ શિખવાડયા વગર માની છાતીએથી દૂધ પીવાનો તે ઈલ્હામ ફર્માવે (દિલમાં વાત નાખે) છે. અને રાતના અંધકારમાં પણ તે બાળક એ જ પ્રમાણે દૂધ પીવા લાગે છે. પછી તે લતીફ એ બાળકને દાંતો એટલા માટે મોડેથી આપે છે કે દૂધ પીવાના સમયે તેને દાંતોની જરૂરત નથી રહેતી પછી જ્યારે ખાવા ચાવવાનો ટાઈમ આવે છે તો દાંતોને પેદા ફર્માવે છે. અને દાંતોની એવી બેહતરીન ગોઠવણ કે પહોળા દાંતો પીસવા માટે, અણીદાર દાંતો તોડવા માટે તથા સામેના ધારદાર દાંતો કાપવા માટે, આ બધા તે લતીફના કરિશ્માઓ છે. ત્યાર બાદ જીભ જેનું કામ બોલવુ છે તેને પણ ખોરાકને પીસવાની જગા સુધી પહોંચાડવાનું  કામ કરવાનું હોય છે. આ બધો તે લતીફનો જ લુત્ફો કરમ છે.

તેના લુત્ફો કરમનો એક મઝહર (નઝારો) એ છે કે તે પોતાના બંદાઓને જરૂરતથી વધારે અતા ફર્માવે છે. અને તેમને ઓછી તાકતવાળાં કામો કરાવાવાળો બનાવે છે. તેના લુત્ફો

કરમનો એક અંદાઝ એ છે કે તે જાનવરોના ખૂન તથા ગોબરમાંથી દૂધ પેદા ફર્માવે છે. મધમાખીથી મધ, કીડાઓમાંથી રેશમ, છીપમાંથી મોતી કાઢે છે. આ બધાથી તઅજ્જુબવાળી વાત એ છે કે ઈન્સાનને નાપાક ક઼તરા (ટીપા)થી પૈદા ફર્માવે છે, પછી તેને પોતાની મારેફત તથા ઈલ્મ અને અમાનત ઉઠાવનાર બનાવી મલકૂતે સમાવત (આસ્માનના ફરિશ્તાઓ)નો મુશાહેદો કરનાર બનાવે છે.

**દર્સ તથા સબક઼ :** આ મુબારક નામથી સબક઼ લેવો જોઈએ કે મોમિનના કિરદાર એવા હોવા જોઈએ કે બીજાઓ સાથે નમ્રતાથી વર્તાવ કરે અને ખૂબ જ નમ્રતાપૂર્વક હક્ક઼ની દાવત તરફ તથા હમેશાંની નેકનસીબી તરફ માર્ગદર્શનનો ફરીઝો અંજામ આપે. અને આ મહત્વની જવાબદારી પણ ખૂબસૂરત શબ્દોની જગાએ ઉમદા સીરત, સારા અખ્લાક઼, તથા પાકીઝા કિરદારના વડે અદા કરવામાં આવે તો સૌથી બેહતર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે બંદો **يَا لَطِيفُ** **યા લતીફ** પોતાના રબને યાદ કરશે તેના દુઃખ દર્દ દૂર થશે અને જે શખ્સ ૧૦૦ વાર અથવા ૧૩૩ વાર વિર્દ કરશે તેની દરેક પ્રકારની તંગી વિશાળતામાં બદલાય જશે અને દરેક જગાએ તેની સાથે સારો વર્તાવ થશે.

## અલ્ ખબીર اَلْخَبِيرُ

## (ઇલ્મ તથા ખબર રાખવાવાળો)

**સમજૂતી :** તે ઝાત જેના માટે છુપી ખબરો પણ છુપાયેલ ન હોય તે અલીમની જેમ છે. પરંતુ અલીમની નિસ્બત જ્યારે

બાતિની (અંદરના) મામલાઓની તરફ કરવામાં આવે છે તેને ખિબરહ કહે છે, અને જેની પાસે આ ખિબરહ હોય તેને ખબીર કહે છે. ખિબરહ કહે છે એટલે હક઼ીક઼તે હાલથી વાકેફ હોવું

**દર્સ તથા સબક઼** : બંદા માટે આ મુબારક નામથી સબક઼ એ છે કે તે પોતાના માહોલ, દિલી કૈફિયત તથા દિલથી કોન્ટેકટ રાખવાવાળી ગુપ્ત (છુપાયેલ) વસ્તુઓ જેમ કે નફસની ખયાનતના ધોકા વગેરેથી પૂરેપૂરો ખબરદાર રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે કે તેનો વઝીફો કરવાવાળો દરેક ચીજથી ખબરદાર થશે. જે શખ્સ સાત દિવસ સુધી **يَاخَبِيرُ "યા ખબીર"**નો વિર્દ કરશે તેની રૂહાનિયત એટલી વધી જશે કે તે વર્ષભરની ખબરો તથા બાદશાહોની ખબરોથી પણ વાકેફ થઈ જશે. જો કોઈ મોમિન કોઈ મૂઝી ઈન્સાન (તકલીફ દેનાર)ના કાબૂમાં હશે અને **يَاخَبِيرُ "યા ખબીર"**નો વિર્દ કરે તો આ વિર્દથી તેની હાલત સુધરશે.

## અલ્ હ઼લીમ اَلْحَلِيمُ
## (વિનયી તથા સંયમી)

**સમજૂતી** : તે સંયમી જે નાફર્માનોના ગુનાહોને જુએ છે તો પણ તેનો જલાલ તથા ગઝબ ભડકતો નથી, અને તે તાક઼ત તથા કુવ્વતવાળો હોવા છતાં બદલો લેતો નથી, એટલા માટે કે તે હલીમ છે.

**દર્સ તથા સબક઼** : આ નામ મુબારકથી બંદાનો શું

ભાગ હોવો જોઈએ તે એકદમ જાહેર છે. બંદાના અખ્લાક઼માં વિનયતા તથા સહનશીલતા સારી ખૂબીઓ છે, તેનાથી ખાસ તથા આમ દરેક સારી રીતે વાકેફ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે 'હલીમ' માણસની સરદારી કાયમ તથા બાકી રાખે છે અને તેને સુકૂન મળે છે, સાથોસાથ તેની નીચેવાળાઓને પણ સુકૂન મળે છે. જો કોઈ હાકિમ **يَاحَلِيمُ યા હલીમ**નો વિર્દ કરશે તો તેને વર્ણન કરેલ મક઼સદ હાંસલ થશે. જો કોઈ માણસ કાગળ પર **يَاحَلِيمُ યા હલીમ** લખી પાણીથી ધોઈને કોઈ સારી ચીજ પર તે પાણી લગાડશે તો તેની બરકત જાહેર થશે, અને જો કશ્તી (વહાણ)માં આ અમલ કરવામાં આવે તો ડૂબવાથી મેહફૂઝ રહેશે. એ જ પ્રમાણે જો આ પાણી જાનવર પર છાંટવામાં આવે તો મેહફૂઝ રહેશે. અરબઈને ઈદરીસિયામાં શેખ સુહરવર્દી ફર્માવે છે કે **يَا حَلِيمُ ذَا الأَنَاةِ فَلَا يُعَادِلُهُ شَيْءٌ مِنْ خَلْقِهِ યા હલીમુ ઝલ્અનાતિ ફલા યુઅદિલુહુ શયઉન્ મિન્ખલ્કિ઼હિ.** નો જે વિર્દ કરશે તે મકબૂલ તથા ઈજ્જતવાળો થશે, અને તેનું દિલ એવું મજબૂત થશે કે જંગલી ફાડી ખાનાર જાનવરો પણ તેના પર ક઼ાબૂ હાંસલ નહીં કરી શકે.

અને જે શખ્સ બિહી (એક જાતના ખાટાં ફળ) પર તેને લખીને કોઈને ખવડાવશે તો તે તેનાથી મહોબ્બત કરવા લાગશે અને જે સફરજન પર લખી આ પ્રમાણે કરશે તેને પણ આ મક઼સદ હાંસલ થશે.

# અલ્ અ઼ઝીમ اَلعَظِیمُ

## (ઘણી જ અઝમતવાળો)

**સમજૂતી** : એવી અઝમતવાળો કે બુધ્ધિ ખરેખર તેની હક઼ીક઼તના ઊંડાણમાં ન પહોંચી શકે. એવો અઝીમ જે બુધ્ધિની તમામ હદોથી પણ વધીને હોય. અને આ ફક્ત અલ્લાહ તઆલાની શાન અઝીમ છે.

**દર્સ તથા સબક઼** : અંબિયાએ એઝામ તથા ઓલમાએ કિરામ જરૂર એવા અઝીમ હોય છે કે એક બુદ્ધિમાન જ્યારે તેમની અઝમતોથી વાકેફ થઈ જાય છે તો તેનું સીનું ખૌફો જલાલથી લબરેઝ તથા તેનુ દિલ વક઼ારથી ભરાય જાય છે. આપણા આક઼ા ﷺ પોતાની ઉમ્મતમાં અઝીમ છે, અને શયખ પોતાના મુરીદોમાં અઝીમ હોય છે અને ઉસ્તાઝ પોતાના શાર્ગિદોમાં અઝીમ હોય છે. અને યક઼ીનન! સૈયદુલ અંબિયા ﷺની સિફતોની અઝમત સુધી આપણી બુદ્ધિ નથી પહોંચી શક્તી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે ખૂબ જ અધિક પ્રમાણમાં یَاعَظِیمُ **'યા અ઼ઝીમ'**નો વિર્દ કરે છે તેને ઈજ્જત તથા વક઼ાર પણ મળે છે. અને તે તમામ દર્દ તથા તકલીફથી શિફાયાબ થઈ જાય છે.

અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :–

یَا عَظِیمُ ذَا الثَّنَاءِ الفَاخِرِ وَالعِزِّ وَ المَجدِ
وَالکِبرِ یَاءِ فَلَا یُذَلُّ عِزُّهُ

**'યા અઝીમુ ઝષ્ષનાઈ ફાખિરિ વઈઝ્ઝિ વલ્મજ્દિ વલ્કિબ્રિયાઈ ફલાયઝલ્લુ ઈઝ્ઝતુ'** ને જો કોઈ સુલ્તાન અથવા હાકિમથી ડર અનુભવતો હોય તે ઉપરોક્ત શબ્દો ૧૨ વાર પઢી પોતાની ઉપર ફૂંકી લેશે તો જરૂર તેને શાંતિ મળશે. વધારે ગુનાહો હોવાથી નાઉમ્મીદ થયેલ શખ્સ જો આ અમલ કરશે તો લુત્ફે રબ્બાની હાંસલ કરશે.

## અલ્ગ઼ફૂર اَلْغَفُوْرُ

## (સૌથી વધારે બખ્શનાર)

**સમજૂતી** : આ નામ ગફફારના અર્થમાં છે. પણ ગફૂરમાં એક એવો અર્થ પણ છે જે ગફફારમાં નથી. ગફફારનો મતલબ એ છે કે વારંવાર મગફેરત ફર્માવે છે. ઈલ્મે સર્ફમાં આ અતિશયોક્તિદર્શક છે કે તે વારંવાર મગફેરત ફર્માવે છે. જ્યારે ગફૂર મગફેરતનો કમાલ, ઉમૂમ તથા ઉમદાપણાને બતાવે છે. આમ ગફૂરનો અર્થ એ થયો કે તેની મગફેરત મુકમ્મલ છે. આ પણ મુબાલેગાનો સેગો (અતિશયોક્તિ સૂચક) છે પણ આમાં મગફેરતની ખૂબી તથા કમાલમાં અતિરેક (મુબાલેગા) હેતુ છે.

**દર્સ તથા સબક઼** : આ સિફતે બારી તઆલાથી બંદાનો ભાગ એ છે કે તે પોતાના મુસ્લિમ ભાઈની એવી વાતો પર પર્દો રાખે છે કે તેના જેવી વાતોનું ખુદ પોતાના માટે ખુલવુ નાપસંદ હોય. પોતાના ભાઈની સારી વાતોને ફેલાવી બુરી વાતોને ત્યજી દઈ પર્દામાં રાખે અને તેની સાથે સદવર્તાવ કરે.

**ફાયદા તથા ખાસિયત :** દર્દ તથા તકલીફને દૂર કરી આપવી એની ખાસિયત છે. તાવમાં સપડાયેલ માણસ માટે یَاغَفُوْرُ **"યા ગફૂર"** ત્રણવાર સાફ પ્લેટમાં લખવામાં આવે અને એનું પાણી પીવડાવી દેવામાં આવે તો અલ્લાહના હુકમથી એનો તાવ ઉતરી જશે.

## અશ્શકૂર اَلشَّكُوْرُ
## (સારો બદલો આપનાર)

**સમજૂતી :** તે સારો બદલો આપનાર જે થોડી તાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારી પર ઘણો જ બદલો અતા ફર્માવે છે. દુનિયામાં ગણતરીના દિવસોમાં બંદો અમલ કરે છે તો તેને દુનિયાની નેઅમતોની સાથે આખેરતમાં જન્નતમાં એવી નેઅમતો અતા ફર્માવશે જે હમેશાં તથા કાયમ રહેશે અને અસીમિત હશે.

**દર્સ તથા સબક઼ :** બંદાનો મિજાઝ એવો હોવો જોઈએ કે પોતાના એહસાન કરવાવાળા ભાઈનો શુક્ર કરવાવાળો હોવો જોઈએ. કોઈક વાર ઝબાનથી પ્રશંસા કરીને તો કોઈક વાર એહસાનનો બેહતર બદલો આપીને શુક્ર અદા કરે. ઈસ્લામમાં આ શ્રેષ્ઠ ખૂબી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, مَن لَّمْ يَشْكُرِ النَّاسَ لَمْ يَشْكُرِ اللّٰهَ "જે લોકોનો શુક્ર અદા નથી કરતો તે અલ્લાહનો શુક્રગુઝાર નથી થઈ શક્તો." રહી વાત અલ્લાહનો શુક્ર અદા કરવાની, તો જાહેર છે કે મોમિન તેના હુકમનું પાલન કરે, નહીં તો બંદો અલ્લાહનો શુક્ર અદા કરી

જ નથી શકતો. જો શુક્રમાં બંદો તેની તારીફ કરે તો તેની પ્રશંસા અધૂરી થશે, અને જો બંદો તેની ઈતાઅત તથા બંદગી કરશે તો ખુદ તેના એહસાનથી કરશે. તે જ શક્તિ તથા તૌફીક઼ આપશે તો આજ્ઞાપાલન તથા ઈબાદત થશે. હા ! રબની નેઅમતો પર શુક્ર ગુઝારીનો બેહતરીન તરીક઼ો એ છે કે તે નેઅમતોને ગુનાહોના બદલે ઈતાઅતમાં વાપરે. જાહેર છે કે તે પણ અલ્લાહની તૌફીક઼થી જ થશે.

**ફાયદા તથા ખાસિયતો :** ઈસ્મે મુબારક اَلشَّکُوْرُની ખાસિયત એ છે કે તેના વડે શરીર તથા જાન દરેક ચીજમાં આફિયત તથા બરકત હાંસલ થશે. **જે શખ્સને દમ (શ્વાસ ચડવાની બીમારી) થાક તથા શરીરના ભારેપણાની શિકાયત હોય તે સાફ પ્લેટ પર લખી તેનું પાણી પીએ તથા શરીર પર લગાડે તો અલ્લાહના હુકમથી શિફા પામશે. અને જેને કમજોર નજરની શિકાયત હોય તે ૨૦ વાર લખી બતાવેલ તરીક઼ા પર અમલ કરે, ઈન્શા અલ્લાહ જરૂર બરકત મળશે.**

## અલ્અ઼લિય્યુ اَلْعَلِیُّ
## (ઘણો જ બુલંદીવાળો)

**સમજૂતી :** તે બુલંદ મર્તબાવાળો જેના મર્તબાની ઉપર કોઈનો મર્તબો નથી અને તમામ મર્તબાઓ તેના હેઠળ છે. આ દુનિયા તથા આલમે અક઼લમાં જેટલા દરજાઓ તથા મર્તબાઓ છે સર્વ તેની બુલંદીના મુક઼ાબલામાં નીચા તથા

કમતર છે. આ ફર્ક઼ એવો છે જે એક કામિલ તથા અધૂરા અને સબબ તથા મુસબ્બબના વચ્ચે છે, તે યક઼ીનન ! પોતાની બુલંદીમાં કામિલ છે અને મખ્લૂક઼ અધૂરી છે. علىનો શબ્દ علوّ નીકળેલ છે, જેનો અર્થ બુલંદી છે.

જો મવજૂદાતની બુલંદીઓની કેટેગરી બનાવવામાં આવે તો જાહેર છે કે અલ્લાહ સૌથી ઉચ્ચ મક઼ામ પર રહેશે. એટલા માટે સહી તાબીર એ છે કે તે જ મુત્લક઼ન બુલંદ છે અને એના સિવાય જે બુલંદ છે તે પોતાની નીચેના કમ રુત્બાવાળાની સરખામણીમાં બુલંદ છે. એટલે કે મખ્લૂક઼ાતમાં કોઈ પણ તેની બુલંદીઓમાં શરીક નથી.

**દર્સ તથા સબક઼ :** બંદો على "અલી" મુત્લક઼ હોવાનો ખ્યાલ કદાપિ ન કરે અને હમેશાં પોતાના દિમાગમાં એ ખ્યાલ રાખે કે આ'લાથી આ'લા મર્તબા પર પહોંચ્યા બાદ પણ તેના પર બુલંદ અલ્લાહ જ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** અલ્લાહ તઆલાનું આ નામ નાની નાની બાબતોને પણ બુલંદી સુધી પહોંચાડે છે. તેની ખાસિયતો અગણિત છે. **નાના બાળકના ગળામાં લખીને લટકાવવામાં આવે તો એની બરકતથી એ બાળક પુખ્ત ઉંમર સુધી પહોંચશે. અજનબી શખ્સ તે નામનુ તાવીઝ પહેરશે તો અલ્લાહના ફઝલો કરમથી પોતાનાં સગાંઓ સુધી પહોંચશે અને નાદાર (માલ વિહોણો) શખ્સ તેનું તાવીઝ પહેરશે તો માલદારી નસીબ થશે.**

## અલ્કબીર الكَبِيرُ

## (મહાન કિબ્રિયાઈવાળો)

**સમજૂતી** : તે રબ કિબ્રિયાઈવાળો છે અને કિબ્રિયાઈ ઝાતના કમાલને કહે છે. અને જાતના કમાલથી હેતુ વજૂદનો કમાલ છે. અને કમાલે વજૂદ પલ્ટીને બે બાબતોની તરફ જાય છે : (૧) વજૂદ કાયમી, હમેશાંનું હોય અને (૨) અલ્લાહના વજૂદથી સર્વ મખ્લૂકાતનું અસ્તિત્વ છે અને તમામ અસ્તિત્વ તેનાથી જ કાયમ છે. એટલે કે کبیرનો મતલબ એ થયો કે તે એવી કિબ્રિયાઈવાળો છે જેનાથી તમામ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં كَبِيرٌ (કબીર) તે શખ્સ છે જે એવો કામિલ હોય કે તેની સારી સિફ઼તો (ખૂબીઓ) તેની ઝાતમાં સીમિત ન હોય બલ્કે તેની બરકતો બીજાઓ સુધી પહોંચે. અને બંદાનો કમાલ તેની અક઼્લ, ઈલ્મ, તક઼્વો ત્રણેવમાં નમૂદાર (પ્રદર્શિત) હોય. આ કક્ષાનો જે શખ્સ હશે તે યક઼ીનન کبیر "કબીર" કહેવાશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે શખ્સ ભરપૂર આ નામનો વિર્દ કરશે તેના માટે ઈલ્મો મારેફતના દરવાજા ખૂલી જશે. જો કોઈ શખ્સ ખાવા પર આ નામનો ઝિક્ર કરે અને મિયાં બીવી તેને ખાઈ લેશે તો તેમના વચ્ચે સમાધાન તથા સફાઈ થઈ જશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે : يَاكَبِيرُ أَنْتَ الَّذِى لَا تَهْتَدِى الْعُقُولُ لِوَصْفِ عَظَمَتِهِ "ય।

**કબીરુ અન્તલ્લઝી લા તહ્તદીલ્ ઉકૂલુ લિ વસ્ફિ અઝમતિહિ"**નો વિર્દ કરવાવાળો જો કર્ઝદાર હશે તો તેનું કર્ઝ અદા થઈ જશે અને તેની રોજીમાં બરકત થશે. અને તે શખ્સ જેને તેના હોદ્દાથી હટાવી દેવામાં આવ્યો હોય સાત દિવસ સુધી રોઝાની હાલતમાં ૧૦૦૦ વાર વિર્દ કરશે તો હોદ્દો ફરીથી હાંસલ કરશે, ભલે ને તે બાદશાહ હોય.

## અલ્ હ઼ફીઝ اَلْحَفِیْظُ

**(દરેકની હિફાઝત-દેખભાળ કરનાર)**

**સમજૂતી :** તે જ છે જે સૌની હિફાઝત ફર્માવે છે. તહફફુઝ તથા સલામતી કેવળ તેના તરફથી જ થાય છે. મુબારક નામ اَلْحَفِیْظُ **"અલ્ હફીઝ"** એ **"હિફ્ઝ"**થી બનેલ છે. અલ્લાહ તઆલાની હિફાઝત બે પ્રકારની છે : (૧) તમામ સૃષ્ટિના વજૂદને કાયમ તથા બાકી રાખે છે. જેમ કે આસ્માન જમીન વગેરે સૌને તેનાથી જ જિંદગી તથા તહફફુઝ હાંસલ છે. બીજી હિફાઝત એ કે સૃષ્ટિમાં જે એકબીજાના વિરોધી તથા દુશ્મન છે તે સૌને પણ હિફાઝત તે જ અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં હફીઝ તે શખ્સ છે જેનું દિલ તથા અંગો ગુસ્સાના પ્રભાવ, નફ્સાની ખ્વાહિશોના ફરેબ તથા શયતાનના ધોકાથી મેહફૂઝ તથા સલામત રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયત એ છે કે જે તેનો ઝિક્ર કરશે અથવા પોતાની પાસે લખીને રાખશે તે દરેક જગાએ બરકતો હાંસલ કરશે અને જો

કોઈ તેનું તાવીઝ પહેરીને હિંસક જાનવરો વચ્ચે સૂઈ જશે તો તે જાનવરો પણ તેને નુકસાન નહીં પહોંચાડે.

## અલ્ મુક઼ીત اَلْمُقِيتُ
## (સૌને રોજી દેનાર)

**સમજૂતી** : તે જ શરીરોનો ખોરાક પેદા ફર્માવે છે. તેને શરીરો સુધી પહોંચાડે છે અને દિલોનો ખોરાક ઈલ્મ તથા મારેફતને દિલો સુધી પહોંચાડે છે. આ અર્થમાં اَلْمُقِيتُ **"અલ્ મુક઼ીત"** રઝ્ઝાક઼ના અર્થમાં આવશે. અહીં એક ફર્ક જરૂર છે કે રિઝક઼ ખોરાક સિવાય પર પણ બોલવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ اَلْمُقِيتُ **"અલ્ મુક઼ીત"**થી બંદાનો ભાગ એ છે કે તે બીજાઓને ખવડાવે, પોતાના નફસ પર કંટ્રોલ કરે, ગાફિલોને ગફલતની ઊંઘમાંથી સીધા રસ્તા પર લગાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે જગાએ اَلْمُقِيتُ **"અલ્ મુક઼ીત"**નો ઝિક્ર થશે ત્યાં રોજીમાં બરકત તથા વધારો થશે. રોઝદાર તેને લખે અથવા માટી પર પઢી તેને પાણીમાં પીગાળીને સૂંઘશે તો તાકત મળશે. આમ જો કોઈ પ્યાલા પર ૭ વાર પઢે અને એના પર એને લખી પણ આપે, અને પોતાના સફરમાં તેના વડે તે પાણી પીએ તો તેને સફરના ડર તથા એકલાપણાનો એહસાસ નહીં થાય. ખાસ કરીને તેની સાથે સવાર સાંજ સૂરએ યાસીન પઢે તો એની બરકતમાં ઔર વધારો થશે આ અમલ ઘણો જ અજમાવેલ છે.

## અલ્ હ઼સીબ اَلْحَسِيْبُ

## (દરેકની હિફાઝત-વ્યવસ્થા) કરનાર)

**સમજૂતી** : તે એવી હિફાઝત કરવાળો છે કે જે તેનો થઈ જાય તો તેના માટે પૂરતો છે. અલ્લાહ દરેકની હિફાઝત ફર્માવે છે. દરેક મખ્લૂક઼ નાની હોય કે મોટી જાનદાર હોય કે બેજાન દરેકની કિફાયત કરે છે. આ એવી ખૂબી છે જે તેના સિવાય બીજામાં નથી હોઈ શક્તી. એટલા માટે કે આ પ્રકારની કિફાયત એવી ઝાત જ કરી શકે છે જે પોતાના વજૂદ તથા ક઼ાયમીપણા તથા કમાલે વજૂદની સાથે શ્રેષ્ઠ હોય. અને મૌજૂદાતમાં અલ્લાહ તઆલા સિવાય કોઈ ચીજ એવી નથી જે આ પ્રકારની કિફાયત કરી શકે.

**દર્સ તથા સબક઼** : બંદાને હસીબ તથા કાફી ફક્ત મજાઝન કહી શકાય છે. જો બંદો પોતાની ઔલાદની પૂરી નિગરાની તથા કિફાયત કરતો હોય અને ઉસ્તાદ પોતાના શાર્ગિદની તાલીમની કિફાયત કરતો હોય તો પણ અલ્લાહની મદદ સિવાય કાંઈ થઈ શક્તુ નથી. એટલા માટે કાફી અને હસીબ ફક્ત એ અલ્લાહ જ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના ઝિક્રથી કુંટુંબો અને સગા વહાલાઓમાં આફિયત તથા શાંતિ ફેલાય છે. મોટા ખતરાઓ જેમ કે ક઼ત્લ વગેરેમાં સપડાયેલ શખ્સ દરરોજ સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત બાદ ૭૭ વાર પઢ શે તેને અલ્લાહ એક અઠવાડિયા પહેલાં શાંતિ અતા કરશે. પઢવાની શરૂઆત જુમેરાતથી કરવાની રહેશે.

## અલ્ જલીલ اَلْجَلِيلُ

## (જલાલતની સિફતોવાળો)

**સમજૂતી** : જલાલતની સિફતો ફક્ત તેમાં જ છે. જલાલતની સિફતો આ છે : બે નિયાઝી, માલિકીપણુ, પાકીઝગી, ઈલ્મ તથા કુદરત વગેરે તમામ કમાલની સિફતો જેનાથી સાફ જાહેર છે કે મુત્લક્ જલીલ ફક્ત અલ્લાહ જ છે. અર્થાત كبير **''કબીર''**નો સંબંધ જાતના કમાલથી અને اَلْجَلِيلُ **''જલીલ''**નો સંબંધ સિફતોના કમાલની સાથે હોય છે અને عظيم **''અઝીમ''**નો સંબંધ કમાલે ઝાત તથા સિફાત બન્ને સાથે હોય છે. અને જ્યારે જલાલતની સિફતોની નિસ્બત બસીરત તરફ થાય છે હોય તો તેને સિફાતે જમાલ કહે છે, ભલે જમાલ અને હુસ્નના શબ્દો તો બાહ્ય ખૂબસૂરતી માટે છે જેને આંખો વડે જોઈ શકાય. પરંતુ મજાઝન તેને બાતિની હુસ્નો જમાલ માટે ફેરવી દેવાયું જેને દિલ દ્વારા જોઈ શકાય છે. જ્યારે એ સ્પષ્ટ થયું કે તે જલીલ છે તો એ પણ સ્પષ્ટ થયું કે તે જમીલ પણ છે. એક રિવાયતમાં છે :–

**إِنَّ اللّٰهَ جَمِيلٌ يُحِبُّ الْجَمَالَ** ''બેશક ! અલ્લાહ જમીલ છે અને ખૂબસૂરતી પસંદ ફર્માવે છે.'' અને જ્યારે અલ્લાહ જમીલ તો છે દરેક જમીલ મેહબૂબ હોય છે, એટલા માટે અલ્લાહ દરેક ઈમાનવાળાઓ માટે મેહબૂબ છે.

**દર્સ તથા સબક્** : જમીલ અને જલીલ તે થઈ શકે છે જેની આંતરિક સિફતો ઘણી સારી હોય જેનાથી દિલ ખુશ થાય. બાકી રહી બાહ્ય ખૂબસુરતી તો તેની કિંમત કાંઈ વધારે નથી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْجَلِيْلُ **"અલ્ જલીલ"**ની ખાસિયત એ છે કે તેનો ઝિક્ર કરનાર અને ઝાફરાન વગેરેથી લખીને પોતાની સાથે રાખનાર મશ્હૂર થાય છે અને લોકોની નજરમાં તેની ઈજ્જત વધી જાય છે.

## અલ્ કરીમ اَلْكَرِيْمُ
## (ઘણા જ લુત્ફો કરમવાળો)

**સમજૂતી** : કરીમ તે છે જે કુદરત રાખવા છતાં માફ કરી આપે અને જ્યારે વાયદો કરે તો વફા (પૂરો) કરે. અને જ્યારે અતા કરે તો ઉમ્મીદથી વધુ અતા કરે અને તેને પરવા ન હોય કે કેટલું દીધું અને કોને દીધું, અને ન તો તેનો એની પાસે કોઈ હિસાબ હોય. આવો કરીમ ફક્ત અલ્લાહ સુબ્હાનહુ તઆલા જ છે.

**દર્સ તથા સબક઼** : આ સિફતો કદી કોઈ બંદો પોતાનામાં પેદા કરી શકે છે, પરંતુ ઘણી પરેશાનીઓથી ગુઝરવુ પડશે. માલૂમ થયુ કે આ રીતે સંપૂર્ણપણે આ સિફતો પર ક઼ાયમ રહેવું કોઈ આસાન કામ નથી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْكَرِيْمُ **"અલ્ કરીમ"**નો વિર્દ જે કરતો રહેશે તેમાં ચોક્કસ લુત્ફો કરમનું તત્વ જરૂર પેદા થશે.

જે માણસ સુતા સમયે હમેશાં આ નામના ઝિક્રનો અતિરેક કરશે તો અલ્લાહ લોકોનાં દિલોમાં તેની ઈજ્જત પેદા ફર્માવશે, અને જે આદમી પાબંદીની સાથે **"યા** يَاكَرِيْمُ ذَا الطَّوْلِ الْوَهَّابُ

**કરીમુ ઝ્ત્તવ્લિલ્વહ્હાબ"**નો વિર્દ કરશે તેના ઘરમાં બરકતોનો સિલસિલો શરૂ થશે.

## અર્રક઼ીબ الرَّقِيبُ

## (સૌની દેખરેખ કરનાર)

**સમજૂતી** : ઈલ્મવાળો અને દેખરેખ કરવાવાળો. જે ચીજોનું એવું રક્ષણ કરે કે તે ચીજો તેની નિગાહથી ગાયબ ન થાય અને હમેશાં તેના પર એની નઝર હોય તેને રક઼ીબ કહે છે. મતલબ કે રક઼ીબનો સંબંધ ઈલ્મ તથા હિફાઝત બંનેવથી છે. અને તેમાં એ પણ જરૂરી છે કે આ ઈલ્મ અને હિફાઝત હમેશાં મુસ્તક઼િલ રહે.

**દર્સ તથા સબક઼** : બંદામાં આ સિફત તે સમયે પ્રશંસાપાત્ર બનશે જ્યારે તે પોતાના દિલ પર પૂરી ચોકી રાખશે અને તેને યક઼ીન હોય કે અલ્લાહ દરેક ચીજમાં તેનો ગવાહ અને નિગેહબાન છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ રક઼ીબ الرَّقِيبُની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી ખોવાયેલ વસ્તુઓ પાછી મળે છે, બાલ બચ્ચાં તથા માલની હિફાઝત થાય છે. જેની કોઈ ચીજ ગાયબ થઈ હોય તે જો يَارَقِيبُ **"યા રક઼ીબ"**નો ખૂબ જ પ્રમાણમાં ઝિક્ર કરે તો તે ચીજ તેને પાછી મળશે. એ જ પ્રમાણમાં જો કોઈને પેટમાં બચ્ચાના વિશે ખતરો હોય તો તે સાત વાર يَارَقِيبُ **"યા રક઼ીબ"** પઢી લે તો બાળક મેહફૂઝ થઈ જશે. અને જો કોઈ સફરના ઈરાદાવાળો હોય

અને પોતાના બાળકો પર કોઈ પ્રકારનો ખૌફ હોય તો તેની ગરદન પર પોતાનો હાથ રાખે અને સાત વાર يَارَقِيبُ **"યા રક઼ીબ"** પઢે તો ઈન્શાઅલ્લાહ ! તે ખૌફ દૂર થશે.

## અલ્ મુજીબ اَلْمُجِيبُ

## (સૌનુ સાંભળનાર)

**સમજૂતી :** તે માંગનારાઓ તથા દુઆ કરવાવાળાઓની દુઆ ક઼બૂલ ફર્માવે છે. ઘણી જ પરેશાનીમાં સપડાયેલ શખ્સની પરેશાની તે જ દૂર કરે છે, બલ્કે તેની શાન તો એ છે કે ઘણા વખતે વગર માગ્યે જ આપી દે છે. અલ્લાહ સિવાય આ સિફતવાળો કોણ હોઈ શકે ?

**દર્સ તથા સબક઼ :** મુબારક નામ اَلْمُجِيبُ **"અલ્ મુજીબ"**થી બંદા માટે સબક એ છે કે તે પોતાના રબના હુકમોનું પાલન કરે અને કોઈ વાતનો તે હુકમ કરે તો તેનું પાલન કરે. અને જે ચીજથી મના ફર્માવે તેનાથી દૂર રહે. આ રીતે બંદગીનો હક્ક઼ અદા થશે. જો લોકો તેનાથી પોતાની જરૂરિયાતો માગે અને તે બંદો તેને પૂરી કરવાની કુદરત ધરાવતો હોય તો તેમની જરૂરિયાત પૂરી કરે. અને જો શક્તિ ન ધરાવતો હોય તો સારા અંદાઝમાં માફી ચાહે. કોઈ મોમિન બંદાનુ દિલ ન તોડે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયત એ છે કે દુઆઓ જલ્દી ક઼બૂલ થાય છે. આ નામની સાથે બીજુ મુબારક નામ سَرِيعُ **"સરીઅ"**ને પણ સામેલ કરી લેવામાં આવે તો ઘણી તેજીથી દુઆઓ ક઼બૂલ થશે. અરબઈને

ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **"યા કરીબુલ મુજીબુલ્મતદાની કુલ્લ શયઈન ક઼રીબ" يَاقَرِيبُ الْمُجِيبُ الْمُتَدَانِى كُلَّ شَىْءٍ قَرِيبُهُ** જે શખ્સ પાબંદી સાથે આ શબ્દોનો વિર્દ કરશે તો તેના વિશે દુશ્મનોની ઝબાનો બંદ થઈ જશે. એના માટે ૨૩ દિવસ સુધી રોઝા રાખશે તો તેની અસર બમણી થઈ જશે.

## અલ્ વાસિઅ્ الْوَاسِعُ

## (ઘણી વિશાળતાવાળો)

**સમજૂતી** : આ મુબારક નામ વુસ્અતથી બનેલ છે. જો તેનાથી ઈલ્મની વિશાળતા મુરાદ લેવામાં આવે તો વાસિઅ તે કહેવાશે જેનો ઈલ્મ તમામ માલૂમાતને ઘેરેલ હોય. અને જો એહસાન અને બેહિસાબ નેઅમતોની વિશાળતા મુરાદ લેવામાં આવે તો જાહેર છે કે વિવિધ પ્રકારની નેઅમતો અને એહસાનોની બેહિસાબ વિશાળતા રાખવાવાળો ફક્ત તે જ વાસિઅ મુત્લક઼ હક્ક઼ સુબ્હાનહુ વ તઆલા છે.

**દર્સ તથા સબક઼** : બંદો પોતાના ઈલ્મ તથા અખ્લાકમાં વિશાળતા પેદા કરે તો તેને ન તો ફક઼ીરીનો ડર રહેશે. ન તેનામાં લાલચ જોર કરશે અને ન તો તેને હસદ કરવાળાઓના હસદનો ખતરો રહેશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ الْوَاسِعُ **"અલ્ વાસિઅ્"**ની ખાસિયત એ છે કે દરેક વસ્તુમાં વધારો, વિશાળતા થશે, હોદ્દામાં તરક્કી થશે. બંદાનો સીનો કીનો તથા

લાલચ વગેરેથી મેહફૂઝ રહેશે. અને તેનો ઝિક્ર કરનારને કનાઅત (જે મળે તેમાં રાજી)ની દૌલત પણ મળશે.

## અલ્ હકીમ اَلْحَكِيْمُ

**(ઘણી જ હિકમત તથા શાણપણવાળો)**

**સમજૂતી** : તે હિકમત તથા હોશિયારીવાળો છે. સારા ઈલ્મ દ્વારા બેહતરીન ચીજોની પેહચાનને હિકમત કહે છે. મુત્લક હકીમ તો અલ્લાહ જ છે. તે જ અઝીમ ઉલૂમ તથા અઝીમ ચીજોનો ઈલ્મ રાખે છે. અને અઝીમ ઈલ્મ તે જ અઝલી અને કાયમી રહેવાવાળો ઈલ્મ છે, જેના નાબૂદ થવાનો ખયાલ પણ નથી કરી શકાતો. હકીમ એવા શખ્સને કહેવામાં આવે છે જે પોતાની કારીગરીમાં ભરપૂર ફન (કલા કારીગરી)નું પ્રદર્શન કરે. અને તેની કારીગરીમાં મજબૂતી તથા કમાલ હોય.

**દર્સ તથા સબક** : એવો શખ્સ જે બધી ઘણી વસ્તુઓનો જાણકાર હોય પરંતુ અલ્લાહની પહેચાન તેને ન હોય તે હકીમ કહેવાને પાત્ર નથી. એટલા માટે કે ભલે ને તે જાહેરમાં ઘણી જ જાણકારી રાખતો હોય પરંતુ હકીકતમાં સૌથી વધારે અઝમત તથા ફઝીલતવાળી ઝાતથી નાવાકેફ છે !

આવા દાનિશવરોમાં સૌથી બુલંદ આકા ﷺની બરકતવાળી ઝાત છે. આપનાં હિકમત તથા દાનાઈવાળા થોડા અકવાલ આ પ્રમાણે છે :–

૧. સૌથી બુલંદ તથા આ'લા હિકમત ખૌફે ઈલાહી છે.

૨. ખામોશી હિકમત તથા દાનાઈ (હોશયારી) છે અને તેના વર્તનારા ઓછા છે.

૩. સબ્ર અડધુ ઈમાન છે.

૪. મોમિન એક દરથી બે વાર ડંખ નથી ખાતો.

૫. ઘોડાની હરિયાળીથી બચીને રહો. (એટલે કે બાહ્ય હુસ્નો જમાલથી અંજાઈને બદ કિરદાર ઔરતના નજીક ન જશો.)

આ સિવાય રસૂલલ્લાહ ﷺના ઘણા સોનેરી અક્વાલ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْحَكِيْمُ **''અલ્ હકીમ''**ની ખાસિયત છે કે જે તેનો ભરપૂર ઝિક્ર કરે છે પરેશાનીઓ તેનાથી દૂર ભાગે છે અને તેની સામે હિકમતના નવા દરવાજા ખુલે છે.

## અલ્ વદૂદ اَلْوَدُوْدُ

## (ઘણી જ મહોબ્બત કરનાર)

**સમજૂતી** : તે જ તમામ મખ્લૂક઼ના માટે બેહતરી ચાહે છે અને નરમી તથા મહોબ્બત ફર્માવે છે અને તેમની સાથે એહસાનો કરે છે. **''વદૂદ''** તથા **''રહીમ''**નો અર્થ લગભગ સરખો છે ફરક કેવળ અટલો છે કે રહીમ કમજોરો પર મહેરબાની કરે છે, અને વદૂદ દરેક સાથે મહોબ્બત ફર્માવે છે અને તેમને પોતાની રહમતોથી નવાઝે છે.

**દર્સ તથા સબક઼** : وَدُوْدٌ **''વદૂદ''** બંદાઓમાં તે થઈ શકે છે જે પોતાના માટે જે વસ્તુ પસંદ કરે તે તમામ

મખ્લૂક માટે પણ પસંદ કરે અને તેનાથી વધીને સદવર્તન એ કે તે પોતાના ઉપર બીજાઓને અગ્રતા આપે. અને તેનાથી પણ બુલંદ કિરદાર એ થઈ શકે છે કે હસદખોરો, દુશ્મનો સાથે પણ સદવર્તન કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયતમાંથી છે કે તેનો વિર્દ કરશે તેની મહોબ્બત દરેક સગાવહાલા સાથે વધશે. ખાસ કરીને મિયાં બીવીની મહોબ્બતમાં વધારો થશે. જે શખ્સ ખાવા પર **યા વદૂદો** ૧૦૦૦ વાર પઢી પોતાની બીવીની સાથે ખાશે તો તેની મહોબ્બત બીવી પર ગાલિબ થશે અને હકીકતમાં તે પોતાના પતિના હુકમોનું પાલન કરનાર બની જશે. દુઆએ તાજિર જે નીચે લખવામાં આવી રહેલ છે તેના વિશે એક રિવાયતમાં છે કે તેમાં અલ્લાહનું ઈસ્મે આ'ઝમ છે.

**يَا وَدُودُ يَا ذَا الْعَرْشِ الْمَجِيدُ يَا مُبْدِئُ يَا مُعِيدُ أَسْأَلُكَ بِنُورِ وَجْهِكَ الَّذِى مَلَأَ أَرْكَانَ عَرْشِكَ وَبِقُدْرَتِكَ الَّتِى قَدَرْتَ بِهَا عَلَىٰ جَمِيعِ خَلْقِكَ وَبِرَحْمَتِكَ الَّتِى وَسِعَتْ كُلَّ شَىْءٍ لَا إِلٰهَ إِلَّا أَنْتَ يَا مُغِيثُ أَغِثْنَا**

**યા વદૂદુ યાઝલ્ અર્શિલ મજીદુ યા મુબ્દિયુ અસ્અલુક બિનૂરી વજ્હકલ્લઝી મલા અર્કાન અર્શિક વબિકુદરતિકલ્લતી કદર્ત બિહા અલા જમીઈ ખલ્કિક વબિરહ્મતિકલ્લતી વસિઅત કુલ્લ શયઈન લાઈલાહ ઈલ્લા અન્ત યા મુગીષુ અગિષ્ના.** *(૩ વાર)*

ઘણા ઈમામો ફર્માવે છે આ દુઆમાં ઈસ્મે આ'ઝમ છે.

## અલ્ મજીદ اَلْمَجِيْدُ
## (અત્યંત બુઝુર્ગીવાળો)

**સમજૂતી** : તે શરફ તથા બુઝુર્ગીવાળો છે. તેની ઝાત પણ ખૂબસૂરત છે. તેનાં કામ તથા તેની સખાવત પણ અજોડ છે. ઝાતની બુઝુર્ગી તથા અતા અને સખાવત બન્નેવ જ્યારે ભેગા થાય તો તેને "મજીદ" અને "માજીદ" કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : બંદાનો આ મુબારક નામમાં એ હિસ્સો છે કે તે લોકો સાથે લુત્ફો કરમ તથા હુસ્ને અખ્લાક઼ સાથે મળે જેનાથી તે એમના વચ્ચે બુઝુર્ગી અને પ્રભાવ સાથે રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ **اَلْمَجِيْدُ** **"અલ્ મજીદ"**નો વિર્દ કરવાવાળાને જલાલત તથા ઈજ્જત હાંસલ થાય છે, સાથોસાથ બાહ્ય તથા આંતરિક તહારત (પાકી) નસીબ થાય છે, જાહેરી શકલો સૂરતમાં પણ રોનકનો વધારો થાય છે. ઓલમા કહે છે કે સફેદ દાગવાળો (કોઢી) ચાંદની રાતોમાં રોઝા રાખી દરેક રાત તથા ઈફતારના સમયે વધારે ને વધારે **اَلْمَجِيْدُ** **"અલ્ મજીદ"**નો વિર્દ કરશે તો ઈન્શાઅલ્લાહ શિફા પામશે.

## અલ્ બાઈષ الْبَاعِثُ

## (બીજીવાર જીવંત કરનાર)

**સમજૂતી** : તે જ ક઼યામતના દિવસે તમામ મખ્લૂક઼ાતને જીવંત કરશે. તમામ ક઼બ્રવાળાઓ અને સીનામાં છુપાયેલ વાતોને જાહેર કરશે. 'બઅષ'નો મતલબ એ છે કે તે છેલ્લીવાર સૌને જિંદગી અતા ફર્માવશે. અલ્લાહની સિફત બાઈષનો મતલબ એ જ શખ્સ સારી રીતે સમજી શકે છે જે બઅષ તથા હશ્રો નશ્રના મતલબને સારી રીતે સમજી શક્તો હોય. દષ્ટિવાળાઓની નજીક આ વાત બિલ્કુલ સાફ છે કે ઈન્સાન હમેશાંના માટે પેદા કરવામાં આવ્યો છે, તેના સુધી ફનાનો કોઈ રસ્તો નથી. હા ! એ વાત જરૂર છે કે તેનો તસર્રુફ શરીર સાથેથી ક્યારેક કાપી નાખવામાં આવે છે, ત્યારે કહેવામાં આવે છે કે તે મોતની ગોદમાં ચાલ્યો ગયો. અને જ્યારે તેને બીજીવાર જિંદગી પાછી આપવામાં આવશે તો કહેવામાં આવશે કે તે જીવંત થઈ ગયો. તેને જ "બઅષ" કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : આ મુબારક નામથી ઈન્સાનોનો હિસ્સો ફક્ત એ જ થઈ શકે છે કે તે મખ્લૂક઼ને ઈલ્મે દીનનો ફાયદો પહોંચાડે અને અલ્લાહ તઆલાની તરફ દઅવત આપે. ઈલ્મ તથા ઈમાન વગર ઈન્સાન મુર્દા છે, તેને જે ઈલ્મ તથા દીનની જિંદગી અતા કરે છે તે જાણે કે તેને ઝિંદા કરે છે. અને અંબિયાએ કિ઼રામ عَلَيْهِمُ السَّلَام આવી જિંદગી અતા કરવા જ આ દુનિયામાં તશરીફ લાવે છે.

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

يٰأَيُّهَا الَّذِينَ آمَنُوا اسْتَجِيبُوا لِلّٰهِ وَلِلرَّسُولِ إِذَا
دَعَاكُمْ لِمَا يُحْيِيكُمْ

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલના બોલાવવા પર લબ્બૈક કહો, કેમ કે રસૂલ એના માટે બોલાવે છે જે તમને જીવન આપશે. *(સૂરએ અન્ફાલ, આ. ૨૪)*

એટલે કે નબી તમને એવી અઝીમ મુબારક તા'લીમાત આપવા બોલાવે છે જે તમારા માટે જિંદગી બખ્શનાર છે. અંબિયાએ કિરામ પછી ઓલમાએ રબ્બાની પણ આ જ કિરદાર અને મુક્દસ ફરજ અંજામ આપે છે, તેમને પણ મજાઝન્ બાઈષ કહી શકાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક નામ **اَلْبَاعِثُ** **''અલ્ બાઈષ''**ના વિર્દથી આલમે ગયબના પર્દા ઉઠે છે. જે શખ્સ સૂવાના સમયે પોતાનો હાથ સીના પર રાખી ૧૦૦ વાર **اَلْبَاعِثُ** **''અલ્ બાઈષ''**નો વિર્દ કરશે. અલ્લાહ તઆલા તેના દિલને મુનવ્વર ફર્માવશે અને તેને ઈલ્મો હિકમતથી નવાઝશે.

## અશ્શહીદ اَلشَّهِيْدُ

**દરેક વસ્તુનો મુશાહેદા (દીદાર) કરનાર**

**સમજૂતી :** મુબારક નામ اَلْعَلِيْمُ **''અલ્ અલીમ''**ની જેમ શહીદ પણ છે. જ્યારે ઈલ્મની સાથે ગૈબી તથા આંતરિક મામલાઓ પણ મળી જાય તો તેને ''ખબીર'' કહે છે. અને જ્યારે બાહ્ય મામલા મળી જાય તો તેને શહીદ કહીશું. એટલે

કે કામિલ ઈલ્મની સાથે તમામ મામલા મુશાહેદા (દર્શન)માં હોય તો એવા મુશાહિદને શહીદ કહેવામાં આવશે.

**દર્સ તથા સબક઼ :** બંદા માટે મુબારક નામ **الشَّهِيدُ** **''શહીદ''**માં સબક઼ એ છે કે તે અલ્લાહ તઆલાની ઈબાદત એ રીતે કરે કે અલ્લાહ તેને જોઈ રહ્યો છે અને ઈબાદત દરમિયાન જે કલમાઓ ઝબાનથી નીકળતા હોય તેને સારી રીતે તે જાણતો હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ નામની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી બંદો બાતિલથી હક઼્ક઼ની તરફ પલ્ટે છે. નાફર્માન ઔલાદ તથા બીવીની પેશાની (કપાળ) પર સહેરીના સમયે અમુકવાર **يَاشَهِيدُ** **''યા શહીદ''**નો વિર્દ કરવામાં આવશે તો બન્નેવ સહીહ તથા નોર્મલ થઈ જશે.

## અલ્ હક઼્ક઼ الحَقُّ

## (હક઼ીક઼ત તથા હક઼્ક઼ાનિયતવાળો)

**સમજૂતી :** તે વાજિબુલ વજૂદ ઝાત જેનો વુજૂદ જ હક઼ીક઼ી વજૂદ છે. બસ તે જ હક઼્ક઼ છે, તેના સિવાય બધા જ વજૂદ મજાઝી છે. હક઼્ક઼નું વિરુદ્ધાર્થ બાતિલ છે. નબીએ કરીમ ﷺ એ લબીદ બિન રબીઅહ આમિરીના આ શેઅરને અરબોમાં સૌથી સારો શેઅર ગણાવ્યો. અર્થ :–

''અલ્લાહ તઆલા સિવાય દરેક વસ્તુ બાતિલ છે, દરેક નેઅમત તથા સુખ ચૈન ખત્મ થનાર છે.''

એવી દરેક વાજબી વાત જે દરેક રીતે બુદ્ધિ પ્રમાણે હોય

તેને પણ હક્ક઼ કહેવામાં આવે છે. અક઼વાલ પર પણ હક્ક઼ તથા બાતિલનો ઈત્લાક઼ (બોલવામાં આવે) થાય છે.

**દર્સ તથા ખાસિયત :** બંદા માટે આમાં પાઠ એ છે કે તે પોતાને ગલત વજૂદની જેમ સમજે અને યક઼ીન રાખે કે અલ્લાહ સિવાય કોઈ વસ્તુનો ક઼રાર તથા વજૂદ નથી, એટલા માટે કે કોઈ ચીજ ખુદ વજૂદમાં નથી આવી બલ્કે અલ્લાહના વજૂદ આપવાથી વજૂદમાં આવેલ છે.

સૂફિયાએ કિરામમાં ફનાફીલ્લાહનું સત્વ ગાલિબ રહે છે એટલા માટે તેમની ઝુબાનો પર હક્ક઼ હક્ક઼ જારી રહે છે. તે ઝાતે હક઼ીક઼ીને મુલાહેઝા (પરખે) કરે, તેના સિવાય દરેક ચીજને ફાની સમજે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** તેની ખાસિયતમાંથી છે કે એક ચોરસ કાગળના ચારેવ ખૂણા પર **اَلحَقُّ "અલ્ હક્ક઼"** લખવામાં આવે અને સહેરીના સમયે તેને હથેળીમાં રાખી તેને આસ્માનની તરફ બુલંદ કરવામાં આવે તો તેનાથી અલ્લાહ દરેક ગમથી નજાત અને દરેક સખ્ત કામમાં કામયાબી આપશે.

**لا إِلٰهَ إِلا اللّٰهُ الحَقُّ المُبِينُ "લાઈલાહ ઈલ્લલ્લાહુલ્ હક઼્કુલ મુબીન"** જે શખ્સ દરરોજ ૧૦૦ વાર પઢવાની પાબંદી કરશે તેની ફક઼ીરી તથા નાદારી ખત્મ થઈ જશે અને તેની અન્ય બાબતો પણ આસાન થઈ જશે. અને જે શખ્સ દરરોજ ૧૦૦૦ વાર **یا حق "યા હક્ક઼"**નો વિર્દ કરશે તેના અખ્લાક઼ અને સ્વભાવમાં ઘણી ખુશગવાર તબદીલી અને બેહતરી આવશે.

# અલ્ વકીલ الوَكِيلُ

**(કારસાઝ કામ બનાવનાર ક઼ાદિરે મુત્લક)**

**સમજૂતી** : તે ઝાત જેના તરફ તમામ મામલાઓ સોંપી દેવામાં આવે. કેટલાક એવા વકીલ હોય છે જેમને અમુક મામલાઓ સોંપવામાં આવે છે, જ્યારે કેટલાક એવા વકીલ હોય છે જેમને તમામ કામ સોંપવામાં આવે છે. અને આવી સોંપણી ફક્ત અલ્લાહની ઝાત સાથે જ સંબંધ ધરાવે છે અને આવી સિફત અલ્લાહ સુબ્હાનહુ તઆલાની જ છે, એટલા માટે વકીલે મુત્લક઼ અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ الوَكِيلُ **''અલ્ વકીલ''** થી બંદાના માટે સબક઼ એ છે કે જેમ અલ્લાહ તઆલા તમામ મખ્લૂક઼ માટે મુત્લક઼ કારસાઝ છે. બંદો પણ પોતાના અન્ય ભાઈ માટે કારસાઝ બને અને મદદ કરે અને દરેક શખ્સ પોતાનાં તમામ કામો અલ્લાહને સોંપી તેનાથી આરઝૂ રાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયતોમાંથી છે કે તેના વિર્દથી હાજતો પૂરી થાય છે અને મુસીબતો ટળે છે. જે તોફાન વીજળી વગેરેથી ડરતો હોય તે આ મુબારક નામનુ રટણ કરશે તો તેનો ખૌફ દૂર થશે અને રોજીના નવા નવા દરવાજા ખૂલશે.

## અલ્ ક઼વિય્યુ-અલ્ મતીન اَلْقَوِیُّ، اَلْمَتِیْنُ

## (ઘણી જ કુવ્વત તથા તાકતવાળો)

**સમજૂતી** : તે પૂરી કુદરત તથા તાક઼તવાળો છે. જેમાં કુવ્વતની સખ્તી હોય તેને મતીન કહેવામાં આવે છે. અલ્લાહ તઆલા પૂરી કુદરત તથા તાકતવાળો છે તો તે اَلْقَوِیُّ **"અલ્ ક઼વિય્યુ"** છે અને તેની કુવ્વતમાં સખ્તી તથા મજબૂતી છે એટલા માટે તે اَلْمَتِیْنُ **"અલ્ મતીન"** છે. અને આ બંને સિફતોની તાક઼તથી કુદરતના કરિશ્માઓ જાહેર થાય છે.

**દર્સ તથા સબક઼** : જે બંદો સારી સમજી લેશે કે અલ્લાહ જ તાક઼તવાળો છે તો હમેશાં તેની તાક઼ત તરફ ફરશે. અને આ રીતે તે અલ્લાહની તાક઼તને જ સર્વત્ર સમજશે. અને બીજી તાક઼તો આપમેળે દૂર થઈ જશે. એટલા માટે કે કોઈ પણ વસ્તુને જે કાંઈ તાક઼ત હાંસલ છે તો આ ઝાતથી જ છે. બીજી કોઈ તાક઼તનો દાવો ગલત છે. બંદો અલ્લાહનો એહસાન માની મખ્લૂક઼ના ડર, ગમ, તથા ગુલામીથી બેખૌફ રહે. જ્યારે બંદો અલ્લાહ તઆલાની કુદરતને સામે રાખશે તો કોઈની બેકાર વાતોની તેને પરવા રહેશે નહીં અને તે પોતાના બુલંદ મક઼સદો તરફ પેશ કદમી જારી રાખશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْقَوِیُّ **"અલ્ ક઼વિય્યુ"**ની ખાસિયત એ છે કે તેનાથી કુવ્વત હાંસલ થાય છે, કમ હિંમત તથા શારીરિક કમજોર માણસ આ મુબારક નામનુ વિર્દ કરશે તો જરૂર તેની કમજોરી દૂર થશે. અને

મઝલૂમ બંદો જાલિમની બર્બાદીની નિય્યતથી ૧૦૦૦ વાર પઢશે તો તેનો મક઼સદ પૂરો થશે.

મુબારક નામ اَلْمَتِيْنُ **"અલ્ મતીન"**ની ખાસિયત એ છે કે જે તેનો ઝિક્ર કરશે તેમાં ઘણી તાક઼ત પૈદા થશે. જે યુવાન મર્દ અથવા ઔરત ફક્ત દસવાર આ નામનો પઢશે તેની બદકારી ખત્મ થશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## અલ્ વલીય્યુ اَلْوَلِيُّ

**ઘણી જ મહોબ્બત અને મદદ કરવાવાળો**

**સમજૂતી** : એવી મહોબ્બત કરવાવાળો જે મદદ તથા તાક઼ત પણ બખ્શે છે, તે જ દીનના દુશ્મનોને તબાહ તથા બર્બાદ કરી પોતાના દોસ્તોને વિજય અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં વલી એ શખ્સ છે જે અલ્લાહ તઆલાથી અને તેના વલીઓથી મહોબ્બત કરે. અને તેના દીન અને તેના અવલિયાને કુવ્વત તથા શક્તિ અતા કરે, અને તેના દુશ્મનોથી અદાવત (દુશ્મની) કરે. અલ્લાહના દુશ્મનોમાં ઈન્સાનનુ નફસ અને શૈતાન આ બે મોટા દુશ્મનો છે. આ બન્નેવને જે બેઈજ્જત કરે, અલ્લાહના દીનની મદદ કરે, અવલિયા અલ્લાહથી મહોબ્બત કરે, અને તેના દુશ્મનોથી દુશ્મની કરે તે ચોક્કસ અલ્લાહનો દોસ્ત તથા મહબૂબ બંદો છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે આ નામનુ વિર્દ કરશે તેને અલ્લાહની વિલાયત તથા દોસ્તી હાંસલ થશે અને કયામતના દિવસે તેનો હિસાબ આસાન થશે. અને જે શખ્સ

દરેક જુમ્આની રાત્રે يَا وَلِيُّ નો ૧૦૦૦ વાર વિર્દ કરશે તેના તમામ મામલાઓ આસાન થઈ જશે.

## અલ્ હ઼મીદ اَلْحَمِيْدُ

**(તમામ પ્રશંસાવાળો)**

**સમજૂતી** : હક઼ીક઼ી પ્રશંસાવાળો અલ્લાહ જ છે. તે ઝાત જેણે પોતાની પ્રશંસા અઝલ અને અબદ બન્નેવમાં જાતે કરી અને તેના બંદાઓ હમેશાં તેની પ્રશંસા કરતા રહેશે. અલ્લાહના ઝિક્ર કરવાવાળા બંદાઓ હમેશાં તેના સિફાતે કમાલ તથા સિફાતે જલાલની સાથે તેની હમ્દ બયાન કરે છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં હમીદ તે શખ્સ છે જેની અકાઈદ, અમલો તથા અખ્લાકની પ્રશંસા કરવામાં આવે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે શખ્સ આ નામનું વિર્દ કરશે તેનાં તમામ કામો, વાતો તથા અખ્લાક઼ પ્રશંસાપાત્ર થશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :–

يَاحَمِيدَ الفِعَالِ ذَا الْمَنَّ عَلىٰ جَمِيعِ خَلْقِهِ بِالُطُفِهِ

**યા હમીદલ્ ફિઆ઼લિ ઝલ્મન્ન અલા જમીઈ઼ ખલ્કિ઼હિ બિલુત્ફિહિ**નો વિર્દ જે શખ્સ પૂરી પાબંદીની સાથે કરશે તે મખ્લૂક઼થી દૂર થશે અને તેમની સાથે મેહફિલ વગેરેમાં બેસવાથી દૂર ભાગશે. જ્યારે કે ૪૫ દિવસ સુધી પૂરી ખલ્વત (એકાંત)માં વર્ણન કરેલ દુઆનો વિર્દ કરે. પછી ઈન્શાઅલ્લાહ! તે દરરોજ વિલાયતથી સરફરાઝ થશે.

## અલ્ મુહસિય્યુ اَلْمُحْصِی
**(દરેક વસ્તુનો ઘેરાવ કરનાર)**

**સમજૂતી** : તે અઝીમ છે. જ્યારે ઈલ્મની સાથે એવી જાણકારી સામેલ થઈ જાય જે પોતાની ગણતરી રાખતી હોય તો આવા પ્રકારની તમામ જાણકારી તથા વસ્તુઓ પોતાની ગણતરી સાથે જે ઝાતના કંટ્રોલ તથા ઘેરાવમાં હોય તેને મુહસી مُحْصِی કહેવામાં આવશે.

જાહેર છે مُحْصِی અલ્લાહની ઝાત સિવાય કોણ થઈ શકે છે ? સૃષ્ટિની તમામ વસ્તુઓની હદો, તેમની ગણતરી, તેમની માત્રા સાચા અર્થમાં તે ઝાત પર ઉઘાડી છે.

**દર્સ તથા સબક઼** : આ મુબારક નામથી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે પોતાની નક઼લ તથા હરકત (કાર્યો)નો હિસાબ કરે, પોતાના જાહેર તથા આંતરિકમાં અલ્લાહની ઝાતને સામે રાખે અને યક઼ીન રાખે કે તે તેની તમામ હરકતો અને અમલોથી વાકેફ છે. અને કાએનાતની તમામ હરકતો તથા સુકૂનો (ફેરફારો)નો તે મુકમ્મલ ઘેરાવ તથા ઈલ્મે મુહીત ધરાવે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામનુ વિર્દ કરવાથી દિલ તાબે થાય છે. જે શખ્સ રોટલીના ૨૦ ટુકડા પર વીસ વીસ વાર یَا مُحْصِی **'યા મુહસિય્યુ'** પઢશે અને તેને ખાઈ લેશે તો મખ્લૂક઼ તેના તાબે થઈ જશે. એ જ પ્રમાણે રોટલીના ૨૦ ટુકડાઓ પર ૨૦–૨૦ વાર પઢી કોઈ એવા શખ્સને

ખવડાવી દેવામાં આવે જે આ મક઼સદ હાંસલ કરવા માંગતો હોય તો અલ્લાહના હુકમથી તેનો મક઼સદ પૂરો થશે.

## અલ્ મુબ્દી-અલ્ મુઈ઼દ اَلْمُبْدِئُ، اَلْمُعِيْدُ

**(વગર નમૂને પૈદા કરનાર-બીજી વાર વજૂદ આપનાર)**

**સમજૂતી** : એવી ચીજને વજૂદ આપવુ જેનું ઉદાહરણ પહેલાં ન હોય તેવી વસ્તુઓ બનાવનારને مُبْدِئُ (મુબ્દી) કહેવામાં આવે છે અને જો તેનું ઉદાહરણ પહેલાંથી હોય તેવી વસ્તુ બનાવનારને مُعِيْدُ (મુઈ઼દ) કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : બંદો પોતાની પેદાઈશની શરૂઆત પર નજર કરે પછી પોતાની છેલ્લી ઘડી પર નજર કરે તો આસાનીથી એ નતીજા પર પહોંચી શકશે કે જે ઝાત એક નિર્જીવ ટીપાથી ઈન્સાનને પેદા કરી શકે છે, તે જ તેને બીજી વાર પણ જીવંત કરશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : اَلْمُبْدِئُ **''અલ્ મુબ્દી''**ની ખાસિયતમાંથી છે કે સગર્ભા ઔરતના પેટ પર સેહરીના સમયે ૨૯ વાર يَااَلْمُبْدِئُ **''યા મુબ્દી''** પઢવામાં આવશે તો તેનો ગર્ભ મેહફૂઝ રહેશે.

اَلْمُعِيْدُ **''અલ્ મુઈ઼દુ''**ની ખાસિયત એ છે કે દિમાગમાં જે મેહફૂઝ છે. તે يَا مُعِيْدُ **'યા મુઈ઼દ'**ના વિર્દથી યાદ તથા મેહફૂઝ રહેશે અને એની સાથે يَااَلْمُبْدِئُ **''યા મુબ્દી''** પણ લગાડી દેવામાં આવે તો વધારે બેહતર રહેશે.

અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :

**'યા يَا مُبۡدِئَ الۡبَدَائِعِ لَمۡ يَبۡغِ فِى إِنۡشَائِهَا عَوۡنًا مِنۡ خَلۡقِهِ મુબ્દીઅલ્ બદાઈઇ઼ લમ્ યબ્ગિ ફી ઈન્શાઈહા અ઼વ્નન્ મિન્ ખલ્કિ઼હિ'** જે શખ્સ પૂરી પાબંદીની સાથે એનો વિર્દ કરશે તેની ઈજ્જત આબરૂમાં વધારો થશે. અને જે શખ્સ આ દુઆને ૧૦૦૦ વાર પઢશે તેની પરેશાની અને બેચેની ખત્મ થઈ જશે અને તેના સ્વભાવમાં એકાગ્રતા પેદા થશે.

## અલ્ મુહ઼યી-અલ્ મુમીતુ اَلۡمُحۡىِ، اَلۡمُمِيتُ

## (સૌને જિંદગી આપનાર-સૌને મૌત આપનાર)

**સમજૂતી** : દરેક જાનદારને તે જ જિંદગી અતા કરવાવાળો છે અને દરેકને મૌત પણ તે જ આપે છે. અલ્લાહ તઆલા સિવાય જિંદગી તથા મૌતનો પૈદા કરનાર કોઈ નથી થઈ શક્તો.

تَبَارَكَ الَّذِى بِيَدِهِ الۡمُلۡكُ وَهُوَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيرٌ ۝

الَّذِى خَلَقَ الۡمَوۡتَ وَالۡحَيَاةَ لِيَبۡلُوَكُمۡ أَيُّكُمۡ أَحۡسَنُ عَمَلًا

''પાક તથા ઉચ્ચતાવાળો છે તે જેના ક઼બજામાં (સર્વ આલમો)ની બાદશાહી છે અને તે દરેક ચીજ પર પૂરી રીતે ક઼ાદિર (શક્તિમાન) છે. જેણે મૌત તથા હયાતને પેદા કરી જેથી તે તમારી પરીક્ષા લે કે તમારામાં અમલના લેહાઝથી કોણ બેહતર છે.'' *(સૂ. મુલ્ક઼, ૧-૨)*

જેની કુદરતના તાબામાં સર્વ જહાનોની સુલ્તાની તથા ફર્માંરવાઈ (સત્તા) હોય, બુલંદીઓ છે, પસ્તીઓ છે, આસ્માન તથા જમીન છે, દરેક પ્રકારની મખ્લૂક઼ાત, દરેક જાતના હાલાત અને બનાવો સર્વ તેના તસર્રુફમાં છે. જિંદગી અને મૌતનો

સિલસિલો કાયમ કરનાર અલ્લાહ તઆલા જ છે. તેના જ હુકમથી કોઈ ચીજ વજૂદમાં આવે છે અને નાબૂદ પણ થાય છે.

કોઈ પણ વસ્તુ ન તો આપમેળે વજૂદમાં આવી શકે છે ન તો નાબૂદ થઈ શકે છે. તેની સાથે જ તેની હિકમત પણ બયાન કરી દીધી કે તેનાથી મક્સદ તમારી પરીક્ષા લેવાનો છે કે અમે સાંભળવાની, જોવાની, સમજવાની જે બેહિસાબ કુવ્વતો તથા કાબેલિયતો તમને અર્પણ કરી પછી આ જીવન સૃષ્ટિમાં તમને બુલંદ મર્તબો આપ્યો. હવે જોવાનુ એ છે કે આ બધી નેઅમતોની તમે કદર કરો છો અને તેની કુવ્વતને રાજીખુશીથી અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા ખર્ચ કરો છો કે પછી દૌલત તથા હુકૂમત તથા જવાનીના નશામાં મગ્ન થઈ પોતાના ખાલિક્ની નાફર્માનીમાં આ બધી તાકાતો વેડફી નાખો છો.

**દર્સ તથા સબક્** : બંદો અલ્લાહની ઈતાઅતમાં પોતાની હસ્તીને ફના કરી દુનિયાવી ગુનાહોથી પૂરેપૂરો દૂર થઈ તેનાથી નફરત કરવાવાળો થઈ જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામ **اَلْمُحْیِ** **'અલ્ મુહયી'**ની ખાસિયત એ છે કે તેનું ઝિક્ર કરનાર મહોબ્બત પામે છે. જો કોઈ શખ્સના દિલમાં કોઈ જાલિમનો ડર યા ખૌફ હોય તો તે રોટલીના એક ટુકડા પર **یَا الْمُحْیِ** **'યા મુહયી'**નો ઝિક્ર કરી ટુકડાને ખાઈ લેશે તો તેનો ખૌફ દૂર થશે.

**اَلْمُمِیْتُ** **'અલ્ મુમીતુ'**ની ખાસિયત એ છે કે જો કોઈ

શખ્સને પોતાના નફસ પર કંટ્રોલ ન હોય તો વધુ ને વધુ يَاالْمُمِيْتُ **'યા મુમીતુ'**નો વિર્દ કરે, ઈન્શાઅલ્લાહ ! નફસ પર કાબૂ આવી જશે.

## અલ્ હય્યુ الْحَىُّ

### (હકીકી જિંદગીવાળો)

**સમજૂતી :** તે ઉદ્યમી (ઘણો જ કામ કરવાવાળો) પૂરેપૂરો જ્ઞાન તથા સમજવાવાળો છે. જેનું કોઈ ઈદરાક (પહોંચ) અને કોઈ સમજ ન હોય તે ઝિંદા નથી પરંતુ મુર્દા છે. ઈદરાક તથા સમજનો નાનામાં નાનો દરજો એ છે કે તેને પોતાની સમજ તથા ઈદરાક હોય. જેને પોતાની ઝાતની બુધ્ધિ તથા સમજ ન હોય તે પથ્થરોમાંથી છે. મુકમ્મલ ઝિંદા (હય્ય) તે છે જેના ઈદરાક તથા સમજથી સૃષ્ટિની કોઈ પણ વસ્તુ બહાર ન હોય. આ સિફત અલ્લાહ તઆલાની જ છે જે હમેશાંથી છે અને હમેશાં રહેશે. મૌત અને ફના થવાની અયબથી પાક અને ઘણો જ બુલંદ છે.

**દર્સ તથા સબક :** આ મુબારક હય્ય નામથી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે શહાદતનો દરજો હાંસલ કરવાની કોશિશ કરે. શોહદાએ કિરામ ઝિંદા જાવેદ હોય છે જેમને જન્નતથી રોજી મળે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક નામ الْحَىُّ **'અલ્ હય્યુ'**ના ઝિક્રથી દરેક વસ્તુમાં જિંદગીનો સબૂત મજબૂત થાય છે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે

નીચે જણાવેલ કલેમાતને જે ત્રણ લાખ વાર પઢશે કદીયે બીમાર નહીં થાય : **يَا حَيُّ حِينَ لَا حَيَّ فِى دَيْمُومِيَّةِ مُلْكِهِ وَ بَقَائِهِ** **''યા હ઼ય્યુ હ઼ીન લા હ઼ય્ય ફી દૈમૂ મિય્યતિ મુલ્કિહિ વબક઼ાઈહિ.''** જે શખ્સ આ કલેમાતને ચીનીના પ્લેટમાં મુશ્ક અને ગુલાબના પાણીથી લખે અને ખાંડ તથા પાણીથી ગોળીને ત્રણ દિવસ તેને પીશે તો શિફ઼ાયાબ થશે.

## અલ્ ક઼ૈયૂમ اَلْقَيُّوْمُ

**(પોતે ક઼ાઈમ તથા બીજાઓને કાઈમ રાખનાર)**

**સમજૂતી** : હઝરત ક઼તાદહ આ નામનો ભાવાર્થ આ પ્રમાણે વર્ણન કરે છે કે તે હસ્તી જે કાએનાતની દરેક ચીજને પૈદા કરવાની, તેમની વૃધ્ધિ તથા વિકાસની તદબીર (હિકમત) ફર્માવે છે. તે ક઼ાઈમ બઝાતેહી (આપમેળે ક઼ાઈમ) છે. દરેક ચીજનું વજૂદ અને દરેક વજૂદની હમેશગી તથા બક઼ા તેનાથી જ છે. તેની ક઼ાયમી તથા હમેશગીનો કોન્ટેક્ટ દરેક ચીજથી સર્વ ટાઈમ બરાબર અને એક જેવો જ છે. તેને ઊંઘ નથી આવતી કે તે સમયે તેની ક઼ૈયૂમિયતનો તઅલ્લુક કમજોર થઈ જાય કે તૂટી જાય.

**દર્સ તથા સબક઼** : બંદાના માટે મુબારક નામ اَلْقَيُّوْمُ **'અલ્ ક઼ૈયૂમ'**માં સબક઼ એ છે કે જ્યાં સુધી શક્ય હોય તે અલ્લાહ સિવાયથી બેનિયાઝ રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **يَا قَيُّومُ فَلَا يَفُوتُهُ شَىْءٌ مِنْ عِلْمِهِ**

**"યા કૈયૂમુ ફલા યફૂતુહુ શયઊન મિન્ ઈલ્મિહિ."** પઢી જે શખ્સ પોતાના ઘરમાં દાખલ થશે તે દરેક પ્રકારની પરેશાની તથા તકલીફથી મેહફૂઝ રહેશે. કમજોર દિમાગ તથા કમજોર યાદશક્તિવાળો દરરોજ એકાંતમાં ૧૬ વાર એને પઢશે તો અલ્લાહ તેને ભૂલવાની બીમારીથી સલામત રાખશે, યાદ શક્તિને મજબૂત કરશે અને તેના દિલને રોશન ફર્માવશે. જો કોઈ શખ્સ સુબ્હ સાદિક઼થી સૂર્યાદય સુધી **يَا حَيُّ يَا قَيُّومُ** **"યા હ઼ય્યુ યા કૈયૂમુ"**નું ઝિક્ર કરશે તે બેહિસાબ ભલાઈ તથા તૌફીક઼ હાંસલ કરશે. રિસાલાએ કુશૈરિયામાં હઝરત અબૂ અલી કતામીથી નકલ છે, તેમણે ફર્માવ્યું કે હું સપનામાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારતથી મુશર્રફ થયો. મેં વિનંતિ કરી, હુઝૂર ! ﷺ દુઆ ફર્માવો કે અલ્લાહ મારા દિલને મુર્દા ન કરે. હુઝૂરે ફર્માવ્યું, **જો તું ચાહે છે કે તારુ દિલ હમેશાં ઝિંદા રહે, કદાપિ મુર્દા ન થાય** તો દરરોજ ચાલીસ ૪૦ વખત **يَا حَيُّ يَا قَيُّومُ لَا اِلٰهَ اِلَّا أَنْتَ** **"યા હૈયુ યા કૈયૂમુ લાઈલાહ ઈલ્લા અન્ત"** પઢયા કર. સુબ્હાનલ્લાહ ! રસૂલુલ્લાહ ﷺએ કેટલો મુબારક અમલ આપણને આપ્યો.

## અલ્ વાજિદુ الوَاجِدُ

**(દરેક વસ્તુને પામનાર)**

**સમજૂતી** : કોઈ પણ વસ્તુ તેની કુદરતથી બહાર નથી. દરેક વસ્તુ પર તેના કરમનો હાથ છે. તે એવા કંટ્રોલ તથા તસર્રુફ (ક઼બ્ઝા)વાળો છે કે તેના કબ્જામાં કોઈ પણ વસ્તુ

અડચણ તથા આડ નથી થઈ શક્તી.

કમાલની તમામ સિફતો તેનામાં મૌજૂદ છે. આ એતબારથી તે વાહિદ મુત્લક઼ છે. બંદાઓ જે કાંઈ થોડી ઘણી નેઅમતો ફઝાઈલ તથા કમાલાત હાંસલ કરેલ છે તે બધા તેના જ અર્પણ કરેલ છે.

**દર્સ તથા સબક઼** : અલ્લાહ તઆલાની તૌફીક઼ તથા અતાથી બંદાઓને જે પણ નેઅમતો મળી તેના પર તેઓ શુક્રગુઝાર રહે અને કદી તેને મહત્વ વિનાની ન સમજે અને કદી તેને ભૂલે નહીં અને તેનાથી ગાફેલ ન રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામ **اَلْوَاجِدُ** **"અલ્ વાજિદુ"**ની ખાસિયત એ છે કે જે ખાવાના દરેક કોળિયા પર **يَا وَاجِدُ** **"યા વાજિદુ"**નું ઝિક્ર કરશે **તેનું દિલ મજબૂત થશે.** અલ્લાહ બેહતર જાણકાર છે.

## અલ્ માજિદ اَلْمَاجِدُ

## (બુઝુર્ગી, ઈજ્જતવાળો)

**સમજૂતી** : જેમ અલ્લાહ તબારક વ તઆલાનું એક સિફતી નામ "મજીદ" છે તેમ "માજિદ" પણ છે. હક઼ીક઼તમાં બુઝુર્ગી અને ઈજ્જત તથા કરામતવાળુ કોઈ છે તો રબ ﷻ છે. જે શખ્સિયતમાં જાતી બુઝુર્ગી સાથે ફઆલિયત (કાર્ય, આમાલ)ની ખૂબસૂરતી ભેગી થઈ જાય તેને "માજિદ" કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **اَلْمَاجِدُ** **"અલ્**

**માજિદ"**માં બંદાનો હિસ્સો એ છે કે તે પોતાના ઈરાદાઓ તથા મક઼સદોમાં તમામ મખ્લૂક઼થી બુલંદ થઈ હક઼ીક઼તોથી માહિતગાર થઈ જાય. આમ ઈરાદાઓની બુલંદી અને હક઼ીક઼તોથી તઅલ્લુકના કારણે તે "માજિદ" થઈ જશે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلْمَاجِدُ **"અલ્ માજિદ"**નો ઝિક્ર કરવાથી ઝિક્ર કરવાવાળાની હાલતમાં ઘણી જ તબ્દીલી (બદલાવ) જોવા મળે છે. અને તેનું દિલ રોશન થાય છે.

## અલ્ વાહિદ اَلْوَاحِدُ

**(એક, અજોડ)**

**સમજૂતી** : તે સૂરજની જેમ એવો બેમિષાલ છે કે તેની કોઈ મિષાલ નથી. તે એવો યક્તા (એક) છે કે તેના અંગોનો ખ્યાલ પણ અશક્ય છે. સૂરજની કોઈ મિષાલ મૌજૂદ છે જ નથી પણ અક્કલમાં ધારી શકાય છે. એટલા માટે અરબી લુગતની કિતાબોમાં શમ્સનું બહુવચન **شموس** "શુમસુન" જેમ કે **قمر** "ક઼મર" નું બહુવચન અકમારુન **اقمار** વર્ણન કરેલ છે.

આ એ વાહિદ છે જે અઝલ અને અબદમાં પણ એક અને બેમિષાલ છે. બંદાઓ કોઈપણ પોતાના હમ જમાના (સમકાલિન) બીજા શખ્સથી અમુક લક્ષણોમાં બેમિષાલ થઈ શકે છે. પરંતુ જાહેર છે કે આ બેમિષાલી મહદૂદ (સીમિત) અંદાજની જ હશે.

**દર્સ તથા સબક઼ :** બંદાએ ઈસ્મ મુબારક **الوَاحِدُ ''અલ્ વાહિદ''**થી સબક લેવો જોઈએ કે તે અલ્લાહની ઈબાદત અને પોતાની અબ્દિયતમાં બીજાઓના મુકાબલે બેમિષ્લ (અજોડ) થઈ જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ નામની ખુસૂસિયત એ છે કે **તેનું ઝિક્ર કરવાવાળાના દિલમાંથી થાક અને સુસ્તી દૂર થઈ જાય છે. જે શખ્સ એક હજારવાર આ નામનું ઝિક્ર કરશે તેનું દિલ મજબૂત થઈ તેમાંથી મખ્લૂક઼નો ખૌફ જતો રહેશે.** મખ્લૂક઼નો ખૌફ જ દુનિયા અને આખેરતની દરેક મુસીબત તથા બલાની જડ અને પાયો છે. હદીષે પાકમાં છે. નબી ﷺએ એક શખ્સને આ કલેમાત સાથે દુઆ કરતો સાંભળ્યો :–

**اَللّٰهُمَّ إِنِّی أَسْأَلُكَ بِأَنَّكَ أَنْتَ اللّٰهُ الوَاحِدُ الْأَحَدُ**
**الصَّمَدُ الَّذِی لَمْ یَلِدْ وَلَمْ یولَدْ وَلَمْ یَكُنْ لَهُ كُفُواً أَحَد**

**''અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બિઅન્નક અન્તલ્લાહુલ્ વાહિદુલ્ અહદુસ્સમદુલ્લઝી લમ્ યલિદ્ વલમ્ યૂલદ્ વલમ્ યકુલ્લહુ કુફૂવન્ અહ્દ.''** તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ બંદાએ અલ્લાહના ઈસ્મે આ'ઝમ સાથે દુઆ કરેલ છે. અને જયારે ઈસ્મે આ'ઝમની સાથે દુઆ કરવામાં આવે તો ક઼બૂલ થાય છે, સવાલ કરવામાં આવે તો અતા કરવામાં આવે છે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : **یَاوَاحِدُ البَاقِی أَوَّلَ كُلِّ شَیْءٍ وَآخِرَهُ ''યા વાહિદુલ્**

**બાક઼િયુ અવ્વલ કુલ્લિ શયઈન્ વઆખિરહુ"**ને એવો શખ્સ જે જુદા જુદા બુરા ખયાલો તથા ફિક્રમાં સપડાયેલ હોય તે આ કલેમાતનો વિર્દ કરશે તો ફાસિદ ખયાલથી છૂટકારો પામશે, બાદશાહથી ડરી ગયેલ કોઈ માણસ ઝોહરની નમાઝ બાદ ૫૦૦ વાર આ ઈસ્મનો વિર્દ કરશે તો અમાન પામશે અને તેનો ગમ તથા બેચૈની દૂર થશે અને તેના દુશ્મન દોસ્ત બની જશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## અલ્ અહદ اَلْأَحَدُ

**(એક, સૌથી અલગ)**

**સમજૂતી** : વાહિદ એ એતેબારથી કે તે તરકીબ અને માત્રા (માપ)થી પાક સાફ છે. અને અહદ એ એતેબારથી કે તેની કોઈ મિષાલ (દષ્ટાંત) નથી. તેની જાતમાં ભાગીદારી તથા વધારો અશક્ય છે. તે પોતાની યકતાઈમાં બેમિષાલ (અજોડ) છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક اَلْأَحَدُ **"અલ્ અહદ"**ની ખાસિયત એ છે કે જે કોઈ પણ તેનું વિર્દ કરશે તેના માટે કુદરતની અજીબો ગરીબ નિશાનીઓ જાહેર થશે. જો કોઈ એકાંતમાં વુઝૂ કરી ૧૦૦૦ વાર يَا اَحَدُ **"યા અહદુ"**નો વિર્દ કરશે તો તેની સલાહિયતો (ક્ષમતાઓ) પ્રમાણે તેના માટે કુદરતના અજાઈબ જાહેર થશે. *(સઆદતુદ્દારૈન, પેજ–૫૨૧)*

## અસ્સ્મદ اَلصَّمَدُ

**(મક્સૂદે હક઼ીક઼ી–અસલ હેતુ)**

**સમજૂતી :** તે બેનિયાઝ ઝાત જેના તરફ હાજતો તેમજ પસંદીદા ચીજોને મેળવવા માટે ધ્યાન કરવામાં આવે અને જે બંદાને અલ્લાહ પાક એવી પોઝિશન અતા કરે કે તમામ લોકો પોતાની દીની તથા દુનિયવી જરૂરિયાતો પૂરી કરવા માટે તેનો સહારો લે અને તેના હસ્તે મખ્લૂક઼ની હાજતો પૂરી થવા લાગે તો સમજી લેવું કે તે બેનિયાઝ ઝાતે તેને આ મક઼ામ તથા મર્તબો અર્પણ કરી તેના પર એહસાન ફર્માવ્યું. પરંતુ એ વાત તો જગજાહેર છે કે સમદે મુત્લક઼ અલ્લાહની ઝાત જ છે.

**દર્સ તથા સબક઼ :** જો આ ''સમદ''ની મદદ અને તૌફીક઼થી જે કોઈ બંદો લોકોની જરૂરતો પૂર્ણ કરવા લાગે, લોકો તેને પોતાનો સહારો તથા મદદ હાંસલ કરવાનું ઠેકાણુ બનાવી લે તો તે તેની મોટી સઆદત હશે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક નામ صَمَدُ **''સમદ''**ના ઝિક્રથી ઝિક્ર કરવાવાળાની **જિંદગીમાં ભલાઈ તથા બેહતરી આવશે.** જે કોઈપણ સહેરીના સમયે એકસો પચ્ચીસવાર يَاصَمَدُ **''યા સમદ''** પઢશે તે શખ્સના દિલમાં સિદ્દીક઼િયત તથા સદાક઼તની નિશાનીઓ જાહેર થશે. તે શખ્સ ભૂખની તકલીફથી મેહફૂઝ રહેશે. અરબઈને ઈદરીસિયામાં છે કે : **''** يَا صَمَدُ بِعِلْمِهِ مَنْ غَيْرِ شَبِيهٍ وَ لَا شَيْءَ كَمِثْلِهِ **યા સમદુ બિઈલ્મિહિ મન્ ગ઼યરિ શબીહિન્ વ લા શય્અ**

**કમિષ્લિહિ.''**ને કોઈ એવા માણસ જેના પર ફિસ્કો ફુજૂર ગાલિબ આવી ગઈ અને તેનાથી છૂટકારો ન મળતો હોય તે શખ્સ જુમેરાત તથા જુમ્આનો રોઝો રાખી ગોશ્ત અને માછલીથી પરહેઝ કરી, દરરોજ ઉપર જણાવેલ દુઆ ૧૦૦ વાર પઢે, ઈન્શાઅલ્લાહ ! તેમાં ભલાઈ અને બેહતરી પેદા થશે.

## અલ્ કાદિર-અલ્ મુક્તદિર اَلْقَادِرُ، اَلْمُقْتَدِرُ

**(ઘણા જ ઈક્તેદારવાળો, ઘણી જ કુદરતવાળો)**

**સમજૂતી** : બંનેવ નામોનો અર્થ છે : કુદરતવાળો. પરંતુ એટલો તફાવત જરૂર છે કે مُقْتَدِرُ **''મુક્તદિર''**માં આ મતલબ વધારે તાક્ત ધરાવે છે. કાદિરે મુત્લક્ તે હસ્તી છે જે દરેક મૌજૂદને એ પ્રમાણે સર્જે છે કે એમાં તે એકલી અને અજોડ છે, બીજાની મદદ તથા હેલ્પથી બેનિયાઝ અને બેપરવાહ છે, તેની કુદરતે કામિલાના મુકાબલામાં બંદાની કુદરત અપૂર્ણ તથા અધૂરી છે.

**દર્સ તથા સબક્** : બંદો કાદિરે મુલ્તકની રઝા હાંસલ કરવા માટે પોતાની તમામ કોશિશો તથા તાક્તો કામમાં લાવે, તેની ઈતાઅત અને બંદગીમાં પોતાની તમામ તાક્ત ખર્ચ કરી નાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જ્યારે બંદો બાહય અથવા અંદરની કમજોરી કે કમશક્તિ મહેસૂસ કરે તો બે રકાત નફલ નમાઝ અદા કર્યા પછી ૧૦૦ વાર يَاقَادِرُ **''યા કાદિરુ''**નો વિર્દ કરે તો તેનામાં ઘણી જ તાક્ત તથા કુવ્વત

પૈદા થશે. તેમજ વુઝૂ કર્યા પછી આ જ નામે પાકનો ૧૦૦ વાર વિર્દ કરવામાં આવે તો પોતાના દુશ્મન પર ગાલિબ થઈ જશે.

اَلْمُقْتَدِرُ **''અલ મુક઼તદિર''**ની ખાસિયત એ છે કે એના વિર્દથી રબ તઆલાની તરફથી તદબીર અતા થાય છે. જે શખ્સ ઊંઘથી જાગીને અમુક વાર એનો ઝિક્ર કરી લે તો અલ્લાહ ﷻ એને મક઼સદોની પ્રાપ્તિ માટે એવી તદબીરો અતા ફર્માવી આપશે કે તે કોઈ બંદાનો મોહતાજ નહીં થાય.

## અલ્ મુક઼દ્દિમ-અલ્ મુઅખ્ખિર اَلْمُقَدِّمُ، اَلْمُؤَخِّرُ

**(પાછળ કરનાર, આગળ કરી દેનાર)**

**સમજૂતી :** રબ તઆલા જેને ચાહે પોતાની નજીક કરી દે અને જેને ચાહે પોતાનાથી દૂર કરી દે. જેને નજીક કરે છે તેને આગળ વધારી દે છે, જેને દૂર કરે છે તેને પાછળ ધકેલી દે છે.

દરેક મોડ પર કોઈ ન કોઈ મક઼સદ હોવો જરૂરી છે. તે જ મક઼સદને લઈને દરેક શખ્સ જિંદગીમાં આગળ વધે છે. તે મક઼સદને છોડનાર પાછળ તરફ જાય છે, અને તે મક઼સદ અલ્લાહ તઆલા છે. જે કોઈ એ ઝાત તરફ વધ્યો તે સૌથી ઉપર અને આગળ વધતો ગયો, અને જે કોઈ એ ઝાતથી પાછળ હટયો તેની મુસાફરી પાછળની તરફ (અધોગતિ) ચાલુ રહે છે. તે જેને ચાહે છે આગળ વધારે છે એટલા માટે તે મુક઼દ્દમ છે, અને તે જ ગલત રસ્તા પર ચાલનારને પાછળ કરી દે છે, તો તે اَلْمُؤَخِّرُ **''મુઅખ્ખિર''** છે.

**દર્સ તથા સબક઼ :** આ બંનેવ મુબારક નામોથી બંદાઓએ સબક઼ લેવો જોઈએ કે દરેક પોતાની જિંદગીના દરેક વળાંક પર અલ્લાહની રઝામંદીને અગ્રિમતા આપે, અને જે વાતો અલ્લાહની મરજી વિરુદ્ધની હોય તેનાથી પોતાના દિલને દૂર રાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلْمُقَدِّمُ **"અલ્ મુક઼દ્દિમ"**ની ખાસિયત એ છે કે જંગના મેદાનમાં લડાઈની શરૂઆતમાં જે કોઈ આ નામનું વિર્દ કરશે તે ગાલિબ રહેશે. اَلْمُؤَخِّرُ **"અલ્ મુઅખ્ખિર"**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દરેક બુરી અને નાપસંદીદા ચીજોથી બંદો પાછળ રહે છે, અને તેના પર તૌબા અને તક઼વાના દરવાજાઓ ખુલી જાય છે.

## અલ્ અવ્વલ-અલ્ આખિર اَلْاَوَّلُ، اَلْاٰخِرُ

**(દરેક ચીજથી પ્રથમ-હમેશાં રહેનાર)**

**સમજૂતી :** પ્રથમ તે હોય છે જેના બાદ કોઈ વજૂદ પામે અને આખિર તે છે જેના બાદ કોઈ વજૂદ ન પામે.

રબ સુબ્હાનહૂ વ તઆલા સર્વ કાઈનાત તથા મૌજૂદ ચીજોથી પહેલાં છે. સર્વ મૌજૂદ ચીજોએ એનાથી વજૂદ મેળવ્યું છે. અને તેના આખિર હોવાનો ભાવાર્થ એ છે એની તરફ જનાર અને સફર કરનાર એના બંદા જ્યારે આખરી દરજા પર હક઼ સુબ્હાનહૂ વ તઆલાની મઅરેફતના અસીમ દરજાઓ છે અને મખ્લૂક઼ના વશમાં નથી કે એ સર્વ દરજાઓને પાર પાડી શકે એ એતબારથી તે આખિર છે.

નબી ﷺએ પોતાની એક દુઆ મુબારકમાં અવ્વલ તથા આખિરની તફસીર ખુદ બયાન કરી. આપના મુબારક કલેમા આ છે :–

اَللّٰهُمَّ أَنْتَ الْأَوَّلُ فَلَيْسَ قَبْلَكَ شَيْءٌ وَأَنْتَ الآخِرُ فَلَيْسَ بَعْدَكَ شَيْءٌ

**"અલ્લાહુમ્મ અન્ત અલ્ અવ્વલુ ફલય્સ ક઼બ્લક શય્ઊન વ અન્ત અલ્ આખિરુ ફલય્સ બઅ્દક શયઊન."**

"હે અલ્લાહ ! તું અવ્વલ છે. તારાથી પહેલી કોઈ ચીજ નથી. તું આખિર છે, તારા બાદ કોઈ ચીજ નથી."

**દર્સ તથા સબક઼** : બંદાને માટે આ બંનેવ અસ્મા મુબારકથી એ દર્સ મળે કે તે બાકી રહેનાર હસ્તીનો થઈને રહે અને ફના થનારી દુનિયાથી બેનિયાઝ રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : ઈસ્મ મુબારક اَلْأَوَّلُ **"અલ્ અવ્વલુ"**ની ખાસિયત એ છે કે એનો ઝિક્ર કરનારાના સર્વ મામલાઓ દુરૂસ્ત રહે છે. જો મુસાફિર દર જુમ્આના દિવસે પાબંદીની સાથે તેનો વિર્દ કરે તો તેનાં સર્વ કામો ઠીક અને દુરુસ્ત થશે. ઈસ્મે મુક઼દસ اَلآخِرُ **"અલ્ આખિર"**ની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી માસિવલ્લાહની (અલ્લાહ સિવાય)ની ગંદકીથી બાતિનની સફાઈ થાય છે. જો કોઈ શખ્સ દરરોજ એકસો વખત પાબંદીની સાથે તેનો ઝિક્ર કરે તો તેના દિલથી અલ્લાહના સિવાય અન્ય ચીજો નીકળી જાય છે.

# અઝ્ઝાહિર-અલ્બાતિન الظَّاهِرُ، البَاطِنُ

**(ઝાહિર તથા ઉચ્ચ, ખૂબ જ ગુપ્ત)**

**સમજૂતી** : જો માણસની બુધ્ધિ સાથ આપે તો તેની સમજશક્તિ સાક્ષી આપશે કે હક્ક સુબ્હાનહૂ વ તઆલા દરેક રીતે જાહેર છે અને દરેક સ્થળે તેની કુદરતો જાહેર છે.

**હર જા તેરી કુદરતકે હૈં લાખોં જલ્વે**
**હયરાં હૂં દો આંખોંસે ક્યા ક્યા દેખું**

જો માણસના હોશ હવાસ તથા ખયાલ એને સમજવા ચાહે તો એ એવો બાતિન છે કે ઈન્સાની હવાસ તથા ખયાલ થાકી હારીને લાચાર થઈ જશે. નબી ﷺએ એક હદીષે પાકમાં મઝકૂર ચારેવ મુબારક નામ **الأول، الآخر، الظاهر، الباطن** **"અલ્ અવ્વલુ, અલ્ આખિરુ, અલ્ ઝાહિરુ, અલ્ બાતિનુ"**ની ખૂબ જ ઉમદા સ્પષ્ટતા કરી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે શહઝાદીએ સૈયદે કાઈનાત સૈયદા ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا નબી ﷺની ખિદમતમાં હાજર થયાં અને એક ખાદિમનો સવાલ કર્યો. હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું કે આ દુઆ કર્યા કરો :–

اللّٰهُمَّ رَبَّ السَّمٰوٰتِ السَّبعِ وَرَبَّ العَرْشِ العَظِيمِ
رَبَّنَا وَرَبَّ كُلِّ شَيْءٍ، مُنْزِلَ التَّوْرَاةِ وَالإِنْجِيلِ
وَالفُرْقَانِ فَالِقَ الحَبِّ وَالنَّوَىٰ أَعُوذُ بِكَ مِنْ شَرِّ
كُلِّ شَيْءٍ أَنتَ آخِذٌ بِنَاصِيَتِهِ، أَنْتَ الأَوَّلُ

**અલ્લાહુમ્મ રબ્બસ્સમાવાતિ વસ્સબ્અિ વ રબ્બલ્ અર્શિલ અઝીમિ રબ્બના વ રબ્બ કુલ્લ શૈઈન મુન્ઝિલત્તવરાતિ વલ્ઈન્જીલિ વલ્ફુર્કાનિ ફાલિકલ્હબ્બિ વન્નવયા. અઊઝુબિક મિન્શર્રિ કુલ્લિ શયઈન અન્ત આખિઝુન્ બિના સિયતિહિ. અન્ત અવ્વલુ ફલૈસ કબ્લક શયઉન વઅન્તલ્આખિરુ ફલૈસ બઅ્દક શયઉન. વઅન્તઝ્ઝાહિરુ ફલૈસ ફૌકક શયઉન વ અન્ત બાતિનુ ફલૈસ દૂનક શયઉન ઈક્દિ અન્નદ્દૈન વ અગ્નિના મિનલ્ફક્ર.** *(અલઅસ્માઉ વસ્સિફાત, [illegible] મુસ્લિમ)*

فَلَيسَ قَبلَكَ شَيءٌ وَأنتَ الآخِرُ فَلَيسَ بَعدَكَ
شَيءٌ، وَأنتَ الظّاهِرُ فَلَيسَ فَوقَكَ شَيءٌ وَأنتَ
البَاطِنُ فَلَيسَ دُونَكَ شَيءٌ اِقضِ عَنّا الدَّينَ
وَأغنِنا مِنَ الفَقرِ

"હે અલ્લાહ ! આસ્માનો તથા જમીનના રબ ! હે અર્શે અઝીમના રબ ! હે અમારા રબ ! હે દરેક ચીજના રબ ! હે તૌરાત તથા ઈન્જીલ તથા ફુર્કાનને ઉતારનાર ! હે દાણા તથા ગુઠલીને ચીરનાર ! હું તારાથી દરેક તે ચીજથી પનાહ માગુ છું જેની પેશાનીને તેં પકડેલ છે. હે અલ્લાહ ! તું અવ્વલ છે, તારાથી પહેલાં કોઈ ચીજ નથી, તું આખિર છે, તારા પછી કોઈ ચીજ નથી. તું ઝાહિર છે, તારાથી વધીને અન્ય કોઈ નથી. તું બાતિન છે તારાથી ગુપ્ત અન્ય કોઈ નથી, અમારું કરજ અદા ફર્માવી આપ અને અમને ગરીબી તથા મોહતાજીથી ગની કરી આપ."

નબી ﷺએ આ મુબારક કલમાઓમાં જાહેર તથા બાતિનની ખૂબ જ ઉમદા સ્પષ્ટતા કરી આપી છે, જે ઝબાને નબુવ્વતનો જ હિસ્સો છે.

એટલે કે રબ તઆલા એવો જાહેર છે કે એનાથી વધીને અન્ય કોઈ નથી. તે એવો બાતિન (ભેદ) છે કે એનાથી વધુ ગુપ્ત અન્ય કોઈ નથી.

આ દુઆ કરજની અદાયગી અને ફક્રો ફાક઼ા (ગરીબી, મોહતાજી)થી છૂટકારાના માટે અકસીરનો દરજ્જો ધરાવે છે. રાતે સૂતી વખતે પઢવાથી આ હેતુઓ પ્રાપ્ત થાય છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **اَلظَّاهِرُ** **''અઝ્ઝાહિર''**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તેનો કિરદાર તથા અમલ અને અખ્લાક઼ દરેક માહોલ તથા સમાજમાં એટલો જાહેર હોય કે સમાજના મોટા ભાગના લોકો તેની ખુશ્બુઓથી સુગંધિત અને તેની બરકતોથી ફાયદો ઉઠાવનાર હોય. અને નામ મુબારક **اَلْبَاطِنُ** **''અલ્ બાતિન''**થી માણસનો હિસ્સો એ હોવો જોઈએ કે તે પોતાની રૂહાનિયત અને ખુદાની તરફ રજૂઅ તથા આજીજીમાં એટલા ઉચ્ચ સ્થાને પહોંચી જાય જે મક઼ામ સુધી આમ દિલોની પહોંચ શક્ય ન હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : તુલૂએ આફતાબ (સૂર્યોદય) વખતે જો કોઈ બંદો **يَاظَاهِرُ** **''યા ઝાહિરુ''**નો વિર્દ કરે તો તેના દિલ પર નૂરે વિલાયત ચમકશે.

અને **اَلْبَاطِنُ** **''અલ્ બાતિન''**ની ખૂબીઓમાં લખ્યું છે કે શયખ અબુલ અબ્બાસ હિઝરમીએ ફર્માવ્યું, ''જો કોઈ શખ્સ

બે નફ્લ પઢયા પછી એકસો પિસ્તાળીસ (૧૪૫) વાર **"હુવલ્** **هُوَ الْأَوَّلُ وَالْآخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ** **અવ્વલુ વલ્આખિરુ વઝ્ઝાહિરુ વલ્બાતિનુ વહુવ બિ કુલ્લિ શયઈન અલીમ"**નો વિર્દ કરશે તેના સર્વ મક઼સદો પૂરા થશે.

## અલ્ વાલિયુ الْوَالِيُ

## (તદબીર તથા વિલાયતવાળો)

**સમજૂતી :** તે મહાન હસ્તી જે સર્વ સૃષ્ટિનાં કાર્યોની તદબીર પણ કરે છે અને તેના પર સંપૂર્ણ કન્ટ્રોલની સાથે સંપૂર્ણ દેખભાળ પણ કરે છે. વિલાયત શબ્દના ભાવાર્થમાં તદબીર, કુદરત અને ફેઅલ (કાર્ય) સામેલ છે. જેમાં આ સર્વ ખૂબીઓ એકત્ર ન હોય તે વાલી નથી થઈ શકતો અને જાહેર છે કે અલ્લાહ તઆલા ﷻના સિવાય સૃષ્ટિના સર્વ કામોનો વાલી અન્ય કોણ થઈ શકે છે ?!

**દર્સ તથા સબક઼ :** અલ્લાહ ﷻની રઝાના માટે બંદો પોતાના નફસનો વાલી બને અને નફસને અલ્લાહની રઝાના સિવાય કોઈ અન્ય ક઼દમ ઉઠાવવાની કદાપિ ઈજાઝત ન આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** એની ખૂબીઓમાંથી એ છે કે એનો વિર્દ કરનારો મોટી આફતો તથા મુસીબતોથી જેમ કે વીજળી વગેરેથી મહફૂઝ રહેશે.

## અલ્ મુતઆલી الْمُتَعَالِي

## (અતિશય બુલંદીવાળો)

**સમજૂતી :** નામ મુબારક الْعَلِيُّ **"અલ્ અલીય્યુ"** તથા

**الْمُتَعَالِی "અલ્ મુતઆલી"** બંનેવનો ભાવાર્થ એક જ છે. હા! આમાં કાંઈ અધિકપણુ છે એટલે તે અતિશય ઉચ્ચતા તથા બુલંદીવાળો છે. તેની ઉચ્ચતા તથા બુલંદી સુધી કોઈ મખ્લૂક઼ની પહોંચ શક્ય નથી.

**દર્સ તથા સબક઼** : આ નામ મુબારકથી બંદાના માટે દર્સ એ છે કે તે એટલો ઉચ્ચ હિંમતવાળો બની જાય કે કોઈ અન્ય વ્યક્તિ એના પર ક઼ાબૂ ન પામી શકે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે નામ મુબારક **الْمُتَعَالِی "અલ્ મુતઆલી"**નો અધિક્તર ઝિક્ર કરશે તેને બુલંદી તથા ઉચ્ચતા મળશે. અર્બઈને ઈદરીસિયામાં છે : શયખ સુહરવર્દીએ ફર્માવ્યું, **يا قَرِيبُ الْمُتَعَالِی فَوْقَ كُلِّ شَیْءٍ اِرْتِفَاعُهُ "યા ક઼રીબુલ્મુતઆલી ફૌક઼ કુલ્લિ શયઈન્ ઈર્તિફાઉહુ"** જે શખ્સ આ શબ્દો સાથે સાત દિવસ સુધી એક એક હજારવાર પઢશે તેનો દુશ્મન નષ્ટ થઈ જશે.

## અલ્ બર્રુ-અલ્ મુહ઼સિન الْبَرُّ، الْمُحْسِنُ

**(ઘણો જ કરમ કરનાર, ઘણો જ એહસાન કરનાર)**

**સમજૂતી** : જેટલી ખૂબીઓ જેટલા એહસાનો, જેટલી બેહતરીઓ કાએનાતમાં હોઈ શકે છે, દરેકનો શ્રોત તે જ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પોતાના મા બાપ, ઉસ્તાદો અને શૈખોનું જેટલુ આજ્ઞાપાલન કરશે તેટલો જ ભલાઈની સિફતોનો મઝહર બનશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْبَرُّ **"અલ્ બર્રુ"**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરનાર સઆદત તથા ખુશનસીબીથી માલામાલ થશે. જે કોઈ બાળક માટે આનો વિર્દ કરવામાં આવે તો અલ્લાહ તઆલા તેને યુવાવસ્થાની ઉંમર સુધી પહોંચાડશે અને નેક નસીબીઓ અપર્ણ કરશે.

## અત્તવ્વાબુ اَلتَّوَّابُ

**(ઘણી જ તૌબા ક઼બૂલ ફર્માવનાર)**

**સમજૂતી** : તે બંદાઓ માટે વારંવાર તૌબાના સબબો પૂરા પાડે છે. બંદાઓ માટે પોતાની નિશાનીઓ જાહેર ફર્માવે છે. તેમને પોતાની આગાહીઓ આપે છે. તેમને પોતાની ચેતવણીઓથી પરિચિત કરે છે, ત્યાં સુધી કે બંદાઓ હલાક઼ કરનાર ગુનાહોથી આગાહ થઈ જાય છે. ત્યાર પછી તૌબાની તૌફીક઼ પામે છે અને તવ્વાબ તેમની તૌબા ક઼બૂલ ફર્માવી લે છે.

**દર્સ તથા સબક઼** : જે બંદો પોતાની હેઠળના લોકો, દોસ્તો, અને પરિચિતનાં બહાનાંઓ વારંવાર માન્ય રાખે છે તો સમજો કે તેમાં સિફતે તવ્વાબની એક ઝલક પેદા થાય છે, અને તે ખૂબી તેના માટે દરેક જગાએ કામયાબીનો દસ્તાવેજ બની જાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના વિર્દથી જુલ્મો સિતમ દૂર ભાગે છે અને તૌબાની તૌફીક઼ પ્રાપ્ત થાય છે. يَاتَوَّابُ **"યા તવ્વાબુ"** જે શખ્સ ઈશ્રાકની નમાઝ

બાદ ૩૬૦ વાર يَاتَوَّابُ **"યા તવ્વાબુ"**નો વિર્દ કરશે તો તેની તૌબા કૂબૂલ થશે, અને કોઈ મઝલૂમ ૧૦ વાર કોઈ જાલિમ પર પઢશે તો તેના જુલ્મથી મુક્તિ પામશે.

## અલ્ મુન્તક઼િમ اَلْمُنْتَقِمُ

**(દોષનો બદલો લેનાર)**

**સમજૂતી** : તે મોટા મોટા જાલિમો, અત્યાચારીઓની પીઠ તોડનાર, દોષીઓ અને નાફર્માનોને સખ્ત સજા આપનારો છે. હા ! પરંતુ પ્રથમ ડરાવીને, દલીલ સંપૂર્ણ કરીને, પૂરેપૂરી મોહલત આપ્યા પછી સજા કરે છે. આ બધા પછી તેની પકડ અને બદલો ઘણો સખ્ત છે.

**દર્સ તથા સબક઼** : બંદાનો તે બદલો પ્રશંસાપાત્ર રહેશે જે અલ્લાહના દુશ્મનોથી લેશે, અને સૌથી મોટા દુશ્મન પોતાના નફ્સથી લે. જો તેનું નફ્સ ગુનાહોની દા'વત આપે અને ઈબાદતમાં રૂકાવટ પેદા કરે તો તેનાથી બદલો લેવો હક઼ીક઼તમાં પ્રશંસાપાત્ર થશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જો કોઈ શખ્સ પોતાના દુશ્મનથી બુરાઈનો બદલો લેવા પર શક્તિમાન ન હોય તો يَامُنْتَقِمُ **"યા મુન્તક઼િમ"**નો વિર્દ કરશે તો અલ્લાહ તેના દુશ્મનથી બદલો લેશે.

## અલ્ અફુવ્વુ اَلعَفُوُّ

**(અતિશય માફ કરનાર)**

**સમજૂતી :** જે બુરાઈઓને ખત્મ કરે છે, ગુનાહોને દરગુઝર કરે છે, તે الغفور **"અલ ગફૂર"** સમાન છે. પરંતુ આ મુબારક નામ તેનાથી વધારે મતલબ વધારે છે. ગફૂરનો મતલબ છે છુપાવનાર અને عَفُو **"અફુવ્વ"**નો મતલબ છે, મિટાવી દેનાર. અને મિટાવી દેવું ખરેખર વધારે ઉમદા છે.

**દર્સ તથા સબક઼ :** બંદા માટે આ મુબારક નામમાં સબક઼ એ છે કે તે પોતાના પર જુલ્મ કરનારને માફ કરીને તેની સાથે ભલાઈ કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે શખ્સ يَاعَفُوُّ **"યા અફુવ્વુ"** અધિક વિર્દ કરે છે તેના માટે રઝાએ ઈલાહીના દરવાજા ખુલી જાય છે.

## અર્રઊફ઼ اَلرَّؤُوفُ

**(ઘણો જ મહેરબાન)**

**સમજૂતી :** તે રાફતવાળો છે. રહ્મતનો અર્થ પણ મહેરબાની છે, પરંતુ રાફત અતિશય મહેરબાનીને કહે છે. રહીમનો અર્થ પણ મહેરબાન છે, પરંતુ રઊફનો અર્થ ઘણી જ મહેરબાની છે. વળી આ મુબાલિગાનો સેગા (અતિશયોક્તિ સૂચક) છે જેથી તેના અર્થમાં અતિશયોક્તિ આવી છે.

**દર્સ તથા સબક઼ :** આ મુબારક નામમાં બંદાનો

હિસ્સો એ છે કે તે પોતાના પર જુલ્મ કરનારને માફ કરી, બદ્સુલૂકી કરનાર સાથે પણ સદ્વર્તનથી વર્તે.

અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

وَلْيَعْفُوا وَلْيَصْفَحُوٓا أَلَاتُحِبُّونَ أَنْ يَغْفِرَ اللّٰهُ لَكُمْ وَ
اللّٰهُ غَفُوْرٌ رَحِيْمٌ

**તર્જુમા** : "જોઈએ કે એ લોકો માફી તથા દરગુઝરથી કામ લે, શું તમો એ પસંદ નથી કરતા કે અલ્લાહ તઆલા તમને બખ્શી આપે, અને અલ્લાહ ઘણો જ બખ્શનાર અને અતિશય મહેરબાન છે. *(સૂરએ નૂર, આ. નં. ૨૨)*

એ જ પ્રમાણે બંદો જો માફી તથા દરગુઝર કરશે તો અલ્લાહ તઆલા તેની સાથે એનાથી વિશેષ માફી તથા દરગુઝરનો મામલો કરશે, એટલા માટે કે તે તો અકરમુલ અકરમીન અને અર્હમુર્રાહિમીન છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : ગુસ્સાના સમયે જે માણસ **يَارَؤُوفُ "યા રઊફ઼"** ૧૦ વાર અને ૧૦ વાર દુરૂદ શરીફ પઢશે તેનો ગુસ્સો ખત્મ થશે.

## માલિકુલ્ મુલ્ક مَالِكُ الْمُلْكِ

**(સલ્તનતનો માલિક, સર્વાધિકારી)**

**સમજૂતી** : તે હકીકી બાદશાહ જેની મશિય્યત (મરજી) જેની સલ્તનત પર લાગુ થયેલ છે. તે જેને ચાહે વજૂદ બખ્શે અને જેને ચાહે નષ્ટ કરે છે. જેને ચાહે બાકી રાખે છે જેને ચાહે ફના

કરે છે. માલિકનો મતલબ છે, પૂરી કુદરત અને ઈખ્તિયારવાળો. સંપૂર્ણ જગત અને મૌજૂદાત તેની માલિકીમાં છે, ભલે ને અગણિત તથા બેહદ છે. દરેકનો માલિક અને મુખ્તાર છે. તેના માટે સંપૂર્ણ વિશ્વ એક ફર્દની જેમ છે અને વિશ્વના ટુકડાઓ ઈન્સાનના અંગોની જેમ છે.

**દર્સ તથા સબક઼ :** દરેક ઈન્સાનની સલ્તનત તેનું પોતાનું બદન છે. જો ઈન્સાન પોતાના દિલ અને બીજા શારીરિક અંગો પર પોતાની મરજી અને ઈરાદાઓને લાગુ કરે તો ખરેખર તે પોતાની સલ્તનતનો માલિક તથા મુખ્તાર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ ઈસ્મ (નામ)ની ખાસિયતોમાંથી છે કે તેનું ઝિક્ર કરનાર દરેક જગા પર સન્માન હાંસલ કરશે. જે કોઈ આ મુબારક નામના વિર્દની પાબંદી કરશે, અલ્લાહ તેને માલો દૌલત અતા ફર્માવશે અને તેને બીજાઓથી બેપરવા કરશે.

## ઝુલ્જલાલિ વલ્ઈકરામ ذُوالْجَلَالِ وَالإِكْرَامِ

**(જલાલત તથા ઈઝ્ઝતવાળો)**

એવો જલાલ અને કમાલવાળો કે તેનો જલાલ અને જમાલ હક઼ીક઼ી એવી ઈજ્જત અને શરાફતવાળો કે તેની ઈજ્જત ઝાતી હક઼ીક઼ી, એના સિવાયની તમામ જલાલ, જમાલ, ઈજ્જતો અને શરાફતો તેની અતા કરેલ છે. જેટલી ઈજ્જતો અને શરાફતો દુનિયામાં છે તે તેની ઝાતથી જ નીકળે છે અને આખેરતમાં પણ તેનાથી જ બહાર પડશે.

**દર્સ તથા સબક઼ :** આ બન્નેવ મુબારક નામોથી બંદા માટે દર્સ એ છે કે પ્રતિષ્ઠા અને સન્માન તેને પ્રાપ્ત થાય તેના વડે અલ્લાહના બંદાઓ સાથે કૃપા અને ઈજ્જતનો વ્યવહાર કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામોની ખાસિયતો ઘણી જ અઝીમ છે. આ મુબારક નામોનું ઝિક્ર કરનાર ઈજ્જત, વક઼ાર, દોલત અને પ્રતિષ્ઠાથી માલામાલ થાય છે. હદીષે પાકમાં છે : **يَا ذَا الجَلَالِ وَ الإِكْرَامِ**નો ઘણો જ વિર્દ કરે, આ અલ્લાહ તઆલાનું ઈસ્મે આ'ઝમ છે.

## અલ્ મુક઼સિત **المُقْسِطُ**

**(ઘણો જ ઈન્સાફ કરનાર)**

**સમજૂતી :** અલ્લાહની ઝાત દરેક સાથે ઈન્સાફ કરે છે. દરેક મઝલૂમને તેનાથી જ ઈન્સાફ મળે છે. કાએનાતમાં જ્યાં પણ અદ્‌લો ઈન્સાફ હશે તે મુક઼સિતે હક઼ીક઼ી અને તેની ઈજાઝતથી જ હશે.

**દર્સ તથા સબક઼ :** આ મુબારક નામમાં બંદાનો હિસ્સો એ છે કે પહેલા તે પોતાના નફસની વિરૂધ્ધ બીજાઓના હક્ક઼માં ઈન્સાફ કરે, ત્યારબાદ બે બંદાઓ વચ્ચે ઈન્સાફ કરે. પરંતુ પોતાના બીજાના પર ઝુલ્મો સિતમને ઉચિત ન સમજે અને અદલો ઈન્સાફનો દામન છૂટવા ન પામે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ નામના વિર્દથી બંદાને ઈબાદતમાં બુરા ખયાલોથી છૂટકારો મળે છે. પાબંદીથી વિર્દ કરનારનો એ મક઼સદ જરૂર પૂરો થશે.

## અલ્ જામિઅ़ الجَامِعُ

**(દરેકને ભેગા કરનાર)**

**સમજૂતી** : તે મુક઼દ્દસ ઝાત અંદરોઅંદર વિવિધ તથા વિપરિત ચીજોને એક સાથે જમા ફર્માવે છે. તેણે જ ઈન્સાનોની દરેક નસ્લ અને ઝાતી, દરેક મુશ્કેલી, નાના, મોટા, કાળા, ગોરા, મોમિન કાફિર, ફાસિક઼ આદિલ, નેક અને બદને જમીન પર ભેગા ફર્માવ્યા. તે જ જામિઅ ઝાત ક઼યામતના દિવસે મૈદાને મેહશરમાં લોકોને જમા કરશે. તે મૌજૂદાત જે પરસ્પર એક બીજાથી મુખાલિફ (વિરૂધ્ધ) છે, જેમ કે આકાશ અને જમીન, સિતારા, હવા, દરિયાઓ તેમજ જમીનની અંદરનાં અલગ અલગ પ્રકારનાં ખનીજ પદાર્થો જેમ કે સોનુ, ચાંદી દરેકને જમા કરનાર અલ્લાહની જ ઝાત છે. તેવી જ રીતે ઈન્સાનના બદનમાં હાડકાંઓ, નસો, માંસ પેશીઓ, પરસેવો, દિમાગ, ચામડી, લોહી તમામની જામિઅ પણ અલ્લાહની જ ઝાત છે, બીજી વિવિધ વસ્તુઓ, જેમ કે ગરમી, ઠંડી, ખુશ્કી, તરીને જાનદારોમાં તે જામિઅએ જ જમા કરી.

**દર્સ તથા સબક઼** : એવો શખ્સ જે પોતાનામાં જાહેરી અદબ અને બાતિની હક઼ીક઼તોનો જામેઅ હોય, અને જેની મઅરેફત મુકમ્મલ અને સીરત બેહતર હોય, તેને જામિઅ કહી શકાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે બંદો મુબારક ઈસ્મ الجَامِعُ **"અલ્ જામિઅ"**નું પાબંદીની સાથે ઝિક્ર કરશે તેના

મક઼સદો આજુબાજુ ભેગા થશે. જેમ કે : ખોવાયેલ વસ્તુઓવાળાઓ આ નામનુ વિર્દ કરશે તો તે વસ્તુઓ પરત મળશે.

## અલ્ ગ઼નિય્યુ-અલ્ મુગ઼ની الغَنِىُّ، المُغْنِى

**(ખુદ બેનિયાઝ-અન્યોને બેનિયાઝ કરનાર)**

**સમજૂતી** : જે પોતાની ઝાત તથા સિફતોથી બેનિયાઝ અને અન્યોની સાથે સંબંધની ગંદકી જે તેની શાનને પાત્ર નથી એનાથી પાક હોય, એવો મુત્લક઼ ગ઼ની જે કોઈનો મોહતાજ ન હોય. અને એ જ અર્થ છે. એનો ભાવાર્થ એ છે કે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને બેનિયાઝી અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક الغَنِىُّ **"અલ્ ગ઼નિય્યુ"**થી બંદાના માટે દર્સ એ છે કે તે પોતાના રબ પર ભરોસો કરીને તેના સિવાય સર્વથી બેનિયાઝ થઈ જાય. અને المُغْنِى **"અલ્ મુગ઼ની"**થી એ દર્સ લે કે તે પોતાના જૂદ તથા સખા (સખાવત) વડે બંદાઓને ગ઼ની તથા બેનિયાઝ કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક الغَنِىُّ **"અલ્ ગ઼નિય્યુ"**ની ખાસિયત એ છે કે તેનો ઝિક્ર દરેક ચીજમાં ભલાઈ આપે છે. જે બીમારીમાં એનો ઝિક્ર કરે તેને શિફા મળશે. અને જે મુસીબતમાં એનો વિર્દ કરે તો મુસીબત ટળશે. આ સિફતમાં માલદારી તથા તવંગરીનું રાઝ પણ છે અને ઈસ્મે આ'ઝમનો ભાવાર્થ પણ છે. અને ઈસ્મે અક઼દસ المُغْنِى **"અલ્ મુગ઼ની"**ની ખાસિયત માલદારી તથા બેનિયાઝી છે. એવો ઈન્સાન જે મખ્લૂક઼થી માયૂસ થઈ ચૂક્યો હોય તે એક હજારવાર يَامُغْنِى

**"યા મુગ઼નીય્યુ"**નો વિર્દ કરે તો અલ્લાહ તઆલા તેને ગ઼ની કરી દેશે. અને જે શખ્સ જુમ્આની રાતમાં દસ જુમ્આઓ સુધી દસ હજારવાર **يَامُغْنِى** **"યા મુગ઼નીય્યુ"**નો ઝિક્ર કરશે તે જ વખતે તેની અસર જાહેર થવાની શરૂ થઈ જશે. વલ્લાહુ અઅ્લમ.

## અલ્માનિઅૂ اَلْمَانِعُ

**(દરેક નુકસાનથી રક્ષા આપનાર)**

**સમજૂતી** : શરીર તથા જાન તથા ઈમાનના નુકસાન તથા તબાહીના સબબોને તે જ દૂર કરે છે. જો તે તબાહીઓ, બર્બાદીઓ તથા હલાકતોથી હિફાઝત કરે છે તો તે 'હફીઝ' છે અને નુકસાન તથા બર્બાદીના સબબોને રોકે તથા દૂર કરે છે તો તે 'માનિઅૂ' છે અને આ બંનેવ અસ્માએ હુસ્ના છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક اَلْمَانِعُ **"અલ્માનિઅૂ"**થી બંદાનો હિસ્સો એ છે કે જો તેને હિકમત ગૈર અહલ (અપાત્ર)થી પણ મળે તો તેને લઈ લે, તેને રોકે નહીં. અને જેનાથી તેના ખાલિક઼ે મના ફર્માવ્યું છે તેનાથી દૂર રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે શખ્સ એ મક઼સદથી ઝિક્ર કરે કે તે નુકસાન તથા બુરાઈથી મેહફૂઝ રહે તો યક઼ીનન! એનો મક઼સદ હાંસલ થશે.

## અદ્દારુ-અન્નાફિઅ્ الضَّارُّ، النَّافِعُ

**(દરેક નફા નુકસાનનો માલિક તથા મુખ્તાર)**

**સમજૂતી** : તે ઝાતે અક્દસ જેનાથી દરેક ખૈર તથા શર (ભલાઈ તથા બુરાઈ) અને દરેક નફા નુકસાન બહાર પડે છે. એ સર્વ કાંઈ એના થકી છે અને તેના જ તરફથી છે, ચાહે ફરિશ્તાઓ માનવો તથા નિર્જીવ ચીજોના વાસ્તાથી હોય કે વાસ્તા વિના હોય.

તમે એ ગુમાન ન કરશો કે ઝહેર જાતે પોતે નુકસાન આપી શકે છે અથવા મૌત આપી શકે છે, અથવા ખાણુ ભૂખ મિટાવી શકે છે કે લાભ આપી શકે છે. કોઈ પણ મખ્લૂક્ જેમ કે આસ્માન તથા તારાઓ વગેરે કોઈ ભલાઈ તથા બુરાઈ તથા નફા નુકસાન પર જાતે પોતે શક્તિમાન થઈ શકે છે ? નહીં ! હરગિઝ નહીં ! એ સર્વ એ જ ઝાતે અક્દસના તાબા હેઠળ તથા કબજામાં છે. જે ચીજને અલ્લાહ તઆલા ચાહે છે તે જ તેના વાસ્તાથી જાહેર તથા પ્રદર્શિત થાય છે અને તે સર્વ કાંઈ તેની અઝલી કુદરતની તરફ સંબંધિત છે.

**દર્સ તથા સબક્** : નામ મુબારક الضَّارُّ **"અદ્દાર"**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે હક્ક્ સબ્હાનહુ વ તઆલાએ જેમને નુકસાન પહોંચાડવાનો એને હુકમ આપ્યો છે, દા.ત. નફ્સે અમ્મારા, મનેચ્છાઓ તથા અલ્લાહના દુશ્મનો તેમને નુકસાન પહોંચાડે. અને النَّافِعُ **"અન્નાફિઅ્"**થી દર્સ એ લેવો જોઈએ કે રબ તઆલાએ જેમને નફો તથા ફાયદો પહોંચાડવાનો

હુકમ આપ્યો છે તેમને ફાયદો પહોંચાડે. અને સૌથી અફઝલ એ છે કે પોતાના નફ્સને ખ્વાહિશાતે નફસાનીથી દૂર રાખીને ખુદાને ફાયદો પહોંચાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક **الضَّارُّ** **"અદ્દાર"**ની ખાસિયતોમાંથી છે કે જે શખ્સ દર જુમ્આની રાત્રે ૧૦૦ વખત **يَاضَار** **"યા દ઼ાર"**નો વિર્દ કરશે તો લોકોમાં તેની પ્રતિષ્ઠા (વક઼ાર) વધશે. અને નામ મુબારક **النَّافِعُ** **"અન્નાફિઅ્"**ની ખૂબીઓમાંથી છે કે જે પત્ની સાથે સોહબતના સમયે એનો ઝિક્ર કરશે એનાથી તેની પત્નીની મહોબ્બતમાં વધારો થશે.

## અન્નૂર النُّورُ
### (હક઼ીક઼ી નૂર)

**સમજૂતી** : તે એવું નૂર છે જેનાથી દરેક ચીજ જાહેર તથા રોશન છે. જે ખુદ રોશન હોય અને અન્યોને રોશન કરી આપે તેને નૂર કહે છે વજૂદ તથા અદમ (અસ્તિત્વ, અન અસ્તિત્વ) અને નૂર તથા અંધકારની ગમે તેટલી તુલના કરવામાં આવે પણ ગલ્બો (ચઢિયાતાપણુ) યક઼ીનન ! વજૂદનો જ થાય છે. અને અદમ (અનઅસ્તિત્વ) તો સૌથી મહાન અંધકાર તથા તારીકી છે. અને એનું નૂર તો સૃષ્ટિની દરેક ચીજ પર જાહેર તથા સ્પષ્ટ છે એટલે કે તે નૂરુસ્સમાવાત વલ્અર્દ઼ (આસ્માનો તથા જમીનનું નૂર) છે.

**દર્સ તથા સબક઼** : ઈસ્મ મુબારક **النُّورُ** **"અન્નૂર"**થી

બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે દરેક ખૈર તથા હિદાયત જાહેર તથા ગાલિબ કરી લે, અને દરેક માહોલને નૂરે હિદાયતથી મુનવ્વર તથા રોશન કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلنُّورُ **''અન્નૂર''**નો ઝિક્ર કરવાવાળાનું દિલ અને અંગો રોશન થાય છે. અર્બઈને ઈદરીસિયામાં આ શબ્દો આવેલા છે :

يَانُورَ كُلِّ شَيْءٍ وَهُدَاهُ أَنْتَ الَّذِى فَلَقَ الظُّلْمَةَ بِنُورِهٖ

**''યા નૂર કુલ્લિ શયઈન વહુદાહુ અન્તલ્લઝી ફલકઝ્ઝુલ્મત બિનૂરિહી.''** ''હે દરેક ચીજના નૂર તથા હિદાયત! તેં જ અંધકારને તારા નૂર વડે નષ્ટ કર્યો.'' આ શબ્દો સાથે વિર્દ કરવાના ફાયદા કાંઈ ઔર જ છે.

## અલ્ હાદી اَلْهَادِى

**(હિદાયત આપનાર)**

**સમજૂતી :** સૌ પ્રથમ તેણે પોતાના ખાસ બંદાઓને પોતાની જાતની મઅરેફતની હિદાયત આપી, પછી તે ખાસ બંદાઓએ મખ્લૂકની સામે તે હસ્તીની ગવાહી આપી અને એનાથી અન્યોને માહિતગાર કરાવ્યા. અને પછી તેણે સામાન્ય બંદાઓને પોતાની હિદાયતથી નવાઝયા અને તેમણે તેની ગવાહી આપી. એ જ પ્રમાણે દરેક મખ્લૂકને જરૂરત પ્રમાણે હિદાયત બખ્શી. બાળકને હિદાયત આપી કે માની છાતી તે પોતાના મોઢામાં કેવી રીતે લે, પક્ષીનું બચ્ચુ કેવી રીતે દાણો ચણે, અને મધની માખી પોતાનુ ઘર કેવી રીતે બનાવે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

رَبُّنَا الَّذِی أَعۡطَیٰ کُلَّ شَیۡءٍ خَلۡقَهُ ثُمَّ هَدَیٰ

**રબ્બુનલ્ લઝી અઅ્તૃયા કુલ્લ શયઈન્ ખલ્ક઼હુ ષુમ્મ હદયા.**

"અમારો રબ તે છે જેણે દરેક ચીજને તેની શક્લ અતા કરી પછી તેમની રહનુમાઈ કરી." *(સૂરએ તાહા, આ. ૫૦)*

દરેક ચીજને એવી શક્લો સૂરત અતા કરી જે એ ફાયદાઓ તથા લાભો માટે યોગ્ય છે જેમના માટે તેનું સર્જન થયું. ثُمَّ هَدَیٰનો ભાવાર્થ એ છે કે એ સર્વ મખ્લૂકાતને રબ તઆલાએ એ પણ શીખવાડયું કે પોતાનાં અંગો તથા શક્તિઓ વડે કઈ રીતે કામ લો એને એ લાભો સુધી કઈ રીતે પહોંચે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક اَلۡهَادِی **"અલ્ હાદી"** થી બંદાના માટે દર્સ એ છે કે તે દીની તથા દુનિયવી બાબતોમાં અલ્લાહના બંદાઓનો "હાદી" તથા "રહનુમા" છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : એનો ઝિક્ર કરનાર લોકોના દિલોનો રહનુમા તથા હાદી બની જાય છે અને અલ્લાહની જમીન પર તેને હકમ તથા ફૈસલ બનવાની સદ્નસીબી મળે છે.

## અલ્ બદીઅ્ اَلۡبَدِیۡعُ

**(અનુપમ તથા અજોડ)**

**સમજૂતી** : જેના જેવાનું અસ્તિત્વ ન હોય. જે પોતાની જાત, પોતાની સિફતો (ખૂબીઓ), કાર્યો તથા કામોમાં અનુપમ તથા અજાડ હોય તે યકીનન ! બદીએ મુત્લક઼ છે. આ બદીઅ્ના

એવા બંદાઓ જે પોતાના જમાનામાં નબુવ્વત, વિલાયત તથા ઈલ્મમાં વિશિષ્ટતા તથા અનોખાપણુ ધરાવે છે, એમને પણ અજોડ તથા બદીઅ કહી શકાય છે. આપણા નબી સૈયદના મુહમ્મદ ﷺ ન કેવળ પોતાના જાહેરી જમાનામાં બલ્કે જેટલા યુગો થયા અને થશે તે સૌમાં અજોડ તથા અનુપમ છે, એ જ રીતે સર્વ મખ્લૂક઼ોમાં પણ આપ બદીઅ છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક اَلْبَدِيعُ **"અલ્ બદીઅ"** થી બંદાના માટે દર્સ એ છે કે અલ્લાહના કલામની સરબુલંદી માટે પોતાની તમામતર શક્તિઓ તથા ક઼ાબેલિયતો ખર્ચ કરે અને એ રીતે પોતાના સમયમાં અનુપમ તથા અજોડ બની જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક اَلْبَدِيعُ **"અલ્ બદીઅુ"**ના ઝિક્રથી હાજતો તથા જરૂરતો પૂરી થાય છે અને નુકસાનથી જરૂર રક્ષણ મળે છે. જે શખ્સ يَابَدِيعُ **"યા બદીઅુ"** સિત્તેર હજારવાર પઢશે તેને વર્ણવેલ મક઼સદો હાંસલ થશે. અર્બઈને ઈદરીસિયહમાં છે :–

يَا بَدِيعَ الشَّأْنِ فَلَا تُنْطُقُ الْاَلْسُنُ بِكُلِّ آلائِهِ وَثَنَائِهِ

**યા બદીઅશ્શાનિ ફલા તુન્તુકુલ્ અલ્સુનુ બિકુલ્લિ આલાઈહિ વષનાઈહિ.**

શયખ સુહરવર્દીએ ફર્માવ્યું છે, જે બંદો પાબંદીની સાથે એનો વિર્દ કરશે તેની રોજીમાં વધારો થશે, લોકોમાં એનો વક઼ાર (પ્રભાવ) બુલંદ થશે અને અલ્લાહની તૌફીકથી જિંદગી ઉમદાથી અધિક ઉમદા થતી જશે.

# અલ્ બાક઼ી البَاقِی

**(બક઼ા તથા હમેશગીવાળો)**

**સમજૂતી** : એ જાત વાજિબુલ વજૂદ છે. હમેશાંથી છે અને હમેશાં રહેશે. પરંતુ જયારે ભાવિની તરફ એને નિસ્બત આપવામાં આવે છે તો તેને બાક઼ી (સલામત) કહે છે. ભૂતકાળ ની તરફ નિસ્બત કરવામાં આવે છે તો તેને ક઼દીમ તથા અઝલી (હમેશગીવાળો) કહેવામાં આવે છે. ભાવિમાં એના વજૂદના માટે કોઈ હદ તથા મર્યાદા નથી એટલા માટે એને અ઼બદી કહે છે. એ જ પ્રમાણે તે દરેક જમાનામાં વજિબુલ વજૂદ બાક઼ી બિનફ઼્સિહી છે.

**દર્સ તથા સબક઼** : જયારે બંદાના દિમાગમાં એ જામી જશે કે અલ્લાહ તઆલાના માટે જ બક઼ા તથા દવામ (હમેશગી) છે અને તે જ તેનાં સર્વ કામોમાં મુતસર્રફ (પહોંચવાળો) તથા અસરકર્તા છે, તો તેના આજ્ઞાપાલન તથા બંદગીથી મોં ફેરવશે નહીં, બલ્કે હમેશાં આજ્ઞાપાલન તથા ફર્માંબરદારીમાં વ્યસ્ત રહેશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે બંદો એક હજાર વખત **يَا بَاقِی 'યા બાક઼ીયુ'**નો વિર્દ કરશે તે દરેક નુકસાન તથા રંજો ગમથી મુક્તિ પામશે.

# અલ્ વારિષ اَلْوَارِثُ

## (હક઼ીક઼ી માલિકીવાળો)

**સમજૂતી :** એ ઝાતે અક઼દસ કે સર્વ માલિકીઓ ફના પછી એની જ તરફ પલ્ટાઈને જશે અને એ જ રબ્બે ઝુલ જલાલ સર્વ મખ્લૂક઼ાતના નાશ પામ્યા બાદ બાક઼ી હશે અને દરેક ચીજ પલ્ટાઈને એની તરફ ચાલ્યી જશે. તે જ ફર્માવે છે : **لِمَنِ الْمُلْكُ الْيَوْمَ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ** "આજે બાદશાહી કોની છે? (કોઈની નથી)" પછી એ જ જવાબ આપે છે, **لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّار** "કેવળ અલ્લાહની છે જે એકલો અને અત્યંત ગ઼લ્બા તથા કહેરવાળો છે." *(સૂ. ગાફિર, આ–૧૬)*

અને હક઼્ક઼ તો એ છે કે એની બાદશાહી કેવળ ક઼યામતના દિવસે જ હશે નહીં, બલ્કે દૃષ્ટિવાળાઓ આ રબ્બાની નિદાને ખૂબ જ સારી પેઠે સમજે છે અને યક઼ીન ધરાવે છે કે રબ્બે ઝુલ જલાલ તથા ક઼હહારની બાદશાહી દરરોજ, દરેક ક્ષણે તથા દરેક જગાએ અને હમેશાંથી હમેશાં સુધી, કેવળ અને કેવળ એની જ જારી તથા લાગુ છે.

**દર્સ તથા સબક઼ :** નામ મુબારક *اَلْوَارِثُ* **'અલ્ વારિષ'**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે સાલિહીન તથા ઉલ્માએ રબ્બાનિયીનનો વારસ બને, અને પોતાને તેમનાં કથનો તથા અમલો અને હાલતોથી સંવારે તથા સજાવે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** એની ખાસિયત એ છે કે જો કોઈ અજંપા તથા બેચૈનીનો શિકાર હોય તો મગરિબ તથા

ઈશાની વચ્ચે يَا وَارِثُ **'યા વારિષુ'**નો વિર્દ કરે તો તેની બેચૈની દૂર થઈ જશે.

## અર્રશીદ الرَّشِيد
## (હિદાયત તથા ભલાઈનો માલિક)

**સમજૂતી** : તે ઝાતે અક્દસ (પવિત્ર જાત) જેની તદબીરો પોતાના હેતુઓ સુધી હમેશાં સહીહ અંદાઝથી જારી તથા ચાલુ રહે છે, અને તે પોતાની તદબીરોના લાગુ કરવામાં ન કોઈ સલાહકારનો મોહતાજ હોય છે અને ન કોઈ રાય સૂચવનારનો મોહતાજ હોય છે, કેમ કે એ તો રશીદ તથા હકીમ છે.

**દર્સ તથા સબક્** : નામ મુબારક الرَّشِيد **''અર્રશીદ''**થી બંદાના માટે દર્સ એ છે કે તે પોતાની તદબીરોમાં પોતાની હિદાયત તથા ભલાઈના પ્રમાણમાં દુરુસ્ત તથા મજબૂત રહે અને દીન તથા દુનિયાના મક્સદોમાં સીધા માર્ગ તથા સીધી કેડી પર રહે, અને કોઈ મોડ પર ટેઢી ચાલ તથા ભાગવાની વૃત્તિનો શિકાર ન બને.

**ફાયદાઓ તથા ખાસિયતો** : ઈશાની નમાઝ પછી જે શખ્સ يَارَشِيدُ **''યા રશીદ''**થી એકસો વાર પઢશે તેના અમલો ઈન્શાઅલ્લાહ ! મક્બૂલ થશે.

## અસ્સબૂર الصَّبُورُ
## (અતિશય સબ્ર તથા ધૈર્યવાળો)

**સમજૂતી** : સ્બૂર તે છે જે કામને અંજામ આપવામાં

ઉતાવળથી કામ નથી લેતો. અને કામનો સમય આવવાથી પહેલાં ઉતાવળાપણાને પ્રદર્શિત નથી કરતો. હા ! જ્યારે કામોનો સમય આવી જાય છે તો તેને કરવામાં મોડુ પણ નથી કરતો. બલ્કે એના થકી સર્વ કામો તેના સમય પર અંજામ પામે છે. ઉતાવળના કારણે એ કામોને આગળથી નથી કરતો, બલ્કે કામોનો જે તદ્દન સહીહ તથા યોગ્ય સમય હોય છે એ સમયે એ કામોને અંજામ આપે છે. અને જાહેર છે કે એની સામે એ કામોને અંજામ આપવામાં કોઈ ચીજ આડ નથી થઈ શક્તી. અને બંદાના સબ્રનો મામલો એ છે કે એણે ઘણી રુકાવટોનો સામનો કરવાનો હોય છે, એકબાજુ નફ્સાની ખ્વાહિશો પોતાની તરફ ખેંચે છે, બીજી બાજુ ઈસ્લામી તા'લીમ સબ્રની હિદાયત કરે છે. આ પ્રમાણે એ બંદાની સામે બે વિરોધાભાસી હરકતો ઉપસ્થિત થાય છે. જો તે ઈસ્લામી હિદાયતને મજબૂતીથી થામી લે અને નફ્સાની ઈચ્છાઓને દબાવી દે તો તે ''સબૂર'' થશે, અને રબ તઆલા બંદાઓની કમજોરીઓથી પાક છે, એટલા માટે (હક઼ીક઼ી) સબૂર તો તે જ છે, હા ! એની તૌફીક઼ તથા કરમથી અંબિયા عَلَيْهِمُ السَّلَام અને ખુદાની બારગાહના મહબૂબ બંદાઓ પણ ''સબૂર'' હોય છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **اَلصَّبُوْرُ** **''અસ્સ઼બૂર''**માં બંદાના માટે દર્સ એ છે કે સબ્રનો દામન થામી રાખીને ફર્માંબરદારીમાં વ્યસ્ત રહે અને ગુનાહોથી દૂર અને બચેલો રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : એના વિર્દથી બલાઓ દૂર થાય છે. જે શખ્સ સૂર્યોદય પહેલાં એકસો વાર એનું ઝિક્ર

કરશે તેને મુસીબત તથા પરેશાની લાગુ થશે નહીં.

**اللّٰهُمَّ اجْعَلْنَا مِنَ السُّعَدَاءِ المَحْظُوظِينَ مِنْ أَسْمَاءِ اللّٰهِ الحُسْنىٰ والمُتَأَسِّينَ بِأُسْوَةِ نَبِيِّنَا صلى الله تعالىٰ عليه وسلم بِهٰذا الصَّدَدِ وَصَلِّ اللّٰهُمَّ علىٰ حَبِيبِكَ المُصْطَفىٰ سَيِّدِنَا مُحَمَّدٍ رَسُولُ اللّٰهِ وَعَلىٰ آلِهِ وَصَحْبِهِ وَسَلَّمَ تَسْلِيماً كثِيراً**

**અલ્લાહુમ્મજ અલ્ના મિન્સ્સુઅદાઅિલ્ મહ્ઝૂઝીન મિન અસ્માઈલ્લાહિલ્ હુસ્ના વલ્મુતાસ્સીન બિવુસ્વતિ નબિય્યિના સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ બિહાઝસ્સદદિ વસલ્લિ અલ્લાહુમ્મ અલા હ઼બીબિકલ્ મુસ્તફા સૈયિદિના મુહમ્મદિર્રસૂલિલ્લાહિ વઅલા આલિહી વ સહબિહિ વ સલ્લિમ તસ્લીમન કષીરા.**

**ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

*૨૩–જમા. અવ્વલ હિ.સ. ૧૪૩૧, તા. ૯–૫–૨૦૧૦)*

# ઈસ્મે આ’ઝમ

અલ્લાહ ﷻના નવ્વાણુ અસ્માઉલ હુસ્ના (મુબારક નામો)નો ઝિક્ર કરવાથી દિલ તથા રૂહ અને ઈમાનને એક નવી તાજગી (શક્તિ) મળે છે. હવે ટૂંકાણમાં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાના ઈસ્મે આ'ઝમના બારામાં અમુક અક્વાલ (કથનો) રજૂ કરવામાં આવે છે. એ અસ્માએ હુસ્નામાં તે ક્યું નામ છે જેને ''ઈસ્મે આ'ઝમ'' કહેવામાં આવે છે ? એના અનુસંધાનમાં ઉમ્મતના ઉલમાની રાયો વિવિધ છે.

ઈમામ સિયૂતીએ الد المنظوم (અદ્દુરુલ્ મન્ઝૂમ)માં ''ઈસ્મે આ'ઝમ''ના નિશ્ચિત કરવા સંબંધે વીસથી વધુ કથનો લખ્યાં છે, એમાંથી અમુક આ પ્રમાણે છે :–

૦૧. અસ્માએ હુસ્નાનું દરેક મુક઼દ્દસ નામ ''ઈસ્મે આ'ઝમ'' છે. (અબુલ હસન અશ્અરી, અબૂ જઅફર તિબરી તથા ઈમામ માલિક વગેરે)

૦૨. એનો ઈલ્મ કેવળ અલ્લાહને જ છે, હા ! તેની અતાથી અંબિયા عليهم السلام તથા અન્ય તેની બારગાહના મહબૂબ બંદાઓને પણ હોય છે.

૦૩. هُوَ (હુવ) ''ઈસ્મે આ'ઝમ'' છે. (આ ક઼ૌલ ઈમામ રાઝી رضي الله عنهએ અમુક કશ્ફવાળાઓ થકી નક઼લ કર્યો છે.)

૦૪. ઈસ્મે આ'ઝમ اللّٰه ''અલ્લાહ'' છે. એટલા માટે કે એનો ઈત્લાક઼ ગૈરુલ્લાહ પર નથી થતો. (ગૈરુલ્લાહ માટે એ નથી બોલાતુ)

૦૫. ઈસ્મે આ'ઝમ :–

اللّٰهُ الرَّحمٰنُ الرَّحِيمُ "અલ્લાહુર્રહ્માનુર્રહીમ" છે.

૦૬. ઈસ્મે આ'ઝમ :–

الرَّحمٰنُ الرَّحِيمُ الحَىُّ القَيُّومُ "અર્રહમાનુર્રહીમુલ્ હૈયુલ્ કૈયૂમ" છે.

૦૭. ઈસ્મે આ'ઝમ الحَىُّ القَيُّومُ "અલ્હૈયૂલ કૈયૂમ" છે.

૦૮. ઈસ્મે આ'ઝમ :–

الحَنَّانُ المَنَّانُ بَدِيعُ السَّمٰوَاتِ وَالْأَرضِ ذُو الجَلالِ وَالإِكرَامِ

"અલ્ હન્નાનુલ મન્નનાનુ બદીઉસ્સમાવાતિ વલ્અર્દિ ઝુલ જલાલિ વલ્ઈકરામ" છે.

૦૯. ઈસ્મે આ'ઝમ :–

بَدِيعُ السَّمٰوَاتِ وَالْأَرضِ ذُو الجَلالِ وَالإِكرَامِ

"બદીઉસ્સમાવાતિ વલ્અર્દિ ઝુલ્જલાલિ વલ્ઈકરામ" છે.

૧૦. ذُو الجَلالِ وَالإِكرَامِ "ઝુલ જલાલિ વલ્ઈકરામ" એ ઈસ્મે આ'ઝમ છે.

૧૧.

اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْأَحَدُ الصَّمَدُ الَّذِى لَم يَلِدْ وَلَمْ يُولَدْ وَلَمْ يَكُنْ لَّهُ كُفُواً أَحد

"અલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવલ્ અહદુસ્સમદુલ્લઝી લમ્યીલદ વલમ્ યૂલદ વલમ્ યકુલ્લહુ કુફૂવન્ અહદ" આ ઈસ્મે આ'ઝમ છે.

આ કૌલને હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ અગ્રતા આપી છે. એમની દલીલ એ છે કે એના બારામાં જેટલી હદીષો આવી છે તેમનામાં જે સૌથી મજબૂત હદીષ સનદના લેહાઝથી છે તો આ જ છે.

૧૨. هُوَ اللّٰهُ الَّذِى لَا اِلٰهَ اِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ
''હુવલ્લાહુલ્લઝી લાઈલાહ ઈલ્લા હુવ રબ્બુલ્ અર્શિલ અઝીમ''

ઈમામ ફખ્રુદીન રાઝી رحمۃ اللہ علیہએ હઝરત ઝયનુલ આબિદીન رضی اللہ عنہથી રિવાયત કરી છે. હઝરત ઝયનુલ આબેદીન رضی اللہ عنہએ રબ તઆલાથી અર્ઝ કરી કે મને ઈસ્મે આ'ઝમની તા'લીમ અતા ફર્માવ. તો એમણે ખ્વાબમાં જોયું : هُوَ اللّٰهُ الَّذِى لَا اِلٰهَ اِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ એટલે કે આ કલેમા ઈસ્મે આ'ઝમ છે.

૧૩. ઈસ્મે આ'ઝમ અસ્માએ હુસ્નામાં છુપુ રાખવામાં આવેલ છે.

૧૪. اَللّٰهُمَّ ''અલ્લાહુમ્મ'' ઈસ્મે આ'ઝમ છે.

૧૫. مَالِكُ الْمُلْكِ ''માલિકુલ મુલ્ક'' ઈસ્મે આ'ઝમ છે.

એના સિવાય અન્ય પણ ઘણા કથનો છે. કયુ કથન અધિક સહીહ તથા પસંદીદા છે, એના બારામાં પણ વિવિધ રિવાયતો છે.

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું : અલ્લાહ ﷻના ઈસ્મે આ'ઝમની ખાસિયત એ છે કે જ્યારે એના થકી દુઆ કરવામાં આવે છે તો કબૂલ થાય છે,

અને જ્યારે એના વસીલાથી માગવામાં આવે છે તો મળે છે. આ ઈસ્મે આ'ઝમ ત્રણ સૂરતોમાં જોવા મળે છે : સૂરએ બક઼રહ, સૂરએ આલે ઈમરાન અને સૂરએ તાહામાં.

અબૂ જઅફર દમિશ્કી ફર્માવે છે : મેં એ સૂરતોમાં વિચારણા ચિંતન કર્યું તો એ પરિણામે પહોંચ્યો કે આ ત્રણ સૂરતોમાં આ ત્રણ સ્થાનો તે છે જેમાં અલ્લાહ ﷻનું ઈસ્મે આ'ઝમ છે.

**૦૧.** આયતુલ કુર્સીનો આ હિસ્સો :–

**اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَيُّوْمُ** ''અલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવલ્ હૈયૂલ કૈયૂમ.'' *(સૂરએ બક઼રહ, આ. ૨૫૫)*

**૦૨.** આલે ઈમરાનમાં : **الٓمّٓ، اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَيُّوْمُ** ''અલિફ–લામ–મીમ. અલ્લાહુ લાઈલાહ હુવલ હૈયૂલ કૈયૂમ.'' *(સૂરએ આલે ઈમરાન, આ. ૧)*

**૦૩.** સૂરએ તાહામાં **وَعَنَتِ الْوُجُوْهُ لِلْحَیِّ الْقَيُّوْمِ** ''વઅનતિલ્ વુજૂહુ લિલ્હૈયુલ કૈયૂમ.'' *(સૂરએ તાહા : આ. ૧૧૧)*

આ ત્રણેવ સ્થળે **الْحَیُّ الْقَيُّوْمُ** ''અલ્હૈયૂલ કૈયૂમ'' જોવા મળે છે, એ જ ઈસ્મે આ'ઝમ છે. પણ અબૂ જઅફર દમિશ્કીની રાય એનાથી અલગ છે, તે ફર્માવે છે : મારી નજીક સહીહ એ છે કે ઈસ્મે આ'ઝમ **اللّٰه** ''અલ્લાહ'' છે. *(સઆદતુદ્દારૈન, પેજ : ૫૩૬)*

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہથી મરવી છે કે આપે ફર્માવ્યું, ઈસ્મે આ'ઝમ **اللّٰه** ''અલ્લાહ'' છે. શું તમે નથી જોતા કે **الرَّحْمٰن** ''અર્રહ્માન'' રહ્મતથી બનેલ છે અને **رَبّ** ''રબ'' રબૂબિયતથી બન્યું છે, અને **اللّٰه** ''અલ્લાહ'' કોઈનાથી નથી

બન્યો. *(સઆદતુદ્દારૈન, પેજ : ૫૩૬)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે, નબી ﷺએ ફર્માવ્યું : આસિફ બિન બર્ખિયાએ જે ઈસ્મે આ'ઝમના વસીલાથી દુઆ કરી હતી તે **يَا حَيُّ يَا قَيُّومُ** "યા હૈયૂ યા કૈયૂમ" છે. *(સઆદતુદ્દારૈન, પેજ : ૫૩૪)*

અબૂ જઅફર તહાવીએ (મુશ્કિલુલ્ આષર)માં ફર્માવ્યું : ઈસ્મે આ'ઝમ **اللّٰه** "અલ્લાહ" છે. અને અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہની હદીષથી દલીલ પેશ કરી. તે હદીષ આ છે : હઝરત અસ્મા વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે ઈસ્મે આ'ઝમ આ બે આયતોમાં છે :–

૧. **وَإِلٰهُكُمْ إِلٰهٌ وَاحِدٌ لَا إِلٰهَ إِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيمُ**

*–(સૂરએ બક્રહ, આ. ૧૬૩)*

૨. **اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ** *(સૂરએ બક્રહ, આ. ૨૫૫)*

આ બંનેવ આયતોમાં **الْحَيُّ يَا قَيُّومُ** (અલ્હૈયુલ કૈયૂમ) કેવળ એક આયતમાં છે, જેનો તકાઝો એ છે કે ઈસ્મે આ'ઝમ **لَا إِلٰهَ إِلَّا اللّٰهُ هُوَ** "લા ઈલાહ ઈલ્લા હુવ" હોય.

ઈમામ માલિકે પોતાની મોઅત્તામાં એ હદીષ રિવાયત કરી કે નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, સૌથી અફઝલ જે મેં તથા મારાથી પહેલાં અંબિયાએ કહ્યું તે **لَا إِلٰهَ إِلَّا اللّٰهُ** "લાઈલાહ ઈલ્લલ્લાહ" છે.

સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہએ અગ્રતા આપી છે કે ઈસ્મે આ'ઝમ **اللّٰه** "અલ્લાહ" છે. *(સઆદતુદ્દારૈન, આ. ૫૪૨)*

હઝરત આઈશા સિદ્દીકા رحمۃ اللہ علیہથી મરવી છે, તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા :

**اَللّٰهُمَّ إِنِّى أَسْأَلُكَ بِاسْمِكَ الطَّاهِرِ الْمُبَارَكِ الْاَحَبِّ إِلَيْكَ الَّذِى إِذَا دُعِيتَ بِهِ أَجَبْتَ وَ إِذَا سُئِلْتَ بِهِ أَعْطَيْتَ وَإِذَا اسْتُرْحِمْتَ بِهِ رَحِمْتَ وَ إِذَا اسْتُفْرِجْتَ بِهِ فَرَّجْتَ**

''હે અલ્લાહ ! હું તારા આ પાક મુબારક અને તારા સૌથી પ્રિય નામના વાસ્તાથી સવાલ કરું છું. તે નામ જેના વસીલાથી જ્યારે દુઆ કરવામાં આવે છે તો તું કૂબૂલ ફર્માવે છે અને જ્યારે સવાલ કરવામાં આવે છે તો અતા ફર્માવે છે, જ્યારે એના વાસ્તાથી રહ્મ માગવામાં આવે છે તો રહ્મ ફર્માવે છે, અને જ્યારે એના વસીલાથી પરેશાની તથા મુસીબત ટાળવાની દુઆ કરવામાં આવે છે તો મુસીબત તથા પરેશાની દૂર ફર્માવી આપે છે.''

હઝરત આઈશા رضی اللہ عنہا આગળ ફર્માવે છે કે એક દિવસ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે આઈશા ! શું તમને ખબર છે કે અલ્લાહ તઆલાએ મને એ ઈસ્મે આ'ઝમનો ઈલ્મ અતા કરી આપ્યો છે જેના વસીલાથી દુઆ કૂબૂલ થાય છે ?! ફર્માવે છે : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ આપ પર કુર્બાન ! આપ મને પણ ઈસ્મે આ'ઝમ શીખવાડી દો ! હુઝૂરે ફર્માવ્યું, હે આઈશા ! તારા માટે એ મુનાસિબ નથી. હું દૂર હટી ગઈ અને થોડીવાર બેસી રહી, પછી ઉઠીને હુઝૂરની પાસે આવી અને આપના સર મુબારકનો બોસો લીધો પછી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને પણ ઈસ્મે આ'ઝમ અતા ફર્માવી દો.

હુઝૂરે ફર્માવ્યું, હે આઈશા ! તમારા માટે મુનાસિબ નથી. તમારા માટે એ મુનાસિબ નથી કે ઈસ્મે આ'ઝમ થકી ક્યાંક તમે કોઈ દુનિયાની ચીજ માગી બેસો.

સીરતુન્નબી ﷺનો અભ્યાસ કરનાર દરેક શખ્સ જાણે છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી આપણા નબી علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત અન્ય અઝવાજે મુતહ્હરાત ઉમ્મહાતુલ મો'મિનીન કરતાં ખૂબ જ અધિક હતી તેમ છતાં સરકાર ﷺએ તેમને ઈસ્મે આ'ઝમ ન બતાવ્યું, જેનાથી ઉમ્મતે મુહમ્મદિયહ્ને એ દર્સ મળે છે કે ઈસ્મે આ'ઝમને સેગાએ રાઝમાં રાખવું જ બેહતર છે કે ક્યાંક કોઈ એનો અસ્થાને ઉપયોગ ન કરી બેસે. બીજી હિકમત એ છે કે કોઈ એક જ નામ મુબારક પર આધાર તથા સીમા ન કરી લેવામાં આવે બલ્કે સર્વ અસ્માઉલ હુસ્નાથી લગાવ રાખવામાં આવે, કેમ કે સર્વ મુબારક નામો બરકતોનું ઉગમ સ્થાન તથા ફયઝોનું ઉદ્ભવ સ્થાન છે.

રબ તઆલા પોતાના અસ્માએ હુસ્નાની નૂરાનિયતથી આપણી દુનિયા, આપણી બરઝખ તથા આપણી આખેરતને મુનવ્વર ફર્માવે.

اَللّٰھُمَّ نَوِّرْ دُنْیَانَا وَبَرْزَخَنَا وَآخِرَتَنَا بِأَسْمَائِكَ الْحُسْنٰی
وَصِفَاتِكَ الْعُلٰی وَبِحَبِیْبِكَ الْمُصْطَفٰی صلی اللّٰہ تعالٰی علیه
وسلم وَبِجَمِیْعِ أَنْبِیَائِكَ الْأَحِبَّاءِ عَلَیْھِمُ السَّلام وَصَلِّ وَسَلِّمْ
وَبَارِكْ عَلَیْھِمْ وَعَلٰی ذَوِیْھِمْ وَعَلٰی آلِھِمْ أَجْمَعِیْن، آمین

**–ઈફ્તેખાર અહમદ ક઼ાદરી**

૨૬ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૧

યા ઈલાહી ! હર જગહ તેરી અતાકા સાથ હો
જબ પળે મુશ્કિલ શહે મુશ્કિલ કુશા કા સાથ હો
યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅ કી તકલીફ કો
શાદી એ દીદારે હુસ્ને મુસ્તફાકા સાથ હો
યા ઈલાહી ! ગોરે તિરાહ કી જબ આએ સખ્ત રાત
ઉનકે પ્યારે મુંહકી સુબ્હે જાં ફિઝા સાથ હો
યા ઈલાહી ! જબ પળે મહેશરમેં શૌરે દારોગીર
અમ્ન દેનેવાલે પ્યારે પેશ્વા કા સાથ હો
યા ઈલાહી ! જબ ઝબાને બાહર આએં પ્યાસ સે
સાહિબે કૌષર શહે જૂદો અતાકા સાથ હો
યા ઈલાહી ! ગર્મીએ મેહશ્ર સે જબ ભળકે બદન
દામને મહબૂબ કી ઠંડી હવાકા સાથ હો
યા ઈલાહી ! નામએ આમાલ જબ ખુલને લગે
ઐબ પોશે ખલ્ક સત્તારે ખતાકા સાથ હો
યા ઈલાહી ! જબ બહેં આંખેં હિસાબે જુર્મ મેં
ઈન તબસ્સુમ રેઝ હોટોં કી દુઆકા સાથ હો
યા ઈલાહી ! રંગ લાએં જબ મેરી બે બાકિયાં
ઈનકી નીચી નીચી નઝરોંકી હયાકા સાથ હો
યા ઈલાહી ! જબ ચલૂં તારિક રાહે પુલસિરાત
આફતાબે હાશ્મી નુરુલહુદાકા સાથ હો
યા ઈલાહી ! જબ શરે શમશીર પર ચલના પળે
રબ્બે સલ્લિમ કેહનેવાલે ગમ ઝુદા કા સાથ હો
યા ઈલાહી ! જો દુઆએં નેંક હમ તુઝસે કરેં
કુદસિયોંકે લબસે આમીન રબ્બના કા સાથ હો
યા ઈલાહી ! જબ **'રઝા'** ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ
દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા કા સાથ હો